વર્ષ : ૬૬ ■ અંક : ૧૪ ■ તા.૧૬-૦૭-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## સેમિકન્ડક્ટર ક્ષેત્રે સાણંદની હેટ્રિક

### અત્યાધુનિક સીજી સેમિકોનના OSAT પ્લાન્ટનો શુભારંભ



# ભારે વરસાદ દરમિયાન

## રાખવાની કાળજી

### શું કરવું

- અનિવાર્ય હોય તો જ ઘરની બહાર નીકળવું
- મોબાઈલ ફોન અને અન્ય ઉપકરણો સંપૂર્ણ ચાર્જ કરેલા રાખવાં
- ટોર્ચ, બેટરી તથા જરૂરી દવાઓ વગેરે બધું હાથવગું રાખવું
- પાણી ભરાવાની શક્યતા હોય તો મહત્ત્વના દસ્તાવેજો સુરક્ષિત જગ્યાએ રાખવા
- નીચાણવાળા વિસ્તારોમાંથી જરૂર પડે ત્યારે સલામત સ્થાને સ્થળાંતર માટે તૈયાર રહેવું
- વીજળીના થાંભલા, તૂટેલા વાયર અને જોખમી વિસ્તારોથી દૂર રહેવું
- હવામાન વિભાગ અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવું

### શું ન કરવું

- પાણી ભરાયેલા રસ્તા અને નાળા પરથી પસાર થવાનો પ્રયાસ ન કરવો
- વહેતા પાણીમાં વાહન ચલાવવું કે ચાલીને જવું નહીં
- અફવાઓ પર વિશ્વાસ ન કરવો અને ખોટી માહિતી ફેલાવવી નહીં
- વીજ ઉપકરણોને ભીના હાથથી સ્પર્શ ન કરવો
- વૃક્ષો, વીજ થાંભલા અથવા જોખમી માળખાની નીચે ઊભું ન રહેવું
- બાળકોને પાણી ભરાયેલા વિસ્તારોમાં ન જવા દેવાં
- પૂરગ્રસ્ત વિસ્તારોમાં અનાવશ્યક પ્રવાસ ન કરવો

**સુરક્ષિત રહો, સાવચેત રહો!**

**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 66 ◆ Issue : 14 ◆ Date : 16 - 7 - 2026

તંત્રી : કે. એલ. બચાણી
સહતંત્રી : ડૉ. સંજય કચોટ
કાર્યવાહક તંત્રી : જયેશ દવે
સંપાદક : મનીષા વાઘેલા
સહસંપાદક : બેલા મહેતા, ડૉ. લૉઇસ ક્રિશ્ચિયન, નીરવ રાવલ
કલાનિર્દેશક : જસ્મીન દવે
લેઆઉટ ડિઝાઇન : મૌલિક એમ. રાજપૂત
વિતરણ વિભાગ : મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

'ગુજરાત' પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી

વિતરણ : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
ફરિયાદ એડ્રેસ : gujaratpaxik1@gmail.com

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦. ◆ ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

વાર્ષિક લવાજમ ₹ ૫૦-૦૦ ◆ 48 + 4 Cover = Total 52

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

'ગુજરાત' પાક્ષિકનું ઓનલાઇન લવાજમ ભરવા માટે આ QR કોડ સ્કેન કરો.

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવીને ભરી શકાશે.
- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- 'ગુજરાત' પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લૉટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

**માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત**

# શબ્દશઃ



- વૈશ્વિક સ્તરે સેમિકન્ડક્ટર ક્ષેત્રે હરણફાળ ભરવાની સાથે દેશના નાનામાં નાના માણસની ચિંતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની ખરી સંવેદનશીલતા છે.
- આધ્યાત્મિકતા અને આધુનિકતાના સમન્વયથી જ લોકકલ્યાણનો નવો માર્ગ કંડારાશે.
- સૌના સંકલિત અને નિષ્ઠાપૂર્વકના પ્રયાસોથી વિકસિત ગુજરાતનું નિર્માણ અવશ્ય થશે જ.
- આરોગ્યક્ષેત્રે માત્ર વ્યવસાય નહીં, પરંતુ માનવસેવાનું શ્રેષ્ઠ માધ્યમ છે.
- રેવન્યૂ તલાટી મહેસૂલ તંત્રની કરોડરજ્જુ છે.
- તકલીફમાં હોય તેવા લોકોનાં કામ સરળતાએ પાર પાડીએ તો તેમના આશીર્વાદ ઈશ્વરના આશીર્વાદ સમાન છે.
- છેવાડાના વંચિત માનવીને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવીને જ 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'નું સપનું સાકાર થશે.
- ગુજરાતે દેશના રોલ મૉડલ તથા વેપાર-ઉદ્યોગક્ષેત્રે વૈશ્વિક રોકાણોથી વિકાસની જે ખ્યાતિ મેળવી છે તેમાં શાંતિ અને સલામતીના પ્રહરી પોલીસદળનો સિંહફાળો છે.
- "પહેલું સુખ તે જાતે નર્યા" અને "પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યૉર"ના સંદેશને જીવનમાં ઉતારવાની જરૂર છે.
- નિષ્ઠા અને પ્રામાણિકતાથી કામ કરનારાઓની સાથે સરકાર હંમેશાં ઊભી રહે છે.
- સૌ સાથે મળીને ગુજરાતને શાંતિ અને સલામતીપૂર્ણ રીતે વધુ સંગીન અને ગૌરવશાળી બનાવીએ.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

**આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'ગુજરાત' પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો. યોગ્યતા અનુસાર તેને 'ગુજરાત' પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.**

## આકર્ષણ




૬ પ્રતિભાવ





૭ સમાધાન






૦૮ કવર સ્ટોરી






૧૬ વાઇબ્રન્ટ ગુજરાત





૨૩ જનસુખાકારી

૨૬ નીતિ પરાયણ
૨૮ સમીક્ષા
૩૦ વિકાસયાત્રા
૩૬ સિદ્ધિ
૩૭ ચિત્રવીથિકા
૩૮ વિકાસદર્પણ
૩૯ સમાચાર વિશેષ
૪૦ નિર્ણય
૪૪ સ્વદેશી
૪૫ અવનવું
૪૬ ઝૂમ-ઈન
૪૭ પ્રેરણા
૪૮ ક્વિઝ કોર્નર
૪૯ જાણકારી
૫૦ શબ્દયાત્રા

# આકાશ અને વિકાસની વર્ષામાં ભીંજાતું ગુજરાત...



**'ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઊગ્યું રે વરસાદ ભીંજવે...'**

ગુજરાતમાં ચોમેર વરસતો વરસાદ કવિ શ્રી રમેશ પારેખની આ પંક્તિઓની યાદ તાજી કરાવે છે. જોકે, ગુજરાત એવું ભાગ્યશાળી રાજ્ય છે કે જ્યાં ચોમાસામાં તો આકાશી વરસાદ મન મૂકીને વરસે જ છે, સાથોસાથ છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી ગુર્જરવાસીઓ સતત અને અવિરત વિકાસની વર્ષામાં પણ ભીંજાઈ રહ્યાં છે.

તાજેતરમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાણંદમાં સીજી સેમિ-આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર ઍસેમ્બ્લી ઍન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીના કરેલા ઉદ્‌ઘાટનના કારણે ગુજરાત સેમિકન્ડક્ટરના વૈશ્વિક મૅપ પર ચમકશે એટલું; જ નહીં, દૈનિક ૧.૫ કરોડ ચિપ્સની ક્ષમતા સાથે આગામી પાંચ વર્ષમાં ૫,૦૦૦થી વધુ રોજગારીની તકોના સર્જનનું સાક્ષી બનશે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે સાણંદની હૅટ્રિકના અવસરે વડાપ્રધાનશ્રીએ રૂ. ૭,૬૦૦ કરોડના સીજી સેમિકોનના કૉમર્શિયલ ઉત્પાદનના અત્યાધુનિક OSAT પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો.

વડાપ્રધાનશ્રીની જેમ જ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ જ્યારે પણ ગુજરાતની મુલાકાતે આવે ત્યારે લોકોને મળતી સુવિધાઓમાં હંમેશાં વધારો નોંધાતો રહ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ પ્રવાસ દરમિયાન ગાંધીનગરમાં પર્યાવરણ-મિત્ર એવી 'PM eBus Sewa'ના શુભારંભ સાથે વૃક્ષ ઉછેરનો ઐતિહાસિક લક્ષ્યાંક નિર્ધારિત કરવા માટે વિશેષ બેઠક અને 'પીએમ ફૅમિલી ટ્રૅકર' તથા 'હેલ્થ પાસપોર્ટ'-સેવાનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદમાં કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીએ દેશની સર્વપ્રથમ સહકારી ટેક્સી-સેવા 'ભારત ટેક્સી'નો ગુજરાતનાં ૧૪ મુખ્ય શહેરોમાં શુભારંભ કરાવ્યો.


વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નવી દિશા મળી. મહેસાણા, રાજકોટ અને સુરત એમ ત્રણ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સિસ (VGRC)ની સફળતા બાદ હવે, મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાઓને આવરી લેતી VGRCમાં આ વિસ્તારોના ઔદ્યોગિક વિકાસની નવી તકો અને ભાગીદારીને મંચ આપવામાં આવ્યો છે. અહેવાલ મુજબ, અત્યાર સુધી યોજાયેલી ત્રણ VGRCમાં કુલ ૯,૪૯૯ MoU દ્વારા અંદાજે રૂ. ૧૩.૩૦ લાખ કરોડનાં રોકાણો માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. વડોદરામાં મધ્ય ગુજરાતની આ VGRCમાં સમગ્રતયા રૂપિયા ૩ લાખ ૩૪ હજાર કરોડથી વધુ રોકાણોના ઈરાદા સાથે ૩,૭૫૯ MoU થયા છે. આના પરિણામે આવનારા દિવસોમાં રાજ્યમાં ૧ લાખ ૯૭ હજાર રોજગારીની તકો ઊભી થવાની સંભાવના છે.

ગુજરાતમાં ઉદ્યોગની સાથે કૃષિ પણ વિકાસનું ચાલકબળ છે. એટલે જ ખેતરોમાંથી પસાર થતી વીજલાઈન માટે વીજટાવર ઊભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના આવા ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે. ખેડૂતો પ્રત્યેની સરકારની સંવેદનશીલતા અને જવાબદારીના પરિણામે આ નિર્ણયના માત્ર ૨૪ કલાક જેટલા સમયમાં જ વિગતવાર પરિપત્ર સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યો છે. આવા જનહિતલક્ષી નિર્ણયો અને અવિરત વિકાસની વિશેષ માહિતી સાથે પ્રસ્તુત અંક વાચકોને ગમશે જ એવો વિશ્વાસ છે.

**- કે. એલ. બચાણી,** આઈ.એ.એસ.
**માહિતી કમિશનર**

# ઉઠાવો કલમ પ્રતિભાવ

## વાચકોના વિચારો.. અમારા પ્રેરણાસ્રોત





**'ગુજરાત' પાક્ષિકના આગામી અંક માટે વાચકોએ 'ગુજરાત' અંગે પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં મોકલવા વિનંતી.**

gujaratmagazine@gmail.com

બ્લોક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર



'ગુજરાત' પાક્ષિકનું નિયમિત વાચન આપણી સામાન્ય સમજને વધારવાની સાથે રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ મૅગેઝિન વાંચવા માટે આપણે મિત્રવર્તુળમાં ફેરવીએ છીએ ત્યારે સમાજમાં દેશ પ્રત્યેની જવાબદારી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ પ્રત્યેની સમજ સુદૃઢ બને છે. આ મૅગેઝિનમાં સરકારી યોજનાઓ અને પ્રગતિનાં કાર્યો સચોટ અને સરળ ભાષામાં રજૂ કરવામાં આવે છે. સામાન્યમાં સામાન્ય માણસ પણ તેને સરળતાથી સમજી શકે છે. આ સરળ શૈલી વાચકોને જ્ઞાન આપવાની સાથે-સાથે તેમનામાં સકારાત્મક વિચારસરણીનો વિકાસ કરે છે. ટૂંકમાં, 'ગુજરાત' પાક્ષિક સમાજમાં જાગૃતિ, શિક્ષણ અને દેશપ્રેમ ફેલાવવાનું એક સશક્ત અને સફળ માધ્યમ છે..

- મનીષ ગાંગાણી (અમરેલી)

'ગુજરાત' પાક્ષિક ગુજરાતની વિકાસયાત્રાનો એવો ઝળહળતો દીપક છે, જે અજ્ઞાનતાના અંધકારને ભેદીને પારદર્શિતાનો માર્ગ કંડારે છે. રાજ્યના ખૂણે ખૂણે, જ્યાં આ પાક્ષિક પહોંચે છે ત્યાં, તે સરકાર અને પ્રજા વચ્ચે સેતુ તરીકે કામ કરે છે. જ્યારે કોઈ ગ્રામીણ ખેડૂત કે શ્રમિક આ પાક્ષિકના પાને પોતાની પ્રગતિને નિહાળે છે, ત્યારે તેની આંખોમાં એક નવો વિશ્વાસ છલકાઈ ઊઠે છે. ખરેખર, જ્ઞાનનું આ અજવાળું જ ગુજરાતને સર્વાંગી વિકાસના શિખરે બિરાજમાન કરી રહ્યું છે. 'ગુજરાત' પાક્ષિક એટલે સત્ય, વિકાસ અને લોકશાહીનું જીવંત પ્રતિબિંબ.

- નયન મોર (સુરત)

આનર્ત, શર્યાતિ, રૈવતથી ઉદ્ભવેલ હું ધરા ગુર્જર છું,
કૃષ્ણે કંડારેલી પવિત્ર ભોમ હું! હા, હું ગુજરાત છું!

મૌર્યની મહાનતા છું, ક્ષત્રપ-શકની સમૃદ્ધિ છું,
ગુપ્તોની ગતિમાન ગાથા છું! હા, હું ગુજરાત છું!

વનરાજનું વિરાટ અણહિલપુર છું, ભીમદેવનું સાહસ છું,
સિદ્ધરાજની સિદ્ધિ છું! હા, હું ગુજરાત છું!

વલ્લભીનો ચિતાર છું, સિદ્ધહેમનું જ્ઞાન છું,
મયણલ્લાનો ન્યાય ને નાયકાની શૂરવીરતા છું! હા, હું ગુજરાત છું!

વસ્તુપાળ ને તેજપાળનો સુવર્ણકાળ છું, રાયકરણનો છેલ્લો પાટ છું,
હમીરજીની હિંમત છું! હા, હું ગુજરાત છું!

અહમદશાહનો અમર ઈતિહાસ છું,
મુઘલી ફોજને ધમારતો ભૂચર મોરી છું! હા, હું ગુજરાત છું!

નરસિંહની ભક્તિ છું, નર્મદની શક્તિ છું, કરસનદાસની ક્રાંતિ છું,
મેઘાણીનું ઝીલણ છું, સોરઠ ધરણી સંપદા છું! હા, હું ગુજરાત છું!

ગાંધીના સત્યની અખંડ આંધી છું, સરદારની છપ્પનની છાતી છું,
કૃષ્ણકુમારજીનું કઠણ કાળજું છું! હા, હું ગુજરાત છું!

- મહેશ વંશ (ગીર સોમનાથ)

# ૩૦ વર્ષ જૂના નર્મદા-વિવાદનો અંત

## ચાર રાજ્યો વચ્ચે ઐતિહાસિક MoU



યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં જળ-સુરક્ષાને સુદૃઢ કરવા અને જળક્ષેત્રે સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવા માટે અનેક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. આ જ કડીમાં દેશના યશસ્વી કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિ અને મધ્યસ્થતા હેઠળ નર્મદા જળનાં લાભાર્થી રાજ્યો વચ્ચે પાછલા ચાર દાયકાઓથી ચાલતો વિવાદ ઉકેલાયો છે. તેમની વચ્ચે બાકી ચુકવણીના નિકાલ અંગે એક ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્મા અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે આ વન-ટાઈમ સેટલમેન્ટ કરાર પર હસ્તાક્ષર કરીને વર્ષોજૂના વિવાદનો સૌહાર્દપૂર્ણ અંત આણ્યો છે. આ સાથે જ દરેક રાજ્યે ગુજરાતને પ્રતિ રાજ્ય ૫૫૦ કરોડ લેખે કુલ ૧૬૫૦ કરોડ રૂપિયા ચૂકવવા સહમતી દર્શાવી છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દાર્શનિક નેતૃત્વમાં દેશનાં વિવિધ રાજ્યોમાં ડબલ એન્જિન સરકાર કાર્યરત થતાં પરસ્પર સમજણ વધી છે, જેના પરિણામે લાંબા સમયથી અટકેલા જળ-વિવાદો ઝડપથી ઉકેલાઈ રહ્યા છે. પાડોશી રાજ્યોની સમૃદ્ધિ રાષ્ટ્રની સમૃદ્ધિ છે અને પાણીનો ઉપયોગ દેશના કોઈ પણ ખૂણે થાય તેનાથી લાભાન્વિત થનાર પ્રત્યેક વ્યક્તિ ભારતીય જ છે.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ચારેય રાજ્યોને સાથે રાખીને પરસ્પર સહમતીથી ઉકેલ આણ્યો છે. આ કારણસર રાજ્યો વચ્ચે પાણીની યોજનાને લઈને નવી શરૂઆત થશે.

આ ઐતિહાસિક સમજૂતીથી ગુજરાત રાજ્યને ખૂબ જ મોટો ફાયદો થશે. સરદાર સરોવર પરિયોજનાના નિર્માણ-ખર્ચની વહેંચણી અને પડતર લેણાં અંગે ચાલતા આ વિવાદના કાયમી ઉકેલથી ગુજરાતનાં હિતોનું રક્ષણ થયું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની દીર્ઘદૃષ્ટિપૂર્ણ પહેલના કારણે ગુજરાત માટે તેના હકના નાણાકીય સેટલમેન્ટનો માર્ગ મોકળો બન્યો છે. સરદાર સરોવર ડૅમ પૂર્ણ થવાથી ગુજરાતના ગામેગામ અને છેવાડાના ખેડૂતો સુધી નર્મદાનાં નીર અને વીજળી પહોંચી ચૂક્યાં છે, ત્યારે આ વન-ટાઈમ સેટલમેન્ટ અંતર્ગત આંતર-રાજ્ય નાણાકીય પ્રશ્નો ઉકેલાતાં સરદાર સરોવર પરિયોજનાનું વ્યવસ્થાપન વધુ સુદૃઢ બનશે. સાથે-સાથે સરદાર સરોવરની નાણાકીય સ્થિતિ મજબૂત બનશે. જળ-વ્યવસ્થાપનમાં ઊભા થતા અવરોધો દૂર થતાં ગુજરાતના કૃષિ, ઉદ્યોગ અને પીવાના પાણીની ક્ષમતામાં ઉત્તરોત્તર વધારો થશે, જે રાજ્યના સર્વાંગી વિકાસ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને ગૃહમંત્રીશ્રીના કુશળ નેતૃત્વ હેઠળ લેવાયેલો આ નિર્ણય સહકારી સંઘવાદનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.



# સેમિકન્ડક્ટર ક્ષેત્રે સાણંદની હેટ્રિક

## અત્યાધુનિક સીજી સેમિકોનના OSAT પ્લાન્ટનો શુભારંભ



"ભારતની સેમિકન્ડક્ટર યાત્રા માટે આ એક ઐતિહાસિક દિવસ છે; સાણંદમાં CG SEMI OSAT સુવિધા ચિપ ઉત્પાદન ઈકોસિસ્ટિમને મજબૂત કરશે, તકનીકી આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપશે અને વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યૂ-ચેઈનમાં ભારતનું સ્થાન મજબૂત કરશે."

"સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ ઝડપી ગતિ પકડી રહ્યો છે; સ્ટેપ બાય સ્ટેપ, બ્રિક બાય બ્રિક, ચિપ બાય ચિપ."

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**



સ્માર્ટફોનથી લઈને ઇલેક્ટ્રિક વાહનો તેમજ સંરક્ષણ સંબંધિત ઉપકરણો માટે સેમિકન્ડક્ટર ચિપ્સ ખૂબ જ જરૂરી છે. વૈશ્વિક ટૅક્નોલૉજીના ક્ષેત્રમાં સેમિકન્ડક્ટર ક્ષેત્ર વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં ‘મેઇક ઇન ઇન્ડિયા’ થકી આત્મનિર્ભર ભારતના નિર્માણ પર ભાર મૂક્યો છે. સેમિકન્ડક્ટર્સના વ્યૂહાત્મક મહત્ત્વને સમજીને આ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશથી વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ભારતમાં ‘ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM)’ની શરૂઆત કરવામાં આવી છે. આ મિશનનો મુખ્ય હેતુ દેશમાં સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન (ચિપ ઉત્પાદન) અને ડિસ્પ્લે ઉત્પાદન-ક્ષમતાને મજબૂત બનાવવાનો તેમજ આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો છે.

સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટેના વડાપ્રધાનશ્રીના વિઝનને ધ્યાનમાં રાખીને ગુજરાત ભારતનું અગ્રણી સેમિકન્ડક્ટર હબ બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં આ ક્ષેત્ર માટે સમર્પિત સેમિકન્ડક્ટર પૉલિસી લૉન્ચ કરવામાં આવી. આવી પૉલિસી શરૂ કરનારું પણ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. ગુજરાતમાં ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ છ મોટા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. આ તમામ છ પ્રોજેક્ટ્સમાં મળીને અંદાજે રૂ.૧.૨૪ લાખ

## પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ

- બંને પ્લાન્ટ્સ મળીને પૂર્ણ ક્ષમતા પર પહોંચ્યા બાદ વાર્ષિક ૫ અબજ અને દૈનિક ૧.૫ કરોડ ચિપ્સનું ઉત્પાદન થશે.
- આ પ્રોજેક્ટમાં સીજી પાવર એન્ડ ઇન્ડસ્ટ્રિયલ સોલ્યુશન્સ લિમિટેડની સબસિડરી સીજી સેમી, જાપાનની રેનેસાસ ઇલેક્ટ્રોનિક્સ અને થાઇલેન્ડની સ્ટાર માઇક્રો-ઇલેક્ટ્રોનિક્સ વચ્ચે સંયુક્ત ભાગીદારી છે.
- પ્લાન્ટમાં હાલમાં ૩૦૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે, જ્યારે આગામી ૫ વર્ષમાં ૫,૦૦૦ સીધી અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન થશે.
- પ્લાન્ટમાં QFN અને QFP જેવી લિગેસી ચિપ્સ તેમજ અત્યાધુનિક FC-BGA અને FC-CSP ચિપ્સનું નિર્માણ થશે, જે ઑટોમોટિવ, ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ડસ્ટ્રિયલ સાધનો, 5G કમ્યુનિકેશન અને પાવર એપ્લિકેશન ક્ષેત્રની જરૂરિયાતોને પૂર્ણ કરશે.



કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે, અને તેમના થકી ગુજરાતમાં આશરે ૫૦,૦૦૦થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીઓનું સર્જન થવાની અપેક્ષા છે. તેનાથી ભારતની સેમિકન્ડક્ટર ઉત્પાદન-ક્ષમતા વધુ મજબૂત થશે.

ગુજરાતમાં મંજૂર થયેલા છ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ, માઇક્રોન ટેક્નોલૉજી, CG પાવર એન્ડ ઇન્ડસ્ટ્રિયલ સૉલ્યુશન્સ, કેઇન્સ સેમિકોન, 'સુચી' સેમિકોન અને ક્રિસ્ટલ મૅટ્રિક્સનો સમાવેશ થાય છે. માઇક્રોન ટૅક્નોલૉજી અને કેઇન્સ સેમિકોને સાણંદ GIDC ખાતે તેમની આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર ઍસેમ્બ્લી એન્ડ ટેસ્ટ (OSAT) સુવિધાઓ સ્થાપીત કરી છે. વડાપ્રધાનશ્રી દ્વારા આ વર્ષના ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં અનુક્રમે માઇક્રોન ટૅક્નોલૉજી અને કેઇન્સ સેમિકોનના પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સાણંદમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે હેટ્રિક કરતાં તાજેતરમાં

> **પહેલાં પ્રોડક્ટ્સ, પછી કમ્પોનન્ટ્સ અને હવે સેમિકન્ડક્ટર્સ; ભારત સમગ્ર ઇલેક્ટ્રોનિક્સ વૅલ્યૂ-ચેઇનનું નિર્માણ કરી રહ્યું છે, આ વિકસિત ભારતનો રોડમૅપ છે, આ મેઇક ઇન ઇન્ડિયાનો આગામી તબક્કો છે.**
>
> **- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સીજી સેમિ આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર ઍસેમ્બ્લી એન્ડ ટેસ્ટ (OSAT) ફૅસિલિટીનું ઉદ્ઘાટન કર્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની ટીમની અદ્દભુત કાર્યક્ષમતાના કારણે માર્ચ-૨૦૨૪માં ભૂમિપૂજન થયા બાદ, માત્ર ૨૭ મહિનાના રેકૉર્ડ સમયમાં સાણંદના આ ત્રીજા પ્લાન્ટમાં કૉમર્શિયલ પ્રોડક્શન શરૂ કરી દેવામાં આવ્યું છે. આ પ્લાન્ટમાં બનાવવામાં આવતી ચિપ્સ ભારતનાં કાર અને સ્કૂટરોમાં તો વપરાશે જ, પરંતુ તે ઉપરાંત અહીંથી જાપાન, અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં પણ તેની નિકાસ કરવામાં આવશે, જેના દ્વારા વૈશ્વિક સ્તરે ભારતની ટૅક્નોલૉજીનો ડંકો વાગશે. દેશમાં ઇલેક્ટ્રોનિક્સ મૅન્યુફૅક્ચરિંગને આજે ૧૩ લાખ કરોડ રૂપિયાની ઇન્ડસ્ટ્રી બનાવી દેવામાં આવી છે, જેના દ્વારા ૨૫ લાખ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે.

સાણંદમાં 'સુચી' સેમિકોન અને કેઇન્સ જેવી અગ્રણી કંપનીઓ સેમિકન્ડક્ટરના વૈશ્વિક બજારમાં ભારતની સ્થિતિ મજબૂત બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે. માઇક્રોન પ્લાન્ટના શુભારંભ બાદ કેઇન્સ સેમિકોન અને હવે CG સેમિ દ્વારા OSAT સુવિધા શરૂ થવાથી સ્થાનિક આર્થિક વિકાસને વધુ વેગ મળશે. OSAT એટલે કે આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર ઍસેમ્બ્લી ટેસ્ટ પ્લાન્ટમાં ચિપનું













ટેસ્ટિંગ અને પૅકેજિંગ કરીને તેને માર્કેટમાં પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. CG સેમિ દ્વારા બીજા એક પ્લાન્ટના નિર્માણનું કામ પણ અત્યારે પ્રગતિમાં છે. આ બન્ને OSAT સુવિધાઓ સાથે મળીને દિવસની કુલ ૧.૫ કરોડ ચિપનું નિર્માણ કરશે.

CG Semiએ જુલાઈ માસથી OSAT ફેસિલિટી ખાતે કૉમર્શિયલ પ્રોડક્શન શરૂ કર્યું, જે ગુજરાતની સેમિકન્ડક્ટર મૅન્યુફેક્ચરિંગની યાત્રામાં વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. 'સુચી' સેમિકોનનો OSAT પાઇલટ પ્લાન્ટ સુરતમાં પહેલેથી જ કાર્યરત છે, જે ભારતની સેમિકન્ડક્ટર પૅકેજિંગ અને ટેસ્ટિંગ-ક્ષમતાના વિકાસમાં યોગદાન આપી રહ્યો છે. 'સુચી' સેમિકોનની OSAT ફેસિલિટીને તાજેતરમાં ISM દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ધોલેરા ખાતે ટાટા ઇલેક્ટ્રોનિક્સની સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન (Fab) સુવિધાનું નિર્માણ તેના એડવાન્સ્ડ સ્ટેજમાં છે અને આ સુવિધા ભારતની પ્રથમ વ્યાવસાયિક સેમિકન્ડક્ટર ફાઉન્ડ્રી બનશે. ઇન્ડિયન સેમિકન્ડક્ટર મિશન હેઠળ ક્રિસ્ટલ મૅટ્રિક્સને પણ મંજૂરી આપવામાં આવી છે, જે ભારતનું પ્રથમ વ્યાવસાયિક મિનિ અને માઇક્રો-LED ડિસ્પ્લે ફેબ તથા પૅકેજિંગ યુનિટ સ્થાપશે. આ તમામ પ્રોજેક્ટ્સ સાથે મળીને, ફેબ્રિકેશન, ઍસેમ્બ્લી, પૅકેજિંગ, ટેસ્ટિંગ અને અદ્યતન ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને આવરી લેતી સ્થિતિસ્થાપક અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સેમિકન્ડક્ટર વૅલ્યૂ-ચેઇનનું નિર્માણ કરવાના ભારતના પ્રયાસોમાં ગુજરાતને અગ્રેસર બનાવે છે.

નાણાકીય પ્રોત્સાહનો, ઇન્ફ્રાસ્ટ્રક્ચર સપોર્ટ, ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ માટે પહેલ, ઇકોસિસ્ટિમને પ્રોત્સાહન આપતાં પગલાં તેમજ પારદર્શક શાસન દ્વારા ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સેમિકન્ડક્ટર હબ બનાવવાનો ઉદ્દેશ છે, જે રાષ્ટ્રીય સેમિકન્ડક્ટર મિશનના ઉદ્દેશને પૂરો કરવામાં મદદરૂપ બનશે. ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ પૉલિસી કે જે ભારત સરકારની સ્કીમ ફોર પ્રમોશન ઑફ ઇલેક્ટ્રોનિક કોમ્પોનેન્ટ્સ એન્ડ સેમિકન્ડક્ટર્સ (SPECS) યોજના સાથે સુસંગત છે, તે સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન પ્રવૃત્તિઓના સમગ્ર ક્ષેત્રને સમર્થન આપે છે, જેમાં કોમ્પોનેન્ટ મેન્યુફેક્ચરિંગ, સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન, પૅકેજિંગ અને ટેસ્ટિંગ સુવિધાઓ, મટીરિયલ સપ્લાયર્સ, ઇક્વિપમેન્ટ પ્રોવાઇડર્સ, અલ્ટ્રા-હાઇ પ્યૉરિટી ગૅસના ઉત્પાદકો અને સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે વિશેષ કેમિકલ્સનો સમાવેશ થાય છે.

**અમારું ધ્યેય ચિપ ડિઝાઇનથી લઈને ફેબ્રિકેશન અને પૅકેજિંગ સુધી ભારતમાં સંપૂર્ણ સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટિમ બનાવવાનું છે.**

**શિલાન્યાસથી લઈને ઉત્પાદન સુધીની આ અસાધારણ સફર ચોક્કસપણે ઘણા સાથીદારોની સખત મહેનતનું પરિણામ છે.**

**ભારતના યુવાનો મેઈડ ઈન ઇન્ડિયા ચિપ્સ સાથે AI, રોબોટિક્સ અને નેક્સ્ટ-જેન ટેક-ક્રાંતિને ઊર્જા આપશે.**

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**

ગુજરાતમાં વિવિધ સહાયક અને આધારભૂત ઉદ્યોગોની સ્થાપના દ્વારા વ્યાપક સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટિમનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. ઘણી વૈશ્વિક અને સ્થાનિક કંપનીઓ રાજ્યમાં કાર્યરત છે, તો કેટલીક અન્ય રાજ્યમાં સ્થાપનાની જાહેરાત કરી ચૂકી છે, જેમાં લિન્ડે, તાઇવાનની TSMT, જાપાનની TNSI, ફુજીફિલ્મ અને નિપ્પોન એક્સપ્રેસ, જર્મનીની ઇન્ફિનિયોન ટૅક્નોલૉજિસ, મલેશિયાની હોતાયી, તેમજ અન્ય ઘણી કંપનીઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં આવા ભાગીદારોની હાજરી એક સંકલિત સેમિકન્ડક્ટર ક્લસ્ટર બનાવી રહી છે, જે મોટાપાયે ફેબ્રિકેશન અને પૅકેજિંગ કામગીરીને ટેકો આપી શકે છે. કેન્દ્રીય નાણા મંત્રાલયે ISM 2.0 માટે રૂ.૧.૨૫ લાખ કરોડના ખર્ચને મંજૂરી આપી છે, જે ભારતની સેમિકન્ડક્ટર ક્ષમતાને વધુ અસરકારક બનાવશે.

OSAT ફૅસિલિટીના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાનશ્રીએ અડધા દાયકા પહેલાં શરૂ કરાયેલા વ્યૂહાત્મક વિઝનને યાદ કરતાં દેશને અદ્યતન ટૅક્નોલૉજી માટે વૈશ્વિક હબમાં પરિવર્તિત કરવાના મુખ્ય ઉદ્દેશનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દેશ કોઈ પણ ખચકાટ વિના તેના મજબૂત સંકલ્પોને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરે છે. આ કાર્યક્રમ પુરાવો છે કે ભારત જે પણ સંકલ્પ કરે છે તેને દૃઢતાપૂર્વક પૂર્ણ કરે છે. સ્થાનિક ડિઝાઇન અને સ્થાનિક ઉત્પાદનની વ્યાપક વ્યૂહરચનાઓ પ્રેરિત આ ત્રીજી મોટી ફૅસિલિટીમાં વ્યાપારી ચિપ પૅકેજિંગની સત્તાવાર શરૂઆત થઈ છે. અમે 'ડિઝાઇન ઇન ઇન્ડિયા' અને 'મેઇક ઇન ઇન્ડિયા'ના પાયાના મંત્ર સાથે સફળતાપૂર્વક આગળ વધ્યા છીએ." આ પ્રોજેક્ટના ઝડપી વિકાસને જોતાં વર્ષ ૨૦૨૪માં શિલાન્યાસ અને ઑગસ્ટ-૨૦૨૫ સુધીમાં ચિપ ટેસ્ટિંગની ઝડપી શરૂઆતની વડાપ્રધાનશ્રીએ પ્રશંસા કરી હતી. તેમણે આયોજનથી લઈને સંપૂર્ણ ઉત્પાદન સુધીની આ અતિ ઝડપી યાત્રાનું શ્રેય અસંખ્ય પ્રોજેક્ટ-સહયોગીઓનાં ઉત્પાદન પ્રત્યેનાં સમર્પણ અને ચિંતા-ચીવટને આપ્યું હતું. પ્રદર્શનની મુલાકાત દરમિયાન હાજર યુવા વ્યાવસાયિકો સાથે સીધો સંવાદ સ્થાપવામાં આવ્યો હતો.

નવનિર્મિત ફૅસિલિટીને આંતરરાષ્ટ્રીય સહયોગના પ્રતીક તરીકે ગણાવતાં વડાપ્રધાનશ્રીએ સ્થાનિક, જાપાનીઝ અને થાઈ ઉદ્યોગ ભાગીદારોના સંયુક્ત પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે આ સાહસને માત્ર એક સાધારણ વ્યાપારી સાહસ કરતાં ઘણું વધારે ગણાવ્યું હતું અને તેને તકનીકી વિશ્વાસ અને સરહદ પારની ભાગીદારીના મજબૂત મૉડેલ તરીકે રેખાંકિત કર્યું હતું. આ ક્ષેત્રે છેલ્લાં સવા બે વર્ષમાં હાંસલ કરાયેલા પ્રચંડ સ્કેલની







આ ક્ષેત્રમાં ઝડપી વૃદ્ધિ વાસ્તવમાં પાછલાં ૧૦ વર્ષોમાં ઘડવામાં આવેલી લાંબાગાળાની તકનીકી નીતિઓમાંથી ઉદ્દભવેલી એક સુયોજિત પ્રગતિ છે. પાછલા એક દાયકામાં ભારતમાં આવેલી ઈલેક્ટ્રોનિક્સ ક્રાંતિનું આ સ્વાભાવિક આગામી પગલું છે.

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**



પ્રશંસા કરતાં વડાપ્રધાનશ્રીએ આખી ટીમને, રાજ્ય સરકારને અને સમગ્ર દેશને આ વ્યવસ્થા સ્ટેપ બાય સ્ટેપ, બ્રિક બાય બ્રિક અને ચિપ બાય ચિપ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

સાચી ઉત્પાદનશક્તિ માત્ર અલગ-અલગ ફેક્ટરીઓ સ્થાપવાથી આવતી નથી. સિલિકોન વેલી, હસિંચુ સાયન્સ પાર્ક અને સુકુબા સાયન્સ સિટી જેવા સુપ્રસિદ્ધ ટેકહબનો ઉલ્લેખ કરીને તેમણે વ્યાપક, સંકલિત ઈકોસિસ્ટિમ વિકસાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. વર્તમાનમાં સાણંદ આવાં શક્તિશાળી ક્લસ્ટરો સ્થાપવા માટેની દિશામાં દૃઢતાપૂર્વક આગેકદમ કરી રહ્યું છે.

સ્થાનિક સ્તરે મજબૂત ઈકોસિસ્ટિમના અભિન્ન અંગ એવી માઈક્રોન, કેઈન્સ અને સીજી સેમિ જેવી અગ્રણી કંપનીઓએ માત્ર થોડા મહિનામાં આ પ્રદેશમાં એકસાથે ઉત્પાદન શરૂ કર્યું છે. આગામી સમયમાં વિશિષ્ટ કેમિકલ ઉત્પાદકો, ટેસ્ટિંગ લૅબ્સ, ડિઝાઈન સેન્ટર્સ અને ગતિશીલ નવા સ્ટાર્ટઅપ્સના આગમનથી સ્થાનિક ઉદ્યોગોની વ્યાપકતા અને રોજગારીની તકોમાં અનેકગણો વધારા થવા વિશે વડાપ્રધાનશ્રીએ ધ્યાન દોર્યું હતું.

આ તકનીકી પ્રગતિની સર્વસમાવેશી સામાજિક અસરો દર્શાવતાં વડાપ્રધાનશ્રીએ આ નવી ફેસિલિટીમાં સક્રિયપણે કામ કરી રહેલી આદિવાસી સમુદાયની યુવતીઓની પ્રેરણાદાયી યાત્રાની સફળતાની વાત રજૂ કરી હતી. સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવતી અને ITIના અભ્યાસથી લઈને મલેશિયામાં અદ્યતન તકનીકી તાલીમ મેળવવા સુધીની દીકરીઓની મહેનતની સફરથી વડાપ્રધાનશ્રી ખૂબ પ્રભાવિત થયા હતા. દીકરીઓની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું હતું કે, આ દીકરીઓએ અગાઉ ક્યારેય પોતાના ગૃહપ્રદેશની બહાર પ્રવાસ કર્યો ન હોવા છતાં વિશ્વની સૌથી આધુનિક ઉત્પાદન-પ્રક્રિયાઓ ચલાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. અસાધારણ સપનાં જોનારી આ દીકરીઓ આજે 'મેઈડ ઈન ઈન્ડિયા' ચિપ ઉત્પાદન-પ્રક્રિયાનાં અભિન્ન અંગો બની છે.

તાજેતરનાં વર્ષોમાં સ્થાનિક ઈકોસિસ્ટિમની વ્યાપક સફળતાના આંકડા આપતાં વડાપ્રધાને સમગ્ર ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિના આંકડા રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "૨૦૧૪ના સ્તરની સરખામણીમાં કુલ ઉત્પાદનમાં લગભગ સાત ગણો વધારો થયો છે, સાથે જ એકંદર નિકાસમાં પણ પ્રભાવશાળી ૧૧ ગણો વિસ્ફોટક વધારો થયો છે." વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આપણે સમગ્ર ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઈકોસિસ્ટિમને સફળતાપૂર્વક અને વ્યાપકપણે મજબૂત બનાવી છે."

સરકારના વ્યૂહાત્મક રોડમૅપ વિશે વધુ વિગતો આપતાં વડાપ્રધાનશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, અંતિમ ધ્યેય અંતિમ ગ્રાહક ઉત્પાદનોમાં આત્મનિર્ભરતાથી ઘણું આગળ વધીને તેના પાયાના ઘટકો (કમ્પોનન્ટ્સ) સુધી વિસ્તરેલું છે. વૈશ્વિક ટેક્નોલૉજીને પાવર આપતી ચિપ્સનું ઉત્પાદન કરવા માટે પ્રતિબદ્ધ થઈને, તેમણે સંપૂર્ણ, ઍન્ડ-ટુ-ઍન્ડ સ્થાનિક વૅલ્યૂ-ચેઈનની રૂપરેખા આપી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, "પહેલાં પ્રોડક્ટ, પછી કમ્પોનન્ટ્સ અને હવે સેમિકન્ડક્ટર; આ મેઈક ઈન ઈન્ડિયાનો નિર્ણાયક આગામી તબક્કો છે."

ઈકોસિસ્ટિમના ભવિષ્યના તબક્કાઓનો નકશો રજૂ કરતાં વડાપ્રધાને સમગ્ર સપ્લાય - ચેઈનને સુરક્ષિત કરવા

માટે હાઈ-ટેક મટીરિયલ્સ અને ક્રિટિકલ મિનરલ્સમાં આત્મનિર્ભરતાની નિર્ણાયક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ડિઝાઈનથી લઈને પૅકેજિંગ સુધી વિસ્તરેલા સ્થાનિક નેટવર્કની કલ્પના કરતાં, તેમણે AI અને રૉબોટિક્સમાં અદ્યતન ક્રાંતિ માટે આ સ્થાનિક ચિપ્સનો ઉપયોગ કરવા માટે યુવા પેઢીમાં અપાર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આપણા યુવાનો સંપૂર્ણપણે મેઈડ ઈન ઈન્ડિયા ચિપ્સનો ઉપયોગ કરીને આગામી પેઢીની ટૅક-ક્રાંતિને સક્રિયપણે વેગ આપશે."

દેશને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવા તરફની ઝડપી ગતિનો પુનરુચ્ચાર કરીને પોતાના સંબોધનનું સમાપન કરતાં વડાપ્રધાનશ્રીએ માત્ર થોડા મહિના પહેલાં વચન આપેલા બહુવિધ ઉત્પાદન પ્લાન્ટ્સ સમયસર સાકાર થવાની ઉજવણી કરી હતી. વૈશ્વિક રોકાણકારોને સંપૂર્ણ નીતિગત સ્થિરતા, સ્પષ્ટ નિર્ણય લેવાની પ્રક્રિયા અને અપ્રતિમ અમલીકરણ-ગતિની ખાતરી આપતાં તેમણે પ્રણાલીગત આર્થિક સુધારાઓની વધુ ઝડપી ગતિનું વચન આપ્યું હતું.

**વડાપ્રધાનશ્રીએ ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગ્લોબલ હબ બનાવવાનો સંકલ્પ કર્યો હતો તે આજે 'જે કહેવું તે કરવું'ના મંત્રથી સાકાર કર્યો છે.**

**શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભરતા હવે ગ્લોબલ ચૅલેન્જિસનું સૉલ્યુશન બની ગઈ છે.**

**- મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સી. જી. સેમિકોનના કૉમર્શિયલ પ્રોડક્શન પ્રારંભના પ્રસંગને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આત્મનિર્ભર ભારત માટેની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ ગણાવ્યો હતો. આ પ્લાન્ટ ભારતને ગ્લોબલ સપ્લાય ચેઈનમાં મહત્ત્વપૂર્ણ ભાગીદાર બનાવશે તથા દેશની





સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમને વેગ આપશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. સી.જી. સેમિકોનના પ્લાન્ટ દ્વારા પાંચ હજારથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થશે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સતત ૧૨ વર્ષના સુશાસન કાર્યકાળ દરમિયાન ભારતે ફ્રેઝાઈલ ફાઈવ ઈકૉનૉમીમાંથી નીકળીને ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકૉનૉમીની વિશિષ્ટ ઓળખ મેળવીને આર્થિક વિકાસની યાત્રામાં મૅન્યુફેક્ચરિંગ, સૉફ્ટ પાવર અને ટૅક્નોલૉજી લૅન્ડસ્કેપમાં અનેક નવાં ક્ષેત્રોનાં દ્વાર ખૂલ્યાં છે, તેનું ગૌરવ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ સેક્ટર્સમાં વડાપ્રધાનશ્રીના વિઝનથી ભારતનો પ્રભાવ વધ્યો છે. કોરોના મહામારી દરમિયાન જ્યારે સમગ્ર ગ્લોબલ ચેઈન સંકટમાં હતી ત્યારે વડાપ્રધાનશ્રીએ ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગ્લોબલ હબ બનાવવાનો સંકલ્પ કર્યો તે, 'કહેવું તે કરવું'-ના મંત્ર સાથે સાકાર કર્યો છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી દેશના પ્રથમ સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ સિટી ધોલેરામાં વર્લ્ડ-ક્લાસ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમ વિકસી રહી છે. એટલું જ નહિ, સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતને ફ્યુચર રેડી બનાવવાના




ઉદ્દેશથી ૨૦૨૨માં દેશમાં સૌથી પહેલી સેમિકન્ડક્ટર પૉલિસી જાહેર કરવાનું ગૌરવ પણ ગુજરાતે મેળવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવા આત્મનિર્ભરતાને મુખ્ય આધાર ગણાવતાં કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભરતા હવે ગ્લોબલ ચૅલેન્જિસનું સૉલ્યુશન બની ગઈ છે.

કેન્દ્રીય ઇન્ફર્મેશન ઍન્ડ ટૅક્નોલૉજી મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવે ભારતના સેમિકોન મિશનની ટૅક્નિકલ યાત્રા અને માળખાગત સુવિધાઓ વિશે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી આજે ભારતમાં સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રી વાસ્તવિક સિદ્ધિ બની છે. દેશના ખૂણે-ખૂણેથી આવેલા યુવાનો, જેમાં ઝારખંડ, છત્તીસગઢ અને જમ્મુ-કાશ્મીર જેવાં રાજ્યોની અને ખાસ કરીને ગામડાંઓમાંથી પહેલી વાર મલેશિયા ટ્રેનિંગ લેવા મોકલાયેલી દીકરીઓ દ્વારા અહીં રિયલ ચિપ્સ બનાવવામાં આવી રહી છે. સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટિમને મજબૂત કરવા માટે ૩૧૫ યુનિવર્સિટીઓમાં ખાસ કોર્સ શરૂ કરાયા છે અને હજારો નવયુવાનોને ડિઝાઇનની ટ્રેનિંગ આપવામાં આવી છે. ભારત ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે, આવનારા મહિનાઓમાં વધુ બે પ્લાન્ટ શરૂ કરવામાં આવશે; એટલે કે, ૨૦૨૬ પૂરું થતાં સુધીમાં ભારતમાં કુલ પાંચ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સમાં પ્રોડક્શન શરૂ કરાશે, જે આત્મનિર્ભર ભારતની દિશામાં ભરાયેલું ઐતિહાસિક પગલું છે.

સીજી પાવરના ચૅરમૅન શ્રી વેલ્લાયન સુબ્બૈયાએ આ ઐતિહાસિક સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારત સેમિકન્ડક્ટર ક્ષેત્રે એક મજબૂત વૈશ્વિક શક્તિ તરીકે ઊભરી રહ્યું છે. સાણંદ ફૅસિલિટી ખાતેથી આપણું પ્રથમ કૉમર્શિયલ કન્સાઇન્મેન્ટ જાપાનની રેનેસાસ કંપનીના વૈશ્વિક ગ્રાહકો માટે રવાના કરવામાં આવ્યું છે, જે વૈશ્વિક સ્તરે આપણી ગુણવત્તા અને ક્ષમતાને સાબિત કરે છે. 'કામ બોલે છે' અને 'એકતામાં જ શક્તિ છે'ના મંત્રને સાર્થક કરતો આ પ્રોજેક્ટ માત્ર એક ફૅક્ટરીનું નિર્માણ નથી, પરંતુ વૈશ્વિક સપ્લાય ચેઇનમાં ભારતને સ્થાપિત કરી દેશના એડવાન્સ મૅન્યુફૅક્ચરિંગ કૌશલ્યને નવી ઊંચાઈઓ પર લઈ જવાની દિશામાં ક્રાંતિકારી પગલું છે.

રૂ.૭,૬૦૦ કરોડના રોકાણ સાથે શરૂ થયેલો આ પ્રોજેક્ટ દેશ અને દુનિયાના સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતની આત્મનિર્ભરતાનો નવો અધ્યાય લખશે. ભારત સરકારના મહત્ત્વાકાંક્ષી 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' અંતર્ગત ગુજરાતના ઔદ્યોગિક હબ સાણંદ ખાતે ઉદ્ઘાટન પામેલો આ પ્લાન્ટ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ સાબિત થશે. વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે સેમિકન્ડક્ટર OSAT પ્લાન્ટના ક્લીન રૂમ તથા એક્સપિરિયન્સ સેન્ટરની મુલાકાત લીધી હતી તથા એન્જિનિયરો સાથે સંવાદ સાધ્યો હતો. વડાપ્રધાનશ્રીના હસ્તે પ્રથમ ચિપ શિપમેન્ટ ગ્લોબલ જાયન્ટ રેનેસાસને સુપ્રત કરવામાં આવ્યું હતું.


આ સમારંભમાં સાયન્સ-ટૅક્નોલૉજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, પૂર્વ ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, રાજ્યના ઉચ્ચ અધિકારીશ્રીઓ, સેમિકન્ડક્ટર ક્ષેત્રના ઉદ્યોગકારો, સીજી સેમિકોનના અધિકારીઓ સહિત સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રી સાથે જોડાયેલા અધિકારીઓ-કર્મચારીઓ અને યુવા-યુવતીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



VGRC - મધ્ય ગુજરાત

# ઔદ્યોગિક શક્તિનું વિઝન, બનશે ભવિષ્યની પ્રગતિનું રિઝન








મધ્ય ગુજરાત ઔદ્યોગિક દૃષ્ટિએ ગુજરાતનું હાર્દ છે. પૅટ્રોકૅમિકલ્સ, એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ અને ડેરી ઉદ્યોગે આ વિસ્તારને ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યો છે. અમદાવાદ, વડોદરા અને ભરૂચ જેવાં મુખ્ય શહેરોને કારણે આ પ્રદેશ ઔદ્યોગિક ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ઊભરી આવ્યો છે. ગુજરાતના આર્થિક વિકાસમાં અગ્રણી ભૂમિકા ભજવતો મધ્ય ગુજરાત પ્રદેશ આજે વૈશ્વિક વેપાર અને નિકાસક્ષેત્રે પોતાની મજબૂત ઓળખ સ્થાપિત કરી ચૂક્યો છે.

મધ્ય ગુજરાત પરંપરાગત રીતે ફાર્માસ્યુટિકલ્સ, બાયોટૅક્નોલૉજી, એન્જિનિયરિંગ, રસાયણ અને પૅટ્રોકૅમિકલ્સ, ઑટોમોબાઈલ, IT અને નાણાકીય સેવાઓ જેવાં ક્ષેત્રોમાં ગુજરાતનો મજબૂત સ્તંભ છે. હવે આ પ્રદેશ સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન, ઍરોસ્પેસ અને ડિફેન્સ મૅન્યુફેક્ચરિંગ તેમજ ગ્રીન એનર્જી જેવાં ભવિષ્યલક્ષી ક્ષેત્રોમાં પણ ઝડપથી આગળ વધી રહ્યો છે. VGRC (વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ)ના સફળ આયોજને આ ઊભરતાં ક્ષેત્રોમાં નવાં રોકાણોને આકર્ષવા અને MSME, સ્ટાર્ટઅપ્સ તથા સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક બજારો સાથે જોડવા માટે સશક્ત પ્લૅટફૉર્મ પૂરું પાડ્યું છે.

વડોદરા, આણંદ, ખેડા, પંચમહાલ, છોટાઉદેપુર અને દાહોદ જેવા જિલ્લાઓ મૅન્યુફેક્ચરિંગ, એન્જિનિયરિંગ, ફાર્મા, ઍગ્રિ ફૂડ પ્રોડક્ટ્સ અને MSME ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. આ ક્ષેત્ર પૅટ્રોકૅમિકલ્સ, સ્પેશિયાલિટી કૅમિકલ્સ,

ઈવી ઇક્વિપમેન્ટ અને ટાટા ઍરબસ C-૨૯૫ જેવા ઍરોસ્પેસ પ્રોજેક્ટ્સના કારણે નવાં ઉદ્યોગક્ષેત્રોમાં આગેવાની કરી રહ્યું છે. આણંદ દેશનું મિલ્ક કૅપિટલ છે અને 'અમૂલ' બ્રાન્ડ વિશ્વમાં ભારતની ઓળખ બની છે તેમજ ખેડા જિલ્લામાં ફૂડ પ્રોસેસિંગ અને MSME ક્ષેત્રે વિશાળ સંભાવનાઓ રહેલી છે.

ગુજરાત આજે બેસ્ટ ડેસ્ટિનેશન ઑફ ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે અને ઉદ્યોગોની ગ્લોબલ સપ્લાય-ચેઇનમાં ભાગીદારી મજબૂત બનાવવા તથા તેને વધુ ગતિ આપવા માટે રાજય સરકારે નવી ઇન્ડસ્ટ્રિયલ પૉલિસી-૨૦૨૬ જાહેર કરી છે. પ્રથમ વખત 'ચૂઝ યૉર ઇન્સેન્ટિવ્ઝ' જેવી નવી પહેલ આ પૉલિસીમાં કરવામાં આવી છે, જેમાં ઉદ્યોગો પોતાની જરૂરિયાત મુજબ ઇન્સેન્ટિવ પસંદ કરી શકશે.

VGRC માત્ર રોકાણનું પ્લૅટફૉર્મ નહીં, પરંતુ સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક તકો સાથે જોડવાનું સશક્ત માધ્યમ છે.

ગુજરાતની ઔદ્યોગિક ગતિને ઝડપી કરવાના હેતુસર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મધ્ય ગુજરાત વિસ્તારની વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ (VGRC)નો વડોદરાથી પ્રારંભ કરાવતાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી વિચારસરણી અને સમય કરતાં આગળનું વિચારીને તેનું અમલીકરણ કરવાની પ્રતિબદ્ધતાને કારણે ભારત દરેક ક્ષેત્રમાં હરણફાળ ભરી રહ્યું છે. તેમની આ વિઝનરી લીડરશિપના કારણે દુનિયાના દેશો ભારત સાથે વિશ્વાસુ મિત્રના ભાવથી જોડાયા છે અને હજી વધુ ને વધુ દેશો જોડાઈ રહ્યા છે.

VGRCને સંતુલિત વિકાસનું નવું મૉડેલ ગણાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહેસાણા, રાજકોટ અને સુરત એમ ત્રણ VGRCની સફળતા બાદ હવે, મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાઓને આવરી લેતી

## iNDEXTbને ગિનિસ વર્લ્ડ રેકૉર્ડનું પ્રમાણપત્ર અર્પણ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરામાં યોજાયેલી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ દરમિયાન ગુજરાત સરકારની સત્તાવાર રોકાણ પ્રોત્સાહન સંસ્થા iNDEXTbને ગિનિસ વર્લ્ડ રેકૉર્ડનું પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું. iNDEXTbએ સુરત ખાતે યોજાયેલા બિઝનેસ એક્સ્પોઝિશનમાં ફક્ત ૧૧ દિવસમાં જ સૌથી વધુ કુલ-૩૫૦ જેટલા પ્રદર્શકો જોડાવાનો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો હતો. આ સિદ્ધિને માન્યતા આપતાં ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડનું પ્રમાણપત્ર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે iNDEXTbને એનાયત કરવામાં આવ્યું હતું.

## મધ્ય ગુજરાત માટે નવા સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સની જાહેરાત



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના સંતુલિત ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપતાં VGRC, મધ્ય ગુજરાત અંતર્ગત નવા સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સ વિકસાવવાની જાહેરાત કરી હતી. તેમાં ખેડાની મહીજ જીઆઇડીસીને ૧૩૦.૩ એકર વિસ્તારમાં, કઠલાલ તાલુકાની સરખેજ જીઆઇડીસીને ૩૩૨.૭ એકર વિસ્તાર, મહુધાની મહિસા જીઆઇડીસીને ૧૮.૫ એકર, ગળતેશ્વરની અંઘાડી જીઆઇડીસીને ૩૧૦.૯ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવશે. અમદાવાદની માંડલ જીઆઇડીસીને ૫૧૫.૨ એકર વિસ્તારમાં, પંચમહાલની નદીસર જીઆઇડીસીને ૧૦૫.૫ એકર વિસ્તારમાં, છોટાઉદેપુરની ઉડવા જીઆઇડીસીને ૨૪૭.૧ એકર વિસ્તારમાં અને ભાવનગરની મોણપુર જીઆઇડીસીને ૧૯૫૦.૭ એકર વિસ્તારમાં નવા સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સ તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત અંતર્ગત ગુજરાતના વિવિધ જિલ્લાઓ મળી કુલ ૩૬૧૧.૦ એકર વિસ્તારમાં નવાં ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સ વિકસાવવામાં આવશે.

## આયર્લૅન્ડને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે આયર્લૅન્ડના મુંબઈ ખાતેના કોન્સલ જનરલ શ્રી પૅટ્રિક ડફીએ વડોદરામાં VGRC દરમિયાન એક મહત્ત્વની બેઠક યોજી હતી. મુખ્યમંત્રીશ્રીએ આગામી ભારત-યુરોપિયન યુનિયન (India-EU) મુક્ત વેપાર-કરાર (FTA)થી નવી તકોનાં જે દ્વાર ખૂલ્યાં તે સંદર્ભમાં આયર્લૅન્ડના ઉદ્યોગો અને રોકાણકારોને ગુજરાતમાં ઉપલબ્ધ વિશાળ રોકાણ અને વેપારની તકોનો લાભ લેવા આમંત્રણ આપ્યું હતું. ખાસ કરીને સ્કિલ ડેવલપમેન્ટ, ટૅક્નોલૉજી અને સ્પોર્ટ્સ સેક્ટરમાં સહયોગને વધુ ગાઢ બનાવવા અંગે પણ મુખ્યમંત્રીશ્રી અને કોન્સલ જનરલશ્રીએ ચર્ચા-વિચારણા કરી હતી.

આયર્લૅન્ડના કોન્સલ જનરલે આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં સહભાગી થવાની ઉત્સુકતા દર્શાવી હતી.

## રશિયાના ટ્રેડ ડેલિગેશન સાથે ચર્ચા-વિમર્શ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતમાં રશિયાના ટ્રેડ ડેલિગેશન સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે પરિવહન, સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ, પેમેન્ટ સિસ્ટિમ ઉપરાંત ભારતીય MSMEs, INR-બેઝ્ડ નાણાકીય વ્યવહારો જેવાં ક્ષેત્રોમાં તથા રશિયાની Archem (સ્પેશ્યાલિટી કૅમિકલ્સ) અને Eurochem (ફર્ટિલાઇઝર્સ) કંપનીઓ સાથે પારસ્પરિક સહભાગિતા વધુ સુદૃઢ કરવા અંગે પરસ્પર ચર્ચા-વિમર્શ કર્યાં હતાં.







VGRCમાં આ વિસ્તારોના ઔદ્યોગિક વિકાસની નવી તકો અને ભાગીદારીને મંચ આપવામાં આવ્યો છે. અત્યાર સુધી યોજાયેલી ત્રણ VGRCમાં કુલ ૯,૪૯૯ MoU દ્વારા અંદાજે રૂ. ૧૩.૩૦ લાખ કરોડનાં રોકાણની સમજૂતી કરવામાં આવી છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી મનોહર લાલ ખટ્ટરે જણાવ્યું કે, રોકાણકારને વિશ્વાસ હોવો જોઈએ કે સરકારની સ્થિર નીતિઓ, ગુણવત્તાયુક્ત વીજળી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે તમામ જરૂરી વ્યવસ્થા મળે, જેથી તેનો ઉદ્યોગ સફળ થાય. આ વિશ્વાસ જ ગુજરાતની સૌથી મોટી તાકાત છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "હવે વાઈબ્રન્ટ ગુજરાત માત્ર એક ઇન્વેસ્ટમેન્ટ સમિટ નહીં, પરંતુ ગ્લોબલ પાર્ટનરશિપનું પ્રતીક બની ગઈ છે. તે ઇનોવેશનને પ્રોત્સાહન આપનારું એક મજબૂત પ્લૅટફૉર્મ બની ગઈ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સતત આર્થિક પરિવર્તનનું સાક્ષી બની રહ્યું છે."

મધ્ય ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતાને ઉજાગર કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના કુલ મૅન્યુફૅક્ચરિંગ આઉટપુટમાં લગભગ ૨૮ ટકા યોગદાન મધ્ય ગુજરાત ક્ષેત્રનું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં અહીંથી ૨૦.૫ અબજ ડૉલરથી વધુનાં ઉત્પાદનોની નિકાસ થઈ છે, જે વિશ્વના વિવિધ દેશો સુધી પહોંચી રહી છે. ગુજરાતના ૯૨ ટકા ઑટો અને ઑટો કમ્પોનન્ટ્સ, ૭૦ ટકા બેવરેજ પ્રોસેસિંગ, ૬૩ ટકા ફાર્માસ્યુટિકલ્સ અને ઇલેક્ટ્રિક ઇક્વિપમેન્ટના મૅન્યુફૅક્ચરિંગમાં મધ્ય ગુજરાતનું મહત્ત્વનું યોગદાન છે. મધ્ય ગુજરાતની પ્રગતિની આ માત્ર શરૂઆત છે. સેન્ટ્રલ ગુજરાત ઇકૉનૉમિક માસ્ટર પ્લાન હેઠળ આગામી ૨૦ વર્ષોની વિકાસ માટે બ્લૂપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. આ આયોજન હેઠળ છોટાઉદેપુરને ભારતનું આગામી સ્પૉર્ટ્સ ઇક્વિપમેન્ટ હબ બનાવવામાં આવશે અને વડોદરાને દેશનું સૌથી મોટું બાયોઇકૉનૉમી હબ બનાવવાની દિશામાં કાર્ય ચાલી રહ્યું છે. વિકસિત ગુજરાત ઔદ્યોગિક પૉલિસી-૨૦૨૬ હેઠળ આગામી પાંચ વર્ષમાં રૂ.૧૦ લાખ કરોડનાં નવાં રોકાણો આકર્ષવાનો લક્ષ્યાંક છે. ગુજરાતે ઉદ્યોગો માટે ઝડપી અને પારદર્શક



સુશાસનનું મૉડલ સ્થાપ્યું છે. છેલ્લાં બે વર્ષમાં ઈન્સેન્ટિવ ડિસ્બર્સમેન્ટમાં ૫૫ ટકાનો વધારો થયો છે અને તે રૂ.૭,૮૮૮ કરોડ સુધી પહોંચ્યો છે.

મધ્ય ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સના સમાપન ટાણે કેન્દ્રીય સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહે જણાવ્યું હતું કે, પાછલા દશકમાં ભારતનું સંરક્ષણ-ઉત્પાદન વધીને રૂ.૧ લાખ ૭૮ હજાર કરોડ થયું છે. આ ઉપરાંત ૩૯ હજાર કરોડની નિકાસ પણ ભારતે કરી છે.

ગુજરાતે દેશને હંમેશાં દિશા દેખાડી છે. ગુજરાતની ધરતીએ વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશને આપ્યા છે. તેમના આવવાથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું કદ વધ્યું છે. ગુજરાતના લોકો પાસે નોખી માનસિકતા છે. આપત્તિઓને અવસરમાં ફેરવી નાખવાની અભૂતપૂર્વ આવડત છે. સંરક્ષણ ક્ષેત્રે ગુજરાત હબ બની શકે છે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. વડોદરાનો ઉલ્લેખ કરતાં તેમણે ગર્વથી કહ્યું કે, આજે ભારતની પ્રથમ પ્રાઈવેટ મિલિટરી ઍરક્રાફ્ટ ફેસિલિટીનું કેન્દ્ર વડોદરા બન્યું છે. ટાટા ઍરબેઝ C-295 પ્રોજેક્ટ એક અભૂતપૂર્વ માઈલસ્ટોન છે અને આપણા સૌના માટે ગર્વની વાત છે.

આ પ્રસંગે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરીમંત્રી શ્રી રાજીવ રંજન સિંઘે ગુજરાતને આંતરદેશીય મત્સ્ય-ઉદ્યોગ ક્ષેત્રે દેશનું 'પાવરહાઉસ' બનાવવા માટે એક સચોટ રોડમૅપ રજૂ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત પાસે માત્ર લાંબો દરિયાકિનારો જ નથી, પરંતુ આંતરદેશીય મત્સ્યપાલનની પણ અપાર ક્ષમતા છે. રાજ્યના અનેક જિલ્લાઓનાં ગામડાંમાં આવેલાં તળાવોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, આ સંસાધનોનો બહેતર ઉપયોગ કરીને બ્લૂ ઈકૉનૉમીને વેગ આપી શકાય છે. ગુજરાતને આંતરદેશીય મત્સ્ય-ઉદ્યોગનું ગ્લોબલ હબ બનાવવા માટે સમયબદ્ધ ઍક્શન-પ્લાન ઘડવા કેન્દ્રીય મંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું.

વડોદરામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચોથી VGRCની સફળતાની ગૌરવપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, વડોદરામાં મધ્ય ગુજરાતની આ VGRCમાં સમગ્રતયા ૩ લાખ ૩૪ હજાર કરોડથી વધુનાં રોકાણો માટે ૩,૭૫૯ MoU થયા છે. આના પરિણામે આવનારા દિવસોમાં રાજ્યમાં રોજગારીની ૧ લાખ ૯૭ હજાર તકો ઊભી થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ક્લુઝિવ ડેવલપમેન્ટ-સર્વસમાવેશી વિકાસનો જે ધ્યેય રાખ્યો છે તેને ગુજરાતે આ VGRCથી સાકાર કર્યો છે. વોકલ ફોર લોકલ અને લોકલ ટુ ગ્લોબલનું વિઝન, સ્થાનિક શક્તિ, પરંપરા અને પ્રતિભાને વૈશ્વિક સ્તરે લઈ જવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા આવી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સની સફળતાના પાયામાં છે. વડાપ્રધાનશ્રીએ રિફોર્મ-પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્ર સાથે ઈન્ડસ્ટ્રી અને ઈકૉનૉમી માટે સાનુકૂળ નીતિઓ અને વાતાવરણ ઊભું કર્યું છે. એક સમયે ફ્રેજાઈલ ફાઈવમાં ગણાતી ભારતીય અર્થવ્યવસ્થા હવે ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ પાંચ ઈકૉનૉમીમાં સ્થાન પામી છે.

પોતાનો વ્યવસાય કરવાની ધગશવાળા કૌશલ્યવાન યુવાઓ અને નાના-મોટા ઉદ્યોગકારોને ઈનોવેશન અને સ્ટાર્ટઅપ દ્વારા ખીલવાની તક વડાપ્રધાનશ્રીએ આપી છે. વાઈબ્રન્ટ સમિટ અને VGRC જેવાં

## યુક્રેન સાથે સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ અંગે પરામર્શ

વડોદરામાં VGRCના પ્રથમ દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતમાં યુક્રેનના રાજદૂત ડૉ. એલેક્ઝાન્ડર પૉલિશચુક સાથે વન-ટુ-વન બેઠક યોજી હતી. તેમણે ફાર્માસ્યુટિકલ-એગ્રિકલ્ચર અને રિન્યૂએબલ એનર્જી તથા ગ્રીન હાઈડ્રોજનનાં ક્ષેત્રોમાં સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ અંગે પરામર્શ કર્યો હતો. ગુજરાત આ ક્ષેત્રોમાં સક્રિય રીતે આગળ વધી રહ્યું છે તે સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ યુક્રેનિયન ઉદ્યોગોને વિશ્વસનીય ભારતીય ભાગીદાર તરીકે સહયોગ કરવા આમંત્રણ આપ્યું હતું. યુક્રેન અત્યાર સુધીની ચારેય VGRCમાં પાર્ટનર રહ્યું છે તે માટે મુખ્યમંત્રીશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો.

## GEL અને GSFC વચ્ચે MoU

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ - સેન્ટ્રલ ગુજરાત અંતર્ગત નૅચરલ ગૅસ વિષય અંગે યોજાયેલા સેમિનારમાં ગુજરાત એનર્જી લિમિટેડ (GEL) અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GSFC) વચ્ચે વ્યૂહાત્મક સહકાર માટે બે મહત્ત્વપૂર્ણ સમજૂતી કરારો (MoUs) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. તે અંતર્ગત GSFC, સિક્કા ખાતે પ્રોપેન/LPG ટર્મિનલના વિકાસ તેમજ ગ્રીન એમોનિયા પ્રોજેક્ટ અને દહેજ ખાતે ઈન્ટિગ્રેટેડ ફર્ટિલાઈઝર અને ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્ટ્સ કોમ્પ્લેક્સના વિકાસ માટે વ્યૂહાત્મક સહકાર આપવામાં આવશે.

આ વ્યૂહાત્મક ભાગીદારીથી રાજ્યમાં સ્વચ્છ ઊર્જા, ગ્રીન એમોનિયા, ખાતર-ઉત્પાદન અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળશે.

# અમદાવાદ જિલ્લામાં રૂ. ૨૧૦૧ કરોડના ૭૩૦ MoU







ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિમાં અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશન ખાતે જિલ્લા સ્તરના વાઈબ્રન્ટ ગુજરાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્ય સરકારના વિભાગો અને ઉદ્યોગો વચ્ચે કુલ ૭૩૦ જેટલા એમ.ઓ.યુ. (MoUs) કરવામાં આવ્યા હતા, જેના દ્વારા જિલ્લામાં રૂ. ૨૧૦૧.૬૬ કરોડનું સંભવિત રોકાણ આવશે અને અંદાજે ૬,૯૪૧ જેટલી નવી રોજગારીની તકોનું સર્જન થશે.

આ પ્રસંગે મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તાજેતરમાં જાહેર કરાયેલી વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬માં ડ્રોન ટૅક્નોલૉજી, રૉબોટિક્સ અને મશીન લર્નિંગ જેવા આધુનિક વિષયોને આવરી લેવાયા છે. શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું કે, સ્થાનિક વેપાર અને ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાનું ભગીરથ કાર્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ વાઈબ્રન્ટ સમિટના માધ્યમથી સફળતાપૂર્વક થઈ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ વખતે જિલ્લા સ્તરે આ સમિટનું આયોજન કરાયું છે.

આયોજનો એ માટેના ટૅક-ઑફ પ્લૅટફૉર્મ બન્યાં છે. રાજ્યના પ્રાદેશિક વિકાસથી બૅલેન્સ્ડ ગ્રોથનો નવો અધ્યાય રચીને વિકસિત ભારત@૨૦૪૭ માટે સૌના સહયોગથી વિકસિત ગુજરાતને અગ્રેસર રાખવાની રાજ્ય સરકારની નેમ છે.

મહિલા અને બાળકલ્યાણ રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન વકીલ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ, ઈન્ડસ્ટ્રીઝ ઍસોસિયેશનના પદાધિકારીઓ અને સભ્યો તેમજ ડેલિગેટ્સ અને વરિષ્ઠ સચિવો આ સમાપન સમારોહમાં સહભાગી થયાં હતાં. સમારોહમાં વિવિધ ક્ષેત્રોના હસ્તકલા કારીગરો, ઉદ્યમીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

## મુખ્યમંત્રીશ્રીની અનોખી સંવેદનશીલતા

વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ અંતર્ગત યોજાયેલી ઔદ્યોગિક પ્રદર્શનીમાં 'દાદા'ના હુલામણા નામથી ઓળખાતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સાલસ વ્યક્તિત્વનો પરિચય લોકોને ફરી એકવાર થયો હતો.

પ્રદર્શનમાં કેટલાક સ્ટૉલધારકો અને સ્થાનિક કારીગરોએ પોતાનાં ઉત્કૃષ્ટ ઉત્પાદનો, સ્મૃતિચિહ્ન અને ભેટસોગાદો અર્પણ કરવાનો આગ્રહ કર્યો ત્યારે મુખ્યમંત્રીશ્રીએ આ તમામ ભેટ-સોગાદોનો અત્યંત આદરભેર અસ્વીકાર કરીને, પોતાની આગવી સાલસતાનો પરિચય આપ્યો હતો. તેમણે સ્ટૉલધારકોને પ્રેમપૂર્વક સમજાવ્યું હતું કે, આપ સૌનાં ઉત્પાદનોનું વ્યાપારી મૂલ્ય ઘણું વધારે છે અને તે આપના વ્યાવસાયિક વિકાસ માટે ઉપયોગી સાબિત થશે. આમ કહીને, સામાન્ય માણસના હૃદયને સ્પર્શી જાય તેવી મુખ્યમંત્રીશ્રીની આ સંવેદનશીલતાએ સરકારની નાના ઉત્પાદકો પ્રત્યેની સંવેદનાને વધુ એક વખત ઉજાગર કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વિવિધ સ્ટૉલધારકો સાથે સંવાદ સાધ્યો હતો. તેઓએ તમામ સ્ટૉલધારકોને રૂબરૂ મળીને તેમનાં ઉત્પાદનો, સેવાઓ અને ભાવિ આયોજનો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા અને પૃચ્છા કરી હતી.

ગુજરાત સરકારની નવી ઔદ્યોગિક અને ટૅક્નોલૉજી આધારિત વિકાસ-દૃષ્ટિ સાથે સુસંગત VGRCની સફળતાને

પરિણામે મધ્ય ગુજરાતને નવાં રોકાણો, આધુનિક ટૅક્નોલૉજી, વૈશ્વિક ભાગીદારી અને રોજગારીની તકો પ્રાપ્ત થઈ છે. આ કૉન્ફરન્સ માત્ર રોકાણ આકર્ષવાનો કાર્યક્રમ નહીં, પરંતુ મધ્ય ગુજરાતને વૈશ્વિક ઉત્પાદન, નિકાસ અને નવીનતાના શક્તિશાળી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે.

## છોટાઉદેપુરને 'સ્પોર્ટ્સ ગુડ્સ મૅન્યુફૅક્ચરિંગ હબ' બનાવવાનો રોડમૅપ

રિજનલ સમિટના પ્રથમ દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ' અંતર્ગત છોટાઉદેપુરમાં 'સ્પોર્ટ્સ ગુડ્સ મૅન્યુફેક્ચરિંગ હબ' અને 'પરંપરાગત કૌશલ્યથી ઔદ્યોગિક સ્તર સુધી' વિષય પર વડોદરા જીએસએફસી ખાતે સેમિનાર યોજાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત@2047'ના વિઝનને સાકાર કરવા માટે ગુજરાતે 'વિકસિત ગુજરાત'નો મજબૂત રોડમૅપ તૈયાર કર્યો છે. રાજ્ય સરકારે ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ જાહેર કરી ઉદ્યોગોને કૅપિટલ સબસિડી અને વીજદરોમાં પોતાની અનુકૂળતા મુજબની બાબતો પસંદ કરવાની દેશમાં પ્રથમ વખત અભૂતપૂર્વ છૂટછાટ આપી છે.

વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા 'વાઈબ્રન્ટ ગુજરાત' પ્લૅટફૉર્મની સફળતાના કારણે આજે ગુજરાત વૈશ્વિક સ્તરે ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર બન્યું છે, રાજ્યમાં થતા એમ.ઓ.યુ. જમીન પર સાકાર થવાનો રેશિયો ૭૦થી ૯૦ ટકા જેટલો ઊંચો છે. ઉદ્યોગોને કોઈ પણ મુશ્કેલી પડે ત્યારે રાજ્ય સરકાર હંમેશાં સક્રિય રહીને પ્રશ્નોનું ત્વરિત નિવારણ લાવવા તત્પર રહે છે.

## ગુજરાતને મળશે રૂ. ૨૫,૯૦૦ કરોડના પ્રોજેક્ટ્સ

વડોદરાની જી.એસ.એફ.સી. (GSFC) યુનિવર્સિટી ખાતે 'High-Speed Rail Corridor as a Catalyst for Economic Growth & Regional Development' વિષય પર યોજાયેલા પરિસંવાદમાં કેન્દ્રીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે જણાવ્યું હતું કે, કનેક્ટિવિટી માત્ર મુસાફરી પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે દેશ અને રાજ્યના આર્થિક વિકાસ અને રોજગારી સાથે સીધી રીતે જોડાયેલી છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કૉરિડોર (બુલેટ ટ્રેન)ને ભારતની પ્રગતિ માટે ઐતિહાસિક ગણાવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, શહેરી વિકાસ માટે 'અર્બન ચૅલેન્જ ફંડ' અંતર્ગત ગુજરાતને રૂ. ૬,૪૭૫ કરોડની કેન્દ્રીય સહાય મળશે, જેનાથી રાજ્યમાં કુલ રૂ. ૨૫,૯૦૦ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે. ઉપરાંત, વડોદરામાં પ્રદૂષણમુક્ત પરિવહનને પ્રોત્સાહન આપવા માટે ૨૫૦ ઈ-બસો મંજૂર કરવામાં આવી છે, જેમાંથી ૩૦ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ચાર મહત્ત્વપૂર્ણ (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## વૈશ્વિક સપ્લાયર્સ અને સેમિકન્ડક્ટર કંપનીઓ વચ્ચે MoU

VGRC વડોદરાના આયોજન દરમિયાન ભારત અને ગુજરાતને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગનું વૈશ્વિક હબ બનાવવાના વિઝન સાથે, ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી - સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ અંતર્ગત 'ફ્રૉમ પોર્ટ ટુ ફેબ: બિલ્ડિંગ અ રેઝિલિયન્ટ લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટિમ ફોર સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ' વિષયક સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે સી-ડૅક, ફુજીફિલ્મ, રત્નવીર પ્રિસિઝન એન્જિનિયરિંગ લિમિટેડ, રિગેઈન એનર્જીઝ, નવિતાસ સોલાર પ્રાઈવેટ લિમિટેડ, સેલોરા એનર્જી પ્રાઈવેટ લિમિટેડ, મૅકપાવર સૉલ્યુશન્સ લિમિટેડ અને આર્યાટૅક સાથે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે ૧૧ કંપનીઓને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સ હેઠળ અંદાજે રૂ. ૫,૭૧૨.૬૧ કરોડનું રોકાણ થવાની સંભાવના છે, જેના પરિણામે રોજગારીની ૫,૪૦૦થી વધુ તકો ઊભી થશે. આ સેમિનારમાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજી રાજ્યમંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ GSEM દ્વારા સેમિકન્ડક્ટર, CCL, સોલાર પીવી અને એનર્જી ક્ષેત્રમાં અંદાજે રૂપિયા ૪,૫૯૦ કરોડના MoU અંગે સૌને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે ગુજરાતમાં GIDC ખોરાજ ખાતે સ્પેસ મૅન્યુફેક્ચરિંગ પાર્ક તથા કૉમન ટૅક્નિકલ ફૅસિલિટી વિકસાવવા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલ અંગે માહિતી આપી હતી.

## ગુજરાતના પર્યટનને વિકસાવવા સમજૂતી કરાર કરાયા

'ગુજરાતમાં અનુભવાત્મક અને સર્જનાત્મક પ્રવાસન' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત પર્યટન અને કામનાથ પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે આશરે ૪૫૫ કરોડના રોકાણ માટે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ રોકાણ અંતર્ગત રાજ્યનાં વિવિધ સ્થળોએ લક્ઝરી હોટેલ, રિસોર્ટ, વેલનેસ રિસોર્ટ તેમજ ડેસ્ટિનેશન વેડિંગ જેવી આધુનિક પર્યટન સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે.





કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમતના મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, દેશની ઊભરી રહેલી સ્પોર્ટ્સ ઈકૉનૉમીમાં રમતગમતનાં સાધનોનું ઉત્પાદન (સ્પોર્ટ્સ ગુડ્સ મૅન્યુફૅક્ચરિંગ) એક મજબૂત સ્તંભ સમાન છે. ભારત સરકાર રમતગમતના પાયાના સ્તરેથી પ્રતિભાશોધ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી લઈને વૈશ્વિક સ્તરનાં સાધનોના ઉત્પાદન સુધીની સમગ્ર ઈકોસિસ્ટિમને સુદૃઢ બનાવીને દેશને વૈશ્વિક સ્પોર્ટિંગ પાવરહાઉસ બનાવવા માટે કટિબદ્ધ છે. દેશમાં 'ખેલો ઈન્ડિયા', 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' અને રમતગમતના વ્યાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર-વિકાસને કારણે યુવાનોમાં રમતગમત પ્રત્યે ઘણો ઉત્સાહ વધ્યો છે.

આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન વકીલે પણ રાજ્યના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસમાં રમતગમત ક્ષેત્રના વ્યૂહાત્મક મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

# મધ્ય ગુજરાતમાં રૂ.૭,૦૯૨ કરોડના રોકાણ માટે સમજૂતી કરાર



ગુજરાતના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસની મજબૂત કડી સમાન ‘વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ’ના પ્રથમ દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રૂ. ૭,૦૯૨ કરોડના સૂચિત રોકાણ અને ૧૨૧૦ જેટલી નવી રોજગારીની તકો પૂરી પાડતા વિવિધ મહત્ત્વપૂર્ણ સમજૂતી-કરાર (MoUs) કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય કૅબિનેટ મંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર, રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સંતુલિત વિકાસની દિશામાં મધ્ય ગુજરાતના યોગદાનને બિરદાવતાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ સમજૂતી-કરારો રાજ્યના અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જશે.

આ પ્રાદેશિક પરિષદ દરમિયાન ઊર્જા અને પૅટ્રોકૅમિકલ્સ ક્ષેત્રે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કૅમિકલ્સ લિમિટેડ (GSFC) દ્વારા ત્રણ મોટા પ્રોજેક્ટ્સ માટે કરારો કરવામાં આવ્યા હતા. તેમાં ફોસ્ફરિક ઍસિડ અને સલ્ફ્યુરિક ઍસિડ પ્રોજેક્ટ માટે રૂ. ૨,૫૦૦ કરોડ (૩૦૦ રોજગારી), ઍન્જિનિયરિંગ પ્લાસ્ટિક પ્રોજેક્ટ માટે રૂ. ૧,૮૫૦ કરોડ (૧૨૦ રોજગારી) અને અલ્ટ્રા-પ્યૉર ઍસિડ પ્રોજેક્ટ માટે રૂ. ૧૨૫ કરોડનાં રોકાણોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, પોલિકૅબ ઈન્ડિયા લિમિટેડ દ્વારા વડોદરામાં ગ્રીનફિલ્ડ ઍન્જિનિયરિંગ, ઑટો અને અન્ય ઉદ્યોગોના વિકાસ માટે કુલ રૂ. ૨,૦૦૨ કરોડ (રૂ. ૧,૦૦૮ કરોડ અને રૂ. ૯૯૪ કરોડના બે અલગ એમ.ઓ.યુ.)ના રોકાણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેના દ્વારા ૬૭૦ લોકોને રોજગારી પ્રાપ્ત થશે. રુબામિન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વડોદરામાં 'ક્રિટિકલ મિનરલ રિસાઈક્લિંગ'ના વિસ્તરણ માટે રૂ. ૬૧૫ કરોડના રોકાણના કરાર કરવામાં આવ્યા. IBM ઈન્ડિયા અને ઈન્ડિયન AI રિસર્ચ ઑર્ગેનાઈઝેશન સાથે મળીને ઈન્ડસ્ટ્રિયલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ને પ્રોત્સાહન આપવા માટે 'સેન્ટર ઑફ એક્સેલન્સ' અને 'લિવિંગ લૅબ્સ'ની સ્થાપના કરવામાં આવશે. રિકવ વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે GIDC પર્યાવરણને લગતી કામગીરી માટે સમજૂતી કરાર સંપન્ન થયા હતા.

### આરોગ્ય, પરિવહન અને પર્યાવરણક્ષેત્રે ગુજરાતનું મક્કમ પ્રયાણ

# એક જ મુલાકાતમાં ગુજરાતને મળ્યા ત્રિવિધ ક્ષેત્રે લાભ



*કેન્દ્રીય સહકારિતા અને ગૃહ મંત્રાલયને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડનાર કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ગુજરાતની મુલાકાતે જ્યારે પણ આવે ત્યારે લોકોને મળતી સુવિધાઓમાં વધારો નોંધાય છે. તેમની તાજેતરની મુલાકાતમાં તેમણે ગાંધીનગરમાં પર્યાવરણ-મિત્ર એવી 'PM eBus Sewa'ના શુભારંભ સાથે વૃક્ષઉછેરનો ઐતિહાસિક લક્ષ્યાંક નિર્ધારિત કરવા માટે વિશેષ બેઠક અને 'પીએમ ફૅમિલી કૅર ટ્રૅકર' તથા 'હેલ્થ પાસપોર્ટ'-સેવાનું લોકાર્પણ કર્યું હતું. મહાત્મા મંદિરથી કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીએ દેશની સર્વપ્રથમ સહકારી ટેક્સી-સેવા 'ભારત ટેક્સી'નો ગુજરાતનાં ૧૪ મુખ્ય શહેરોમાં શુભારંભ કરાવ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના ગુજરાતના પ્રવાસથી લોકોના જીવનને વધુ સરળ અને સુવિધાસંપન્ન બનાવતાં વિકાસકાર્યોની ભેટ પ્રાપ્ત થઈ.*

## પર્યાવરણ-મિત્ર પરિવહનનો શુભારંભ : 'PM eBus Sewa'

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ શરૂ કરાયેલી 'PM-eBus Sewa' યોજના અંતર્ગત આધુનિક, સ્વચ્છ અને ગ્રીન પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓનો કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શુભારંભ થયો.



*PM ઈ-બસસેવા અંતર્ગત વડોદરામાં ૩૦ એસી ઇલેક્ટ્રિક બસોના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.*

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર દેશના શહેરી વિસ્તારોમાં પ્રદૂષણમુક્ત અને સુગમ વાહનવ્યવહાર પૂરો પાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૭,૬૧૩ કરોડના કુલ અંદાજિત ખર્ચ સાથે આ યોજના અમલી છે, જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. ૨૦,૦૦૦ કરોડનો છે.

સમગ્ર દેશમાં PPP મૉડલ પર આધારિત ૧૦,૦૦૦ ઈલેક્ટ્રિક બસોમાંથી ગાંધીનગર શહેરને કુલ ૧૦૦ ઈલેક્ટ્રિક બસો ફાળવવામાં આવી. પ્રથમ તબક્કે ૪૦ આધુનિક એ.સી. ઇ-બસોને મહાનુભાવોએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ નવી ઇ-બસો મુસાફરોની સુરક્ષા અને સવલતની સાથે પર્યાવરણને અનુકૂળ છે. સંપૂર્ણ ઍર-કન્ડિશન્ડ બસોમાં ૨૫ મુસાફરોની બેઠક-ક્ષમતા, ૧૩ મુસાફરોને ઊભા રહેવાની સુવિધા, દિવ્યાંગજનો માટે બસમાં હાઇડ્રોલિક રૅમ્પ/પ્લૅટફૉર્મ સહિતની સંપૂર્ણ એક્સેસિબિલિટી તથા મહિલા અને વરિષ્ઠ નાગરિકો માટે ૪-૪ અનામત બેઠકો રાખવામાં આવી છે. તમામ બસોમાં Electronic Ticketing Machine (ETM)ની મદદથી મુસાફરો ભાડાની ડિજિટલી ચુકવણી કરી શકશે. ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોને

સાંકળતા ૧૮ રૂટો નક્કી કરાયા છે. મુસાફરીનું ભાડું અંતરના આધારે ન્યૂનતમ રૂ. ૫થી મહત્તમ રૂ. ૩૦ નિર્ધારિત કરવામાં આવ્યું છે. પાંચ વર્ષથી ઓછી વયનાં બાળકો માટે મુસાફરી નિઃશુલ્ક રાખવામાં આવી છે.

'PM-eBus Sewa'ના લોકાર્પણની સાથે જ કેન્દ્રીય મંત્રીશ્રીએ સર્વાંગી અને સર્વસ્પર્શી વિકાસના વિઝનને વધુ પારદર્શી બનાવવાના સંકલ્પ સાથે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર માટે એક વિશેષ ડિજિટલ પ્લૅટફૉર્મ 'પીએમ - ફેમિલી કેર ટ્રેકર' (PM-FCT) અને 'હેલ્થ પાસપોર્ટ' પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ શરૂ થયેલી આ ઐતિહાસિક પહેલ છેવાડાના માનવી સુધી આરોગ્ય અને શિક્ષણની સુવિધાઓ સુનિશ્ચિત કરશે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ ભારતના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ વર્ષ છે. આઝાદીનાં ૧૦૦ વર્ષનો ઇતિહાસ જ્યારે પણ લખાશે ત્યારે તેના બે સ્પષ્ટ ભાગ હશે: ૨૦૧૪ પહેલાંનું ભારત અને ૨૦૧૪ પછીનું ભારત. વર્ષ ૨૦૧૪ પછી દેશમાં ગરીબ-કલ્યાણના એક નવા યુગની




શરૂઆત થઈ છે. ડિજિટલ ક્રાંતિ અને સુશાસનના લાભો વર્ણવતાં તેમણે જણાવ્યું હતું કે, "વડાપ્રધાનશ્રીના પારદર્શી શાસન થકી દિલ્હીથી નીકળેલો રૂપિયો આજે કોઈ પણ વચેટિયા વિના સીધેસીધો ગરીબના બૅંક-ખાતામાં પૂરેપૂરો જમા થાય છે. માત્ર યોજનાઓ બનાવવી એટલું પૂરતું નથી, પરંતુ પ્રજાની ચિંતા, કાળજી અને માવજત કરવી તે સાચું શાસન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે માત્ર ૧૨ વર્ષમાં દેશના ૭૦ કરોડ ગરીબોને મકાન, વીજળી, શૌચાલય, નિઃશુલ્ક અનાજ અને ૫ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર આપીને તેમની પાંચ-પાંચ પેઢીઓનું સપનું સાકાર કર્યું છે.

આ અદ્યતન 'પીએમ ફૅમિલી કૅર ટ્રૅકર' પ્રણાલી અંતર્ગત જન્મ-મૃત્યુ, સ્વાસ્થ્ય, પોષણ અને શિક્ષણ જેવા તમામ વિભાગોના ડેટાબેઝને એક કમ્પ્યૂટર સિસ્ટિમમાં સાંકળી લેવાયા છે. માતાના ગર્ભથી લઈને ૧૬ વર્ષના બાળક સુધીના સ્વાસ્થ્ય અને પોષણનું આઈટી માધ્યમથી સચોટ ટ્રૅકિંગ થશે. જો કોઈ બાળક રસીકરણથી વંચિત રહેશે કે શાળાએ જવાનું બંધ કરશે તો તુરંત જ સિસ્ટિમમાં ઍલર્ટ જનરેટ થશે. સ્થાનિક અધિકારીઓથી લઈને ધારાસભ્ય અને સાંસદ સુધી નામ ફ્લૅશ થતાં જ તંત્ર બાળકના ઘરે પહોંચીને તેને મદદરૂપ થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રોજેક્ટને વડાપ્રધાનશ્રીના 'હૉલિસ્ટિક હેલ્થકેર' અભિગમનો શ્રેષ્ઠ નમૂનો કહીને 'ગર્ભથી ગૌરવપૂર્ણ યુવાની' સુધીની સુરક્ષિત વ્યવસ્થા ગણાવ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ લાભાર્થીઓને ન્યુટ્રિશન કિટ તથા હેલ્થ પાસપોર્ટનું વિતરણ કરીને બાળકોને પોલિયોનાં ટીપાં પિવડાવીને રાજ્યમાં આ આરોગ્ય રક્ષા-કવચનો પાયો વધુ સુદૃઢ કર્યો હતો.

પરિવહન, આરોગ્યની દરકાર લીધા બાદ કેન્દ્રીય મંત્રીશ્રીએ ગાંધીનગર લોકસભા વિસ્તારને દેશનો સર્વશ્રેષ્ઠ અને મૉડલ 'હરિયાળો લોકસભા વિસ્તાર'








બનાવવાના આશય સાથે અમદાવાદ ખાતે એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકનું આયોજન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ ૧ કરોડ ૨૬ લાખથી વધુ વૃક્ષો વાવવાનો ઐતિહાસિક લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો. આ મહાઅભિયાન અંતર્ગત ૩૦૮ સ્થળોએ લોકભાગીદારીથી વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે. કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના સૂચન અનુસાર, અમદાવાદમાં ૧૦૧ અદ્યતન 'ઑક્સિજન પાર્ક' બનાવાશે, જેની તમામ વિગતો અને જીપીએસ (GPS) લૉકેશન નાગરિકોને ઑનલાઈન માત્ર એક ક્લિક પર મળી શકશે. આ ઉપરાંત, વનવિભાગ દ્વારા ૬૦ લાખ રોપાઓ વાવીને ૮૨ 'વનકવચ' બનાવવામાં આવશે, જેમાં મિયાવાકી જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો વિશેષ ઉપયોગ થશે.

ગાંધીનગરમાં પર્યાવરણલક્ષી બેઠક, પ્રદૂષણમુક્ત 'PM eBus Sewa' તેમજ 'પીએમ - ફૅમિલી કૅર ટ્રૅકર' (PM-FCT) અને 'હેલ્થ પાસપોર્ટ' પ્રોજેક્ટ બાદ કેન્દ્રીય મંત્રીશ્રીએ ગાંધીનગરથી 'ભારત ટેક્સી'ના વિચારને અમલમાં મૂકવાના કાર્યક્રમમાં હાજરી આપી લોકોમાં રહેલા ઉત્સાહને વધાર્યો હતો.

દેશના સહકાર ક્ષેત્રને નવી ઊંચાઈ પર લઈ જનાર કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાત સહિત દેશના ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે એક ઐતિહાસિક ક્રાંતિની શરૂઆત કરાવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકાર સે સમૃદ્ધિ'ના મંત્રને સાકાર કરવા અમદાવાદથી શ્રી અમિતભાઈ શાહે દેશની સર્વપ્રથમ સહકારી ટેક્સી-સેવા 'ભારત ટેક્સી'નો ગુજરાતનાં ૧૪ મુખ્ય શહેરોમાં ભવ્ય શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં લૉન્ચ થયેલી આ અદ્યતન પહેલ ખાનગી ઍપ-આધારિત કંપનીઓ સામે એક મજબૂત અને કલ્યાણકારી વિકલ્પ બની છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી ખાનગી કંપનીઓએ વાહનચાલકોને માત્ર ડ્રાઈવર ગણીને કમિશનના નામે તેમનું શોષણ કર્યું, પરંતુ 'ભારત ટેક્સી'માં આ વાહનચાલકો માત્ર ડ્રાઈવર નથી, પણ 'સારથિ' અને 'માલિક' છે. આ મૉડલ ગ્રાહકોને માત્ર વાજબી ભાવે સુરક્ષિત સવારી જ નથી આપતું, પરંતુ સારથિઓને સન્માન, સુરક્ષા અને સમૃદ્ધિની ગૅરંટી આપે છે. 'ભારત ટેક્સી'ની ઍન્ટ્રી રોકવા અન્ય કંપનીઓ ભાડાં ઘટાડી રહી છે, પરંતુ 'ભારત ટેક્સી' ન તો થાકશે કે ન તો મેદાન છોડીને ભાગશે. જેમ 'અમૂલ' અને 'ઇફકો'એ ખાનગી કંપનીઓની સામે પણ સફળતા મેળવી છે, તેવી જ રીતે 'ભારત ટેક્સી' પણ વિજયી બનશે. આગામી દિવસોમાં આ સંસ્થા સારથિઓને સસ્તા દરે લોન અને તેમના પરિવારો માટે વીમાકવચ પણ પૂરું પાડશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. 'અમૂલ' અને 'ઇફકો' (IFFCO)ના મૉડલ પર આધારિત આ સંસ્થામાં અત્યાર સુધીમાં ૭ લાખથી વધુ સારથિઓ માત્ર રૂ. ૧૦૦નો શેર લઈને સહ-માલિક બન્યા છે, જેમાં ચાલકોએ કોઈ કમિશન ચૂકવવું નહીં પડે અને ૧૦૦ ટકા કમાણી સીધી તેમના હાથમાં આવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ નવી પારદર્શી પહેલના પરિણામે મુસાફરોને તમામ માહિતી સ્પષ્ટ રીતે ઉપલબ્ધ થશે અને ભાડાનાં ધોરણો પારદર્શક રહેશે, જેથી ગ્રાહકો અને સારથિઓ બંનેનાં હિતોનું રક્ષણ થશે. જે મહિલાઓને વાહન ચલાવતા આવડતું હશે તેના માટે પણ 'સારથિ દીદી' દ્વારા રોજગારીની તકો ઊભી થવાની છે.





## વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી ૨૦૨૬-૨૯

# ગુજરાત બનશે વૈશ્વિક ડેટા હબ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ભારત દેશ આજે વિશ્વના સૌથી મોટા ડેટા-યુઝર અને ડેટા-ઉત્પાદક દેશ તરીકે ઊભરી રહ્યો છે. ડિજિટલ યુગમાં ડેટા માત્ર માહિતી નથી, પરંતુ દેશના આર્થિક અને સામાજિક વિકાસનો નવો આધારસ્તંભ છે. વડાપ્રધાનશ્રીના 'ડિજિટલ ઈન્ડિયા'ના સંકલ્પને સાકાર કરવામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત હંમેશાં 'પ્રાઈમ મૂવર' રહ્યું છે. રાજ્ય સરકારે તાજેતરમાં બે અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધા છે, જે રાજ્યના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નાગરિકોની ડેટા-સુરક્ષા માટે ગૅમ-ચેન્જર સાબિત થશે. એક તરફ વૈશ્વિક રોકાણો આકર્ષવા માટે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ ૨૦૨૬-૨૯' અમલમાં મૂકવામાં આવી છે, તો બીજી તરફ પાયાના સ્તરે જગતના તાત એવા ખેડૂતોના હિત-રક્ષણ કાજે 'વિભાગીય ડેટા સમિતિ' (DDC)ની રચના કરીને વહીવટી તંત્રની પારદર્શિતાનો મજબૂત પુરાવો આપ્યો છે.

### પૉલિસીમાં સમાવિષ્ટ પ્રોત્સાહનો

- ***કૅપિટલ સબસિડી (ધોલેરા વિસ્તાર)*** માન્ય ફિક્સ્ડ કૅપિટલ ઈન્વેસ્ટમેન્ટ ઉપર ૨.૫% સબસિડી, ૧૦ વર્ષની અંદર દાવો કરી શકાય છે.
- ***વ્યાજ સબસિડી :*** ૧૦ વર્ષની ટર્મ-લોન પર ૪% સુધીની સબસિડી, વાર્ષિક રૂ. ૨૫ કરોડ સુધી મર્યાદિત.
- ***પાવર ટૅરિફ સબસિડી :*** ૨૦ વર્ષ માટે પ્રતિ યુનિટ રૂ.૧ સબસિડી, જેના થકી લાંબાગાળાની કાર્યકારી બચત સુનિશ્ચિત થશે.
- ***સ્ટૅમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશન-ફીમાંથી મુક્તિ :*** જમીનની લીઝ / ખરીદીના વ્યવહારો પર ૧૦૦% મુક્તિ.
- ***ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીનું રિઈમ્બર્સમેન્ટ (વળતર) :*** ૨૦ વર્ષ માટે ૧૦૦% રિઈમ્બર્સમેન્ટ.
- ***SGSTનું રિઈમ્બર્સમેન્ટ :*** ૨૦ વર્ષ સુધી પ્લાન્ટ અને મશીનરી, બિલ્ડીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અને માન્ય સેવાઓ પર સંપૂર્ણ રિઈમ્બર્સમેન્ટ.
- ***વિશિષ્ટ બિલ્ડિંગો માટેનાં ધોરણો :*** હાઈપરસ્કેલ-રેડી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સક્ષમ બનાવવા માટે FSI, પાર્કિંગ, ગ્રાઉન્ડ કવરેજ અને તકનીકી જોગવાઈઓમાં છૂટછાટો.
- ***કૅપ્ટિવ ડિસેલિનેશન પ્લાન્ટ સપોર્ટ*** ૨૦% કૅપિટલ સપોર્ટ અથવા રૂ.૨ કરોડ / MLD, પાણી સંબંધિત ટકાઉ ઉકેલોને પ્રોત્સાહન આપવામાં આવશે.
- ***નોન-ફિસ્કલ પાવર સપ્લાયના લાભો*** ડ્યુઅલ ફીડર, ઓપન એક્સેસ પરવાનગીઓ અને વિતરણ લાઈસન્સ માટે સુવિધા.
- ***સિંગલ વિન્ડો ક્લિયરન્સ :*** ઈન્વેસ્ટર ફૅસિલિટેશન પોર્ટલ / DST ઈન્સેન્ટિવ મૅનેજમેન્ટ પોર્ટલ દ્વારા મંજૂરીઓને સ્ટ્રીમલાઈન કરવી.

### 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી ૨૦૨૬-૨૯':

રાજ્યમાં ડિજિટલ ઈકૉનૉમી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ક્લાઉડ કમ્પ્યૂટિંગ અને સ્માર્ટ મૅન્યુફેક્ચરિંગ જેવાં ઈમર્જિંગ સેક્ટરોને નવી ગતિ આપવા માટે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી ૨૦૨૬-૨૯'નું ભવ્ય લૉન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ સહિત નાણાવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન અને ઉદ્યોગ વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રી મમતા વર્મા વગેરે વરિષ્ઠ અધિકારીઓ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ પૉલિસીથી ડિજિટલ ઈકૉનૉમી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન જેવાં ઈમર્જિંગ સેક્ટર્સને નવી ગતિ મળી છે, તેમજ વર્લ્ડ ક્લાસ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વિશાળ તકો ઊભી થઈ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ વર્ષના કેન્દ્રીય બજેટમાં દેશને ક્લાઉડ અને એ.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગ્લોબલ હબ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. સાથે જ ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વૈશ્વિક કામગીરી માટે પ્રદાતાઓને ૨૦ વર્ષનો ટૅક્સ હૉલી-ડે આપવામાં આવ્યો છે, તે આ ક્ષેત્રના વિકાસ માટે પ્રેરકબળ બનશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ દેશમાં સેમિકન્ડક્ટર અને ડેટાક્ષેત્રે ભૂતકાળમાં મળેલી નિષ્ફળતાઓનો ચિતાર આપતાં જણાવ્યું હતું કે, ૧૯૭૬થી ૨૦૦૯ સુધી દેશમાં અનેક વચનો અપાયાં અને જાહેરાતો થઈ, પરંતુ પ્રોજેક્ટ્સ જમીન પર ન ઊતરી શક્યા. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૧માં સેમિકન્ડક્ટર મિશન શરૂ થયું. માત્ર ૪ મહિનાના ટૂંકા ગાળામાં ગુજરાતે ૩થી વધુ સેમિકન્ડક્ટર ઓસેટ (OSAT) પ્લાન્ટનાં લોકાર્પણ કરીને પોતાની ક્ષમતા સાબિત કરી છે.

ધોલેરાની ક્ષમતા વિશે નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, માત્ર ધોલેરામાં જ પૉલિસીની ક્ષમતા કરતાં બમણી ડિમાન્ડ છે, જેના પરિણામે ધોલેરા વિશ્વનું સૌથી મોટું 'ડેટા સેન્ટર સિટી' બનશે.

### ખેડૂતોને શો લાભ થશે ?

- ***ખેડૂતોની વ્યક્તિગત, બૅંકિંગ અને અન્ય સંવેદનશીલ માહિતી સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે.***
- ***ડેટાના દુરુપયોગ, અનધિકૃત પ્રવેશ અને સાયબર જોખમો પર અસરકારક દેખરેખ રાખવામાં આવશે.***
- ***ભવિષ્યની કૃષિનીતિઓ, યોજનાઓને વાસ્તવિક આંકડા તથા વૈજ્ઞાનિક વિશ્લેષણના આધારે તૈયાર કરવામાં આવશે.***
- ***કૃષિ સબસિડી, પાક-વીમો, કુદરતી આપત્તિ-રાહત તેમજ અન્ય સરકારી સહાયનું વિતરણ વધુ ઝડપી, પારદર્શક અને ચોક્કસ બનશે.***
- ***પાત્રતા ધરાવતા ખેડૂતો સુધી લાભ સીધેસીધો પહોંચશે.***

ડેટા સેન્ટર સ્થાપવાની સાથેસાથે આગામી સમયમાં ધોલેરાને ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર્સ (GCC)નું હેડક્વાર્ટર બનાવવાની દિશામાં પણ સરકાર સક્રિયપણે કામ કરી રહી છે. ધોલેરાની કનેક્ટિવિટી વધારવા ટૂંક સમયમાં જ નવું ઍરપોર્ટ કાર્યરત થશે અને અમદાવાદથી ધોલેરા વચ્ચે સેમિ-હાઈસ્પીડ ટ્રેન પણ શરૂ થનાર છે.

મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, નવી 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી'ના પરિણામે ગુજરાત AI અને ડેટા સેન્ટર ક્ષેત્રે ગ્લોબલ લીડર બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતને કુલ ૧૦ ગીગાવૉટ ક્ષમતાના ડેટા સેન્ટરના પ્રસ્તાવો મળ્યા છે, જેમાંથી ૮ ગીગાવૉટ સુધીની ક્ષમતા વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ માત્ર ડેટા-સ્ટોરેજ પૂરતું મર્યાદિત નથી, પરંતુ સમગ્ર દેશ અને દુનિયા માટે એક સંપૂર્ણ AI-ઈકોસિસ્ટિમ તૈયાર કરવાનો એક ભાગ છે.

### 'વિભાગીય ડેટા સમિતિ'ની રચના થતાં ગુજરાતમાં ખેડૂતોનો ડેટા રહેશે સુરક્ષિત

ડિજિટલ ઈન્ડિયાના સંકલ્પને વેગ આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે મહત્ત્વનું પગલું ભર્યું છે. કૃષિ, ખેડૂત-કલ્યાણ તેમજ સહકાર વિભાગે ખેડૂતોની માહિતીની સુરક્ષા માટે 'વિભાગીય ડેટા સમિતિ' (DDC)ની રચના કરી છે.

કેન્દ્ર સરકારના ડિજિટલ વ્યક્તિગત ડેટા-સંરક્ષણ અધિનિયમ, ૨૦૨૩ (DPDP Act)ની વિભાવના અનુસાર, રાજ્ય સરકારે સુનિશ્ચિત કર્યું છે કે ખેડૂતોનો વ્યક્તિગત, નાણાકીય અને કૃષિ-સંબંધિત ડેટા સંપૂર્ણપણે સુરક્ષિત રહે, તેનો ઉપયોગ નિયમો મુજબ અને ખેડૂતોની સંમતિથી જ કરવામાં આવે. કૃષિવિભાગ અને તેની સાથે સંકળાયેલાં બોર્ડ-નિગમો તેમજ કૃષિ યુનિવર્સિટીઓના ડેટાનું વૈજ્ઞાનિક, સુરક્ષિત અને પારદર્શક સંચાલન વિભાગીય ડેટા-સમિતિ દ્વારા સુનિશ્ચિત કરાશે.

# આપદા સામે અડીખમ ગુજરાત




કુદરતી આપત્તિઓ સામે અડીખમ રહીને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. તાજેતરમાં રાજ્યમાં સર્જાયેલી ભારેથી અતિભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે ગુજરાત સરકારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કુશળ માર્ગદર્શન હેઠળ આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે સરાહનીય સજ્જતા અને કટિબદ્ધતા દાખવી છે. આપત્તિના સમયે વહીવટી તંત્રને સક્રિય રાખવા માટે રાજ્યકક્ષાએથી લઈને જિલ્લાકક્ષા સુધી ત્રિસ્તરીય સમીક્ષા માળખું કાર્યરત કરવામાં આવ્યું છે, જેનાથી ગ્રાઉન્ડ ઝીરો પર વહીવટી કામગીરી વધુ ઝડપી અને સુદૃઢ બની છે.

રાજ્યની આ વિકટ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ટેલિફોનિક સંવાદ સાધીને પૂર અને પાણી ભરાવાની સ્થિતિની ઝીણવટભરી વિગતો મેળવી હતી. આ ઉચ્ચસ્તરીય ચર્ચા દરમિયાન અસરગ્રસ્ત વિસ્તારોમાં વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી રાહત અને બચાવ કામગીરીની પ્રગતિ તેમજ નાગરિકોના જનજીવનની સલામતી અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ રાજ્ય સરકારની આપત્તિ-વ્યવસ્થાપનની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરતાં ખાતરી આપી હતી કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર આ કુદરતી આફતમાં ગુજરાત સાથે ખભેખભો મિલાવીને ઊભી છે અને રાજ્યની જરૂરિયાત મુજબ તમામ જરૂરી સંસાધનો, ટૅક્નિકલ સહાય, NDRFની મદદ અને અન્ય પૂરક વ્યવસ્થાઓ તાત્કાલિક ધોરણે પૂરી પાડવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

## પૂરની સ્થિતિનો ગ્રાઉન્ડ રિપોર્ટ મેળવતા મુખ્યમંત્રીશ્રી

અતિ અને અભાવ બંને પરિસ્થિતિમાં હૈયે હામ રાખીને સમસ્યાનો સામનો કરવાનું અદ્ભુત કૌશલ્ય ગુજરાતે હંમેશાં કેળવ્યું છે. ગુજરાતના અન્ય જિલ્લાઓની જેમ જ સુરત શહેરે પણ આ વખતે ભારે અતિવૃષ્ટિનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદના કારણે સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની સ્થિતિનો ગ્રાઉન્ડ રિપોર્ટ મેળવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સ્વયં સુરત પહોંચ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સુરતમાં ભારે વરસાદની વિકટ સ્થિતિ અને પૂર દરમિયાન સામે આવેલી વહીવટી ક્ષતિઓનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે તાત્કાલિક ઍક્શન પ્લાન બનાવીને અમલમાં મૂકવા તાકીદ કરી હતી. તેમણે સુરતમાં ખાડી-પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે 'ખાડી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' અંતર્ગત રાજ્ય સરકાર તરફથી રૂ. ૫૦૦ કરોડની માતબર રકમની ફાળવણી જાહેર કરી હતી. આ ઐતિહાસિક ફાળવણી અંગે નાયબ મુખ્યમંત્રી



શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ સુધારણાત્મક કાર્યોથી ભવિષ્યમાં સુરતવાસીઓને ખાડી-પૂરની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. વધુમાં, મુખ્યમંત્રીશ્રીએ તમામ વરસાદી અસરગ્રસ્તોને ઝડપભેર કૅશ-ડૉલ્સ અને ઘરવખરી સહાયની ચુકવણી કરવાના દિશાનિર્દેશો પણ તંત્રવાહકોને આપ્યા હતા.

## નાયબ મુખ્યમંત્રીશ્રી ઊતર્યા પાણીમાં અને યુદ્ધના ધોરણે ચુકવાઈ સહાય

સુરત શહેરના અસરગ્રસ્ત વિસ્તારને રેકોર્ડ-બ્રેક સમયમાં ફરીથી બેઠું કરવા અને જનજીવન પૂર્વવત્ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યુદ્ધના ધોરણે અભૂતપૂર્વ કવાયત હાથ ધરવામાં આવી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ પૂરનાં પાણીનો ત્વરિત નિકાલ, યુદ્ધના ધોરણે સફાઈ અને નાગરિકોના સ્વાસ્થ્ય પર સર્વોચ્ચ ભાર મૂકીને આગામી ૪૮થી ૭૨ કલાકમાં તમામ વેપાર-રોજગાર પુનઃ શરૂ થઈ શકે તેવી સ્થિતિ સર્જવા માટે કડક આદેશો આપ્યા. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં અંદાજે ૯,૧૦૦થી વધુ પરિવારોનો રેકોર્ડ-બ્રેક ડૉર-ટુ-ડૉર સર્વે પૂર્ણ કરીને ૮૦૦થી વધુ અસરગ્રસ્ત પરિવારોને રૂ. ૬,૮૦૦ લેખે ઘરવખરી અને કૅશડૉલની સહાય સત્વરે ચૂકવી દેવાઈ છે. આપત્તિની આ ઘડીમાં સમગ્ર સરકારી તંત્ર સુરતના નાગરિકોની સુરક્ષા અને સુવિધા માટે રાત-દિવસ એક કરી રહ્યું છે અને ટૂંક સમયમાં જ સુરત ફરી અણનમ ઊભું થઈને દેશના વિકાસ એન્જિન તરીકે ધમધમતું થશે તેવો દૃઢ વિશ્વાસ નાયબ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો.

પૂરની આપત્તિનો સામનો કરવા માટે સુરત મહાનગરપાલિકા, પોલીસતંત્ર, જિલ્લા વહીવટી તંત્ર, ફાયર બ્રિગેડ તેમજ NDRFની બે અને SDRFની પાંચ ટીમોએ ખભેખભા મિલાવીને પ્રશંસનીય કામગીરી કરી હતી. સરકારી તંત્રોની સાથે સુરત શહેરના અંદાજે ૫,૦૦૦થી વધુ સેવાભાવી નાગરિકો અને સ્વયંસેવકોએ પણ ઉત્સાહભેર સહયોગ આપ્યો હતો. તંત્ર અને જનશક્તિના સમન્વયથી સુરત શહેરમાં ૩,૬૦૦ લોકોને સલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યાં હતાં.

બીજી તરફ, સૌરાષ્ટ્ર પંથકની પ્રવર્તમાન સ્થિતિ અંગે અમરેલી અને રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ અમરેલી, રાજકોટ અને ભાવનગર જિલ્લાના વહીવટી તંત્ર સાથે ઉચ્ચસ્તરીય વર્ચ્યુઅલ બેઠક યોજીને ઍક્શન પ્લાનની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને ભાવનગરના પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ નીચાણવાળા વિસ્તારો, નદી-નાળાં તેમજ જળાશયોમાં પાણીની આવકનો લાઇવ રિપોર્ટ મેળવ્યો હતો. તેમણે PGVCL, પાણી પુરવઠા અને માર્ગ-મકાન વિભાગને સ્ટૅન્ડ-બાય રહેવા તેમજ જોખમી હોર્ડિંગ્સ-મકાનો તાત્કાલિક દૂર કરવા આદેશ આપ્યા હતા. આ જ રીતે, વરસાદી માહોલ વચ્ચે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો અટકાવવા માટે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાની અધ્યક્ષતામાં પણ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. રાજ્યમાં દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની ખાતરી આપતાં તેમણે તમામ PHC-CHC કેન્દ્રો અને ૧૦૮ ઍમ્બ્યુલન્સ સેવાઓને તબીબો અને પૅરામેડિકલ સ્ટાફ સાથે ૨૪ કલાક સેવામાં સજ્જ રાખવા તેમજ 'રેડ એલર્ટ' ધરાવતા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વિશેષ તકેદારી રાખવા સૂચનાઓ આપી હતી.












# મજબૂત બનતું મહેસૂલી તંત્ર



ગામ માટે તલાટી સરકારનો ચહેરો છે. તલાટીએ ગામમાં જમીનને લગતા અગત્યના દસ્તાવેજો, ચૂંટણી, વસ્તી-ગણતરી જેવી સેવાઓની કામગીરી કરવાની હોય છે. આથી જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની મહેસૂલ પાંખને વધુ સક્ષમ બનાવવાના પ્રયાસો હાથ ધરાયા. ગાંધીનગરમાં યોજાયેલા સમારોહમાં મહેસૂલ-તલાટી સંવર્ગમાં નવી નિમણૂક મેળવેલા ૨૩૦૦થી વધુ યુવાઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે નિમણૂકપત્રો એનાયત થયા. નવા ઉમેદવારોને આવકારવાની સાથે જ રાજ્ય સરકારે ૨૧ જેટલી મહેસૂલી સેવાઓને વધુ સરળ અને ઝડપી બનાવવાની કરેલી અભિનવ પહેલો અને નવી કચેરીઓ લોકોને અર્પણ કરવાની કામગીરી કરવામાં આવી હતી. સાથોસાથ, રાજ્યના સેટલમેન્ટ કમિશનર શ્રી આર્દ્રા અગ્રવાલ અને ભારત સરકારના એડિશનલ સર્વેયર જનરલ શ્રી એમ.સી. ગોર વચ્ચે સિટી-સર્વે નકશાઓને જિયો રેફરન્સિંગ માટે સર્વે ઑફ ઇન્ડિયા સાથે સમજૂતી કરાર-MoU કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડા ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રેવન્યૂ-તલાટી મહેસૂલ તંત્રની કરોડરજ્જુ અને ગામડાંના વહીવટનો આધારસ્તંભ છે. નવી નિમણૂક મેળવી રહેલા યુવાઓએ પ્રજાહિતકારી કાર્યપદ્ધતિ અપનાવીને જે વ્યક્તિ તકલીફમાં છે તેનું કામ સરળતાએ પાર પાડવાને પ્રાથમિકતા આપવી. રેવન્યૂ તલાટી તરીકે ગ્રામજનોના અનેક પ્રશ્નો કે સમસ્યાઓને સ્થાનિક સ્તરે નિવારવા તે તેમનું દાયિત્વ ગણાય. જે કંઈ પણ કામ થાય તે એવું વ્યવસ્થિત અને પદ્ધતિસરનું થાય કે મહેસૂલ વિભાગમાં કે સરકારમાં પણ તે કામને કારણે ભવિષ્યમાં કોઈ પ્રશ્નો ઊભા ન થાય. તલાટી પાસે આવતા લોકોની અપેક્ષાઓ એ જ હોય છે કે તેનું કામ ઝડપી અને સરળતાએ થઈ જાય એટલે તલાટીએ હંમેશાં સામેની વ્યક્તિમાં પોતાની જાતને મૂકીને કામગીરીનું મૂલ્યાંકન કરવું.

# ગુજરાત પોલીસદળમાં બિન-હથિયારી PSIની નિયુક્તિ



ગુજરાત સરકારે કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે પોલીસ કોન્સ્ટેબલથી લઈને PSI સુધીના વિવિધ સંવર્ગોમાં હજારો જવાનોની પારદર્શક અને સફળ ભરતી કરી છે, જે રાજ્યની સુરક્ષા પ્રત્યેની જવાબદારીને પ્રાધાન્ય આપવાના રાજ્ય સરકારના અભિગમને દર્શાવે છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને સુદૃઢ કરવા ૪૪૯ બિન-હથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટરો (PSI)ને નિમણૂકપત્ર અર્પણ કરવાનો સમારોહ ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો, જેમાં ઉમેદવારોને તેમના નિમણૂકપત્રો એનાયત કરીને પોલીસદળમાં આવકારવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોઈ પણ રાજ્યનો વિકાસ શાંતિ અને સલામતી વગર શક્ય નથી. ગુજરાતે દેશના રોલ-મૉડલ તરીકે વિકાસની જે ખ્યાતિ મેળવી છે તેમાં શાંતિ અને સલામતીના પ્રહરી એવા પોલીસદળનો સિંહફાળો છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની સફરમાં પોલીસદળની ભૂમિકા મહત્ત્વની રહેવાની છે. પોલીસદળમાં નવનિયુક્ત આ યુવાઓ તેમના લાંબા કારકિર્દી દરમિયાન ૨૦૪૭ના વિકસિત ભારત-વિકસિત ગુજરાતના નિર્માણના સંવાહક બનશે, તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સામાન્ય જનતા માટે પોલીસ એટલે ગુનેગારોને 'સીધા' કરનારી એક ફોર્સ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, જ્યારે પણ રાજ્યમાં કોરોના મહામારી કે ભારે વરસાદ જેવી કુદરતી આફતો સહિતની કોઈ પણ કપરી પરિસ્થિતિ આવે, ત્યારે જનતાના રક્ષણ માટે સૌથી પહેલું નામ પોલીસનું જ આવે છે. મુખ્યમંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ નવા ફોજદારી કાયદાઓ અને તાલીમ-પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે પોલીસ વિભાગની ઇ-મોડ્યુલ પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# વિકસિત ગુજરાત@2047 અમલીકરણ રોડમૅપનું અનાવરણ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારતે 'વિકસિત ભારત@2047'ની પરિવર્તનકારી યાત્રા શરૂ કરી છે. ગુજરાત સરકારે પણ તેને સુસંગત રહીને વર્ષ ૨૦૪૭ સુધીમાં વૈશ્વિક સ્તરે સમૃદ્ધ, સ્પર્ધાત્મક, સર્વસમાવેશી, સસ્ટેનેબલ અને ઇનોવેશન આધારિત રાજ્ય બનવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકસિત ગુજરાત@2047 અમલીકરણ રોડમૅપના અનાવરણ દ્વારા વિઝનથી ઓન ગ્રાઉન્ડ એક્ઝિક્યુશન તરફ રાજ્ય સરકારની એક નિર્ણાયક પરિવર્તનકારી પહેલ કરી છે. મુખ્યમંત્રીશ્રીએ અનાવરણ કરેલો આ રોડમૅપ ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રાન્સફોર્મેશન-GRIT અને સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગ દ્વારા સંયુક્તપણે તૈયાર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિકસિત ભારત માટે ગુજરાતના યોગદાન બાબતે આ રોડમૅપ સ્પષ્ટતા લાવે છે, તેનાથી કેન્દ્રિત અને જવાબદાર શાસન સુનિશ્ચિત થાય છે. આ રોડમૅપનું અમલીકરણ નાગરિકો માટે સારી આજીવિકા, મજબૂત માળખાગત સુવિધા અને સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા જીવનની ગુણવત્તામાં સુધારો કરવામાં ઉપયોગી બનશે. ગુજરાતે GRITની સ્થાપના અને તૈયાર કરાયેલા કોમ્પિટિટિવ, ઇન્ક્લુઝિવ, સસ્ટેનેબલ અને ટૅક્નોલૉજી-ડ્રિવન સ્ટેટ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરતા લૉંગ ટર્મ સ્ટ્રેટેજિક વિઝનરૂપ આ રોડમૅપના અમલીકરણથી ગવર્નન્સમાં ગુણવત્તાની વડાપ્રધાનશ્રીએ કરેલી હિમાયતને આપણે ચરિતાર્થ કરવાની છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સામાન્ય માનવીની સુખાકારી અને આર્થિક આધારને વધુ સુદૃઢ બનાવવા અર્નિંગ વેલ, લિવિંગ વેલનો જે કન્સેપ્ટ આપ્યો છે તેને પૂર્ણ કરવામાં GRITના આ રોડમૅપનું અમલીકરણ દિશાદર્શક બનશે. વિકસિત ગુજરાત-2047ના અમલીકરણ રોડમૅપમાં જે માઇક્રોપ્લાનિંગ કર્યું છે તેને ઍક્શન પ્લાનથી અમલી બનાવીને સંકલિત અને નિષ્ઠાપૂર્વકના સહિયારા પ્રયાસોથી વિકસિત ગુજરાતનું નિર્માણ કરવાનું છે. વડાપ્રધાનશ્રીએ ૧૨ વર્ષના સુશાસનમાં વિકાસનો જે અભિગમ અપનાવ્યો છે તેને આગળ વધારતાં સૌ રાજ્યો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધાત્મકતાનું વાતાવરણ સર્જાયું છે. ગુજરાતે વિકસિત ભારત માટે આગેવાની લેવાનો જે સંકલ્પ કર્યો છે તેને જાળવી રાખવા સતત કાર્યરત રહેવું પડશે.

GRITનાં CEO શ્રીમતી એસ. અપર્ણાએ વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરતાં જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં જાન્યુઆરી ૨૦૨૪માં વિઝન ડૉક્યુમેન્ટમાં રાજ્યના ૨૬ વિભાગોના સંયુક્ત પ્રયાસોથી વર્ષ ૨૦૪૭ સુધીમાં ગુજરાતનો GSDP ૩.૫ ટ્રિલિયન ડોલર સુધી લઈ જવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. આ રોડમૅપમાં લિવિંગ વેલ અને અર્નિંગ વેલના મંત્રને સાકાર કરવા મુખ્ય ૧૧ થીમ, ૧૨૦ મેક્રો ગોલ તેમજ ૫૫ કી થ્રસ્ટ એરિયા નક્કી કરવામાં આવ્યા છે.

આ નિર્ધારિત વિકાસકાર્યોની સમીક્ષા માટે ગાંધીનગરમાં આવેલી GRITની કચેરીમાં 'સ્ટ્રૅટેજી રૂમ'માં ડિજિટલ ડૅશબોર્ડના માધ્યમથી પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવશે. આ અનાવરણ કાર્યક્રમમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મંત્રીમંડળના મંત્રીશ્રીઓ તેમજ મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી ડૉ. હસમુખ અઢિયા અને વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના નૅશનલ હાઇવેનાં કામોની થઈ સમીક્ષા



રાજ્ય સરકારના વિવિધ વિભાગો વચ્ચેના સુચારુ સંકલનના પરિણામે રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસકામોમાં ગતિ વધી છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગના કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ ગુજરાતના નૅશનલ હાઇવેનાં વિકાસકામોની સર્વગ્રાહી સમીક્ષા બેઠક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સંબંધિત વિભાગો સાથે ગાંધીનગરમાં યોજી હતી. આ બેઠકમાં સેન્ટ્રલ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી રાજ્યના નૅશનલ હાઇવેનાં કામો માટે ફંડ મેળવવા અંગે દરખાસ્તો ત્વરાએ કેન્દ્રીય મંત્રાલયને મોકલવા મુખ્યમંત્રીશ્રીને વિગતવાર જાણ કરી હતી.

આ બેઠકમાં વડોદરા-મુંબઈ નૅશનલ હાઇવે-૪૮ના સિક્સ લેન, મોરબી-સામખિયાળી માર્ગ, રાજકોટ-ગોંડલ-જેતપુર રોડ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે, અમદાવાદ-ગોધરા-ઇન્દોર રોડ તેમજ જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે, પાલનપુર-સામખિયાળી કોરિડોર અને અમદાવાદ-શામળાજી સિક્સ લેન પ્રોજેક્ટ્સની વિગતો આપી હતી.

દરમિયાન, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેને ભાવનગર સુધી લંબાવવાનું કામ ઝડપભેર શરૂ કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ માર્ગોના DPR તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં હોય તેવા તબક્કે રોડ અલાઇન્મેન્ટમાં આવતી જમીન-સંપાદનની સરળતા માટે બિનખેતી મંજૂરી અંગેની કાર્યવાહી ૬૦ દિવસ માટે સ્થગિત કરવાનું જે મૉડલ ગુજરાતે અપનાવ્યું છે તે માટે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવ્યાં હતાં.

# વિચરતી-વિમુક્ત જાતિઓને મળશે નવું સરનામું



રાજ્યના સર્વગ્રાહી વિકાસના પ્રવાહમાં સમાજની મુખ્યધારા સાથે કદમ સે કદમ મિલાવી વિચરતી અને વિમુક્ત જાતિના લોકો પ્રગતિના પથને મક્કમ બનાવે તે દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સશક્ત નેતૃત્વમાં નક્કર આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિચરતા સમુદાય સમર્થન મંચ અને ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન સંચાલિત 'શાંતિનિવાસ' હૉસ્ટેલનું ઉદ્‌ઘાટન અને 'વલ્લભ વિદ્યાવિહાર' શાળાનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્થાના વિદ્યાર્થીઓને પુસ્તકો આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું બાળપણ એક અત્યંત સામાન્ય પરિવારમાં વીત્યું, પરંતુ તેમણે ક્યારેય પોતાની પરિસ્થિતિની વ્યથા રજૂ કરી નથી. એમણે હંમેશાં 'વ્યથામાંથી વ્યવસ્થા' તરફ આગળ વધવાનો માર્ગ અપનાવ્યો છે. વર્ષોથી ભટકતું જીવન જીવતી વિચરતી અને વિમુક્ત જાતિનાં આપણા ભાઈ-બહેનોને સમાજમાં સન્માનજનક સ્થાન અને પોતાનું કાયમી 'સરનામું' મળે, એ દિશામાં પહેલું મક્કમ કદમ શ્રી નરેન્દ્રભાઈએ જ માંડ્યું હતું. તેમના એ જ વિઝનને પરિણામે આજે સમગ્ર ગુજરાતમાં આ ક્ષેત્રે ખૂબ જ અભૂતપૂર્વ અને કલ્યાણકારી કાર્યો થઈ રહ્યાં છે.

આ પ્રસંગે વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM)નાં સ્થાપક-ટ્રસ્ટી શ્રી મિત્તલબહેન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલતા અને સમગ્ર વહીવટી તંત્રના સહકારથી વિચરતી જાતિઓના કલ્યાણ માટે અનેક કાર્યો કરવામાં આવી રહ્યાં છે.

## IITEના નૂતન ભવનનું ભૂમિપૂજન



વિશ્વકક્ષાના શિક્ષકો તૈયાર કરવા માટે વૈશ્વિક સ્તરની સંસ્થા સ્થાપવાના ઉદ્દેશ સાથે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી વિચારથી વર્ષ-૨૦૧૦માં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ ઍજ્યુકેશન (IITE) યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી. ભારતના ભવિષ્યના ઘડતરમાં યોગદાન આપનારા ઉત્તમ શિક્ષકોના નિર્માણમાં આ સંસ્થાનું યોગદાન રહેલું છે. 'રાષ્ટ્રનિર્માતા' શિક્ષકો તૈયાર કરીને ભારત વૈશ્વિક સ્તરે અગ્રણી ભૂમિકા ભજવે અને વિદેશોમાં પણ શ્રેષ્ઠ શિક્ષકો પૂરા પાડે, તેવા દૃષ્ટિકોણને આ સંસ્થા આજે નવી ઊંચાઈએ લઈ જઈ રહી છે.

સમાજને ઉત્તમ શિક્ષકો મળે તે હેતુસર વડાપ્રધાનશ્રીના આગવા વિઝનથી કાર્યરત IITEનું નવું અદ્યતન ભવન ગાંધીનગરમાં નિર્માણ પામે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ.૧૨૭ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર થનારા નૂતન ભવનનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ઉપરાંત શિક્ષણમંત્રી શ્રી પ્રદ્યુમનભાઈ વાજા તથા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા અને પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજા ઉપસ્થિત રહ્યાં હતાં. સમારોહ દરમિયાન મહાનુભાવોએ ITEPના અભ્યાસક્રમનું ડિજિટલ વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીની માતૃશાળા શ્રી બી.એન. હાઈસ્કૂલ, વડનગરના આદરણીય શિક્ષકો અને ગુરુજનોનું મુખ્યમંત્રીશ્રી દ્વારા ભાવપૂર્વક અભિવાદન-સન્માન કરવામાં આવ્યું હતું.



## ઉનામાં નવી છ શાળાઓને મંજૂરીપત્રો એનાયત

શાળાનાં પગથિયાં ચઢવાની શરૂઆત કરવાની સાથે જ બાળકના વ્યક્તિત્વવિકાસ તરફ ડગ મંડાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શિક્ષણજગતને આપવામાં આવતી પ્રાથમિકતાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાજ્ય સરકાર આગળ વધારી શિક્ષણક્ષેત્રે અગ્રિમ રહેવા પ્રયત્નરત છે. આ દિશામાં અગ્રેસર રહેવા એક દૂરગામી નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં માધ્યમિક શાળાઓનો વ્યાપ વધારવાના હેતુ સાથે સમગ્ર રાજ્યમાં ૨૦૦ નવી શાળાઓને મંજૂરી આપવામાં આવી. આ પ્રોજેક્ટ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના શૈક્ષણિક વિકાસને વેગ આપવા માટે ઉના તાલુકામાં પસવાડા,



માણેકપુર, કાળાપાણ, ખત્રીવાડા, એલમપુર અને વાંસોજ એમ નવી કુલ ૦૬ કમ્પોઝિટ શાળાઓ મંજૂર કરવામાં આવી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.પી.બોરીચાને શાળાઓના મંજૂરીપત્ર એનાયત કર્યા હતા. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગીર સોમનાથ જિલ્લાની ૩૬ સરકારી, આર.એમ.એસ.એ, મોડેલ શાળાઓ કાર્યરત હતી આ વર્ષે ૦૬ કમ્પોઝીટ સ્કૂલો અને ૦૫ સરકારી માધ્યમિક શાળાઓ મળી એમ કુલ ૪૭ સરકારી શાળાઓ જિલ્લામાં કાર્યરત છે. જેથી ગીર સોમનાથ જિલ્લાની શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગ મળશે.

આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શિક્ષણમંત્રી શ્રી પ્રદ્યુમનભાઈ વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યાં હતાં.

## 'દો બુંદ જિન્દગી કી...' પલ્સ-પોલિયો અભિયાન



સમગ્ર દેશમાં બાળલકવા-નાબૂદી માટે સઘન રીતે સક્રિય ‘પલ્સ-પોલિયો અભિયાન’ પ્રત્યેક ઘરના દરવાજે પહોંચ્યું છે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી બાળકોને ‘દો બુંદ જિન્દગી કી’ - પોલિયો રસીનાં ટીપાં પિવડાવીને પોલિયો-વિરોધી રસીકરણનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાન અંતર્ગત રાજ્યનાં ૦થી ૫ વર્ષના વયજૂથનાં ૮૩ લાખ ૪૯ હજારથી વધુ બાળકોને આવરી લેવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું. આ હેતુસર રાજ્યભરમાં ૩૨,૯૯૭ પોલિયો બુથ પરથી આરોગ્ય વિભાગના ૬,૫૯૯ સુપરવાઈઝરોના માર્ગદર્શનમાં કુલ ૬૫,૯૯૪ આરોગ્ય ટીમ બાળકોને ટીપાં પિવડાવવાની કામગીરીમાં જોડાયા હતા. તા.૨૮ જૂન, ૨૦૨૬ના રવિવારને પોલિયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તારીખ ૨૯ અને ૩૦ જૂનના દિવસોએ આરોગ્યકર્મીઓએ ઘરે - ઘરે પહોંચીને ૦થી ૫ વર્ષનાં ભૂલકાંઓને પોલિયો-વિરોધી રસીનાં ટીપાં પિવડાવ્યાં હતાં.

આ આરોગ્યલક્ષી કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા ઉપરાંત ગાંધીનગરનાં મેયર શ્રી મીરાબહેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબહેન પટેલ, આરોગ્ય અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, આરોગ્ય કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણ અને ભૂલકાંઓનાં માતા-પિતા તેમજ આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ‘નમો સ્વચ્છતા અભિયાન' અને 'અમૃતપાન અભિયાન'નો રાજ્યવ્યાપી પ્રારંભ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન, હર ઘર જલ, ઉજ્જ્વલા યોજના, આયુષ્માન ભારત સહિતની અનેક પહેલથી દેશના નાગરિકોના આરોગ્ય અને જીવનની ગુણવત્તા સુધારવા સાથે સ્વચ્છતા - સ્વસ્થતા માટે અસરકારક પ્રયાસો કર્યા છે. સ્વચ્છતાને સૌનો સહિયારો સંકલ્પ અને જન-જનનો સહજ સ્વભાવ બનાવવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. સ્વચ્છતા દરેક વ્યક્તિના સ્વભાવ અને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બને તે માટે રાજ્ય સરકારનાં વિવિધ અભિયાનો અમલી છે. ગાંધીનગરના સિવિલ કૅમ્પસમાં સફાઈ કરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'નમો સ્વચ્છતા અભિયાન' અને 'અમૃતપાન અભિયાન'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.



આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા આ પ્રસંગે હાજર રહ્યા હતા. આ મહાઅભિયાનમાં રાજ્યની ૧૧,૯૩૫ સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે 'અમૃતપાન અભિયાન માર્ગદર્શિકા' અને 'ફ્લિપ ચાર્ટ'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "પહેલું સુખ તે જાતે નર્યા" અને "પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યૉર"નો સંદેશ જીવનમાં ઉતારવાની જરૂર છે. ‘અમૃતપાન અભિયાન’ બાળક અને માતાના સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્ત્વનું છે. બાળકને જન્મથી જ યોગ્ય પોષણ અને સુરક્ષા મળે તે માટે વ્યાપક જનજાગૃતિ લાવવી એ સમયની માંગ છે. આરોગ્યસેવા માત્ર વ્યવસાય નહીં, પરંતુ માનવસેવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓના આશીર્વાદથી મોટી સંપત્તિ બીજી કોઈ નથી.”

## રાજ્યના શહેરી વિસ્તારનો સૌપ્રથમ કેબલ સ્ટેઇડ ફ્લાય-ઓવર

# ગાંધીનગર-કોબા-ભાટ-ઍરપોર્ટ સર્કલ




વધતા શહેરીકરણ વચ્ચે નાગરિકોને ટ્રાફિક સમસ્યાઓથી બચાવવામાં સેતુનું નિર્માણ આવકાર્ય છે. પાટનગર ગાંધીનગરને અમદાવાદ ઍરપોર્ટ સાથે જોડતાં ભાટ ચાર રસ્તા પરના માર્ગ પર નવીન કેબલ સ્ટેઇડ ફ્લાય-ઓવરનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું. રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ તથા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (‘ઔડા’) દ્વારા પચાસ-પચાસ ટકાની ભાગીદારીથી આ નવીન ફ્લાય-ઓવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. રૂ.૧૭૫ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ પામેલો, ૧.૪૮ કિલોમીટરની લંબાઈ ધરાવતો, રાજ્યના શહેરી વિસ્તારનો આ સૌપ્રથમ કેબલ સ્ટેઇડ ફ્લાય-ઓવર છે.

મુખ્યમંત્રીશ્રીએ આ બ્રિજના લોકાર્પણ સાથે ગાંધીનગર-અમદાવાદ કૉરિડોર પર કોબા સર્કલથી ભાટ સર્કલ વચ્ચે નર્મદા મુખ્ય કૅનાલના હાલના ૬-લેન બ્રિજનું ૧૨-લેનમાં રૂપાંતર કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. ટ્રાફિકજામના કારણે સર્જાતી બૉટલનેકની સ્થિતિના નિવારણ માટે કોબા સર્કલથી ભાટ સર્કલ વચ્ચેના હાલના બ્રિજની બંને બાજુ ત્રણ-ત્રણ લેનના નવા બ્રિજના નિર્માણ માટે રૂ. ૪૮ કરોડનો પ્રોજેક્ટ રાજ્ય સરકારે હાથ ધર્યો છે, જેથી સમગ્ર કૉરિડોરમાં છ-લેનની ક્ષમતા જળવાઈ રહેશે અને ભવિષ્યના વધતા વાહન-વ્યવહારને પણ સંભાળી શકાશે.

ગાંધીનગર-કોબા-ઍરપોર્ટ રોડ અને એસ.પી. રિંગરોડ પર મળીને દરરોજ અંદાજે કુલ ૧.૯૩ લાખથી વધુ વાહનોની અવરજવર રહે છે. ગાંધીનગર-ઍરપોર્ટ રોડ પર આવેલું ભાટ સર્કલ મુખ્ય જંક્શન હોવાના કારણે ત્યાં વારંવાર ટ્રાફિકજામની સમસ્યા ઊભી થાય છે અને વાહનચાલકોનાં સમય, ઈંધણ અને નાણાંનો વ્યય થાય છે. હવે, આ નવો કેબલ સ્ટેઇડ બ્રિજ કાર્યરત થવાથી એસ.પી. રિંગ રોડનો ટ્રાફિક બ્રિજની નીચેથી તેમજ અમદાવાદ-ગાંધીનગર તરફનો ટ્રાફિક બ્રિજ ઉપરથી એમ બે અલગ-અલગ સ્તરે સરળતાથી અવરજવર કરી શકશે અને લોકોને ટ્રાફિકજામની સમસ્યામાંથી મુક્તિ મળશે. એટલું જ નહિ, એસ.પી. રિંગરોડ, બરોડા અને સુરત તરફ જતાં વાહનોની સુગમતા માટે ત્રણ-ત્રણ એમ કુલ ૬-લેન સર્વિસ રોડ પણ બનાવવામાં આવ્યા છે. આ નવનિર્મિત કેબલ સ્ટેઇડ બ્રિજના લોકાર્પણ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કેબલ સ્ટેઇડ બ્રિજની વિશેષતાઓ




કેબલ સ્ટેઇડ બ્રિજ એટલે એવો પુલ, જેમાં બ્રિજને ટેકો આપવાનું મુખ્ય કાર્ય બ્રિજના રસ્તા (ડેક)ને જમીનથી ઊંચા સીધા થાંભલા (પાયલોન/ટાવર) સાથે જોડાયેલા સ્ટીલના કેબલ કરે છે. એટલે કે પુલનો ભાર સીધો કેબલ દ્વારા ટાવર સુધી પહોંચે છે અને પછી આ ટાવર તે ભારને જમીન સુધી પહોંચાડે છે.

### વિશેષતાંઓ




- લાંબા અંતરને ઓછા ખંભાઓ સાથે પાર કરી શકાય
- પુલનો ભાર સીધો કેબલ દ્વારા ટાવર સુધી પહોંચે છે
- મજબૂત અને સ્થિર રચના
- ઓછા પાયા અને વધુ પહોળા ડેક માટે ઉપયોગી
- આધુનિક, સુંદર અને લાંબા સમય સુધી ટકાઉ

**સારાંશ:** કેબલ સ્ટેઇડ બ્રિજમાં સ્ટીલના કેબલ, ટાવર અને ડેકની સંયુક્ત રચના તેને મજબૂત, કાર્યક્ષણ અને સુંદર-મનોહર બનાવે છે.

# 'સ્ટેટ્સ વિથ મોસ્ટ ઇમ્પ્રુવમેન્ટ' શ્રેણીમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ

ભારત સરકારના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૫ની સરખામણીએ વર્ષ ૨૦૨૩માં ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓના દરમાં ૩૪% અને ટીબીના કારણે થતા મૃત્યુદરમાં ૩૭%નો ઘટાડો નોંધાયો છે. આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતે વર્ષ ૨૦૨૫માં 'સ્ટેટ્સ વિથ મોસ્ટ ઇમ્પ્રુવમેન્ટ' શ્રેણીમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. આ માહિતી કૅબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આપી હતી.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી, જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મહત્ત્વાકાંક્ષી 'ટીબી-મુક્ત ભારત અભિયાન' અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના અદ્યતન અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૪ દરમિયાન ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓનો અંદાજિત દર પ્રતિ એક લાખે ૧૮૬ નોંધાયો છે. તેના આધારે, દેશમાં ટીબીનું સૌથી ઓછું ભારણ ધરાવતાં રાજ્યોમાં ગુજરાતે છઠ્ઠો ક્રમ તથા મોટાં રાજ્યોમાં ચોથો ક્રમ હાંસલ કર્યો છે.

ચાલુ વર્ષની કામગીરીની વિગતો આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, જાન્યુઆરીથી મે-૨૦૨૬ દરમિયાન ભારત સરકાર દ્વારા પ્રો-રેટા મુજબ નિર્ધારિત ૫૮,૩૩૩ના લક્ષ્યાંક સામે રાજ્યમાં ૫૭,૩૩૪, એટલે કે, ૯૮.૩૦% ટીબીના દર્દીઓને શોધી સારવાર હેઠળ લેવામાં આવ્યા છે. તેમાંથી ૫૦,૯૨૮ એટલે કે, ૯૧% દર્દીઓ ટૂંકા ગાળામાં જ રોગમુક્ત થયા છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા તા. ૨૪ માર્ચ, ૨૦૨૬થી શરૂ કરાયેલા 'ટીબીમુક્ત ભારત અભિયાન - ૧૦૦ દિવસ ઝુંબેશ' અંતર્ગત રાજ્યનાં ૫,૦૧૨ ઉચ્ચ જોખમ ધરાવતાં ગામોમાં ઘરે-ઘરે જઈ ટીબી-સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન ૨૩.૩૮ લાખ વ્યક્તિઓનું ટીબી-સ્ક્રીનિંગ, ૧૫.૦૪ લાખ વ્યક્તિઓની ઍક્સ-રે તપાસ, ૫.૦૫ લાખ વ્યક્તિઓની સચોટ NAAT તપાસ તથા ૩૨,૩૭૭ નવા ટીબી દર્દીઓનું નિદાન કરીને સારવાર શરૂ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નિ-ક્ષય પોષણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧,૦૫,૨૩૮ ટીબી-દર્દીઓને રૂ. ૫૭.૬૦ કરોડની આર્થિક સહાય કરવામાં આવી છે. પ્રધાનમંત્રી ટીબી-મુક્ત ભારત અભિયાન હેઠળ જનપ્રતિનિધિઓ, પંચાયતીરાજ સંસ્થાઓ, કૉર્પોરેટ ક્ષેત્ર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ નિ-ક્ષયમિત્ર તરીકે જોડાયાં છે. રાજ્યમાં અત્યાર સુધી ૩૦,૯૯૨ નિ-ક્ષય મિત્રો નોંધાયેલા છે, જેમણે દર્દીઓને ૫,૫૦,૧૮૪ પોષણકિટોનું વિતરણ કર્યું છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજ્યની ૩,૯૭૧ ગ્રામપંચાયતોએ 'ટીબીમુક્ત પંચાયત'નો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, જે રાજ્યની કુલ ગ્રામ પંચાયતોના ૨૭% જેટલો હિસ્સો થાય છે.

# ગુજરાતનો જળસંગ્રહ ૨૦,૭૮૯ લાખ ઘનફૂટ વધ્યો

રાજ્યમાં ભૂગર્ભ જળસ્તરને ઊંચું લાવવા અને જળ-સંચયનો વ્યાપ વધારવાના સંકલ્પ સાથે કાર્યરત સુજલામ્ સુફલામ્ જળ-અભિયાનની કૅબિનેટ બેઠકમાં ચર્ચા થઈ હતી, જેની વિગતો આપતાં પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, ચાલુ વર્ષે સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત થયેલી કામગીરીના પરિણામે રાજ્યની જળ સંગ્રહશક્તિની ક્ષમતામાં ૨૦,૭૮૯ લાખ ઘનફૂટનો વધારો થયો છે.

છેલ્લાં ૮ વર્ષના સુઆયોજનના કારણે ગુજરાતની કુલ જળ-સંગ્રહશક્તિમાં ૧,૩૮,૦૩૯ લાખ ઘનફૂટ જેટલો વધારો નોંધાયો છે. આ દરમિયાન જળસંચયનાં કુલ ૧,૨૩,૬૩૫ જેટલાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. તેમાંથી કુલ ૨૦૬.૭૩ લાખ માનવ-દિન રોજગારી ઉત્પન્ન થઈ છે.

તેમાં મુખ્યત્વે તળાવો ઊંડાં કરવાનાં તેમજ નવાં તળાવોના નિર્માણનાં ૩૯,૭૭૦ કામો, ચૅકડેમ ડિસિલ્ટિંગનાં ૨૬,૮૭૩ કામો તથા ચૅકડેમ રિપેરિંગનાં ૭,૮૧૦ કામોનો સમાવેશ થાય છે. પાણીના સુચારુ વિતરણ અને વહન માટે કુલ ૮૦,૭૯૩ કિલોમીટર લંબાઈ ધરાવતી નહેરો અને કાંસની સાફ-સફાઈનાં કામો પણ હાથ ધરાયાં હતાં.

આ અભિયાન હેઠળ ચાલુ વર્ષે ૨,૪૫૦ તળાવોને ઊંડાં કરીને જળાશયોની ક્ષમતા વધારવા, ૩,૬૬૧ ચૅકડેમ ડિસિલ્ટિંગ એટલે કે, તેમાંથી માટી-કાંપ દૂર કરવાનાં કામો અને ૧,૧૬૦ ચૅકડેમ રિપેરિંગનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. પાણીના વહનને સુગમ બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા ૬૨૬ કિલોમીટર લંબાઈની નહેરો અને ૧,૨૭૭ કિલોમીટર લંબાઈના કાંસોની સંપૂર્ણ સાફસફાઈ કરવામાં આવી છે. ચાલુ વર્ષમાં વિવિધ નહેરો, તળાવો અને ચૅકડેમનાં કામો દ્વારા સ્થાનિક શ્રમિકો માટે અંદાજે ૨.૩૦ લાખ માનવદિનની રોજગારી ઊભી કરવામાં આવી છે.

**લોકાર્પણ :** અમદાવાદના શેલા ખાતે નવનિર્મિત 'શ્રી નિત્ય શાંતિભવન'ના લોકાર્પણ મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આધ્યાત્મિકતા અને આધુનિકતાના સમન્વય થકી જ લોકકલ્યાણનો નવો રાહ કંડારી શકાશે. આચાર્યદેવ શ્રી પદ્મસાગરજી મહારાજાના માર્ગદર્શનમાં નિર્મિત આ ભવન આધુનિક સુવિધાઓ સાથે માનવતા, શાંતિ અને જીવદયાનું નવું ચેતનાકેન્દ્ર બનશે, આ કાર્યક્રમમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા સહિત વિવિધ જૈન સંઘના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



**આંત્રપ્રિન્યોરશિપ :** વાઇબ્રન્ટ ગુજરાત અંતર્ગત વડોદરામાં જી.એસ.એફ.સી. યુનિવર્સિટી કૅમ્પસ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'રેવા વેવ્સ' સંસ્થાના સ્ટૉલની મુલાકાત લીધી હતી. ટકાઉ સસ્ટેનેબલ આંત્રપ્રિન્યોરશિપ દ્વારા મહિલા સશક્તીકરણના નવતર મૉડલની તેમણે પ્રશંસા કરી હતી. આ સ્ટાર્ટ-અપ મહિલા સંચાલિત સૅલ્ફ-હેલ્પ ગ્રૂપ્સ માટે આર્થિક તકો ઊભી કરવાની સાથે ઈકો-ફ્રેન્ડ્લી પ્રોડક્ટ્સ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુખ્યમંત્રીશ્રી સાથેની આ વાતચીતમાં રેવા વેવ્સ દ્વારા સસ્ટેનેબલ પ્રોડક્ટ ડેવલપમેન્ટ, માર્કેટ લિંકેજ અને જવાબદાર મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં કરવામાં આવી રહેલાં કાર્યોને આવરી લેવામાં આવ્યાં હતાં.



**આદરાંજલિ :** પ્રખર રાષ્ટ્રવાદી વિચારક તથા ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની ૧૨૫મી જયંતીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવવંદના કરી હતી. ગુજરાત વિધાનસભા પૉડિયમમાં સ્થાપવામાં આવેલા સ્વ. શ્યામાપ્રસાદજીના તૈલચિત્ર સમક્ષ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવપુષ્પ અર્પણ કર્યાં હતાં. આ અવસરે વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશભાઈ મોદી, દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, શ્રીમતી રીટાબહેન પટેલ, શ્રી અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગરનાં મેયર શ્રીમતી મીરાબહેન પટેલ સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ પણ જોડાયાં હતાં.





**ખેલદિલી :** અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે એશિયન વૉલીબૉલ ચૅમ્પિયનશિપની સેમિ-ફાઇનલ મૅચ યોજાઇ હતી. આ પ્રસંગે રાજ્યના ગૃહ અને રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત રહીને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ વૈશ્વિક ટુર્નામેન્ટમાં એશિયન વૉલીબૉલ કૉન્ફેડરેશન, ગુજરાત સ્ટેટ વૉલીબૉલ ઍસોસિયેશન તેમજ એ.એમ. સી.ના પદાધિકારીઓ સાથે રમતજગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**ચુકાદો :** ગુજરાત હાઈકોર્ટ દ્વારા 'વર્ષ-૨૦૦૮ના અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ'માં આપવામાં આવેલા ચુકાદાને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આવકાર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ ચુકાદો માત્ર અમદાવાદ કે ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને દુનિયાના તમામ શાંતિપ્રિય દેશો માટે આતંકવાદ સામેની લડાઈમાં એક બહુ મોટો અને મજબૂત સંદેશ છે. તેમણે ગુજરાતના તમામ નાગરિકો વતી હાઈકોર્ટ, નીચલી અદાલત અને સમગ્ર ઇન્વેસ્ટિગેશન ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.



**વ્યવસ્થા :** વર્ષ-૨૦૩૦માં ગુજરાતમાં યોજાનારી પ્રતિષ્ઠિત કૉમનવૅલ્થ ગેઇમ્સના આયોજનની વ્યવસ્થા માટે રાજ્યમાં બેઠકોનો દોર કાર્યરત છે. આ વૈશ્વિક રમતગમત મહોત્સવના આયોજન માટે જરૂરી રોડમૅપ, આયોજન અને સહયોગી પ્રયાસો અંગે ચર્ચા કરવા માટે પ્રસ્તાવિત ઓર્ગેનાઇઝિંગ કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ હાજરી આપી હતી. આ બેઠકમાં તેમણે સંગઠિત પ્રયાસો વડે વિશ્વસ્તરીય રમતગમત સંબંધિત આંતરમાળખાકીય સુવિધાઓ અને રમતવીરો માટે ઉત્કૃષ્ટ તકોના નિર્માણ અંગે સ્પષ્ટ અભિગમ દાખવ્યો હતો.



## ભાવનગરમાં નિઃશુલ્ક સાધન સહાય વિતરણ



ભારતીય સંસ્કૃતિમાં 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'નો સંદેશ માત્ર ઉપદેશ નહીં, પરંતુ જીવનમૂલ્ય છે. વૃદ્ધજનો અને દિવ્યાંગજનોનું સન્માન તથા તેમના ગૌરવપૂર્ણ જીવનની સંવેદનાપૂર્વકની ચિંતા ભારતીય સંસ્કૃતિનું મૂળ તત્ત્વ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર વૃદ્ધજનો અને દિવ્યાંગજનોને આત્મનિર્ભર અને સન્માનભર્યું જીવન મળી રહે તે માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અસરકારક રીતે અમલમાં મૂકી રહી છે.

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' અંતર્ગત ભારતીય કૃત્રિમ અંગ-નિર્માણ નિગમ (એલિમ્કો)ના સહયોગથી ભાવનગર ખાતે નિઃશુલ્ક સાધન વિતરણ શિબિર યોજાઈ હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં તથા કેન્દ્રિય મંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયાના પ્રયત્નોથી ૨,૫૬૯ લાભાર્થીઓને રૂ. ૨.૪૮ કરોડનાં સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું. આ અવસરે રાજ્યપાલશ્રીએ ભાવનગર ખાતે 'પ્રધાનમંત્રી દિવ્યાશા વયોશ્રી કેન્દ્ર'નું લોકાર્પણ પણ કર્યું હતું.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વડાપ્રધાનશ્રી દ્વારા 'વિકલાંગ'ના સ્થાને 'દિવ્યાંગજન' શબ્દ પ્રચલિત કરીને તેમના પ્રત્યે સન્માન અને આત્મગૌરવની ભાવના મજબૂત બનાવવાના પ્રયાસની પ્રશંસા કરી હતી.

શ્રીમતી નીમુબહેન બાંભણિયાએ જણાવ્યું કે, જિલ્લામાં યોજાયેલી પસંદગી શિબિરોના આધારે કુલ ૮,૦૯૧ વયોવૃદ્ધ લાભાર્થીઓને રૂ. ૭.૬૬ કરોડનાં સહાયક ઉપકરણો નિઃશુલ્ક આપવા માટે મંજૂરી આપવામાં આવી છે.

## મિયાવાકી પદ્ધતિથી ૨૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર



પર્યાવરણ સંરક્ષણ, ગ્રીન કવરનો વ્યાપ વધારવાના ઉદ્દેશ સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા વૃક્ષારોપણ મહાઅભિયાન અંતર્ગત ભેસ્તાન-ડિંડોલી ખાતે વિકસાવવામાં આવેલા 'ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ઑક્સિજન પાર્ક'માં શાસ્ત્રોક્ત વિધિથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ત્યાર બાદ મંત્રીશ્રીએ વૃક્ષારોપણ મહાઅભિયાનની સ્મરણ તકતીનું વિધિવત્ અનાવરણ કરીને ઑક્સિજન પાર્ક જનતાને સમર્પિત કર્યો હતો.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિનું સંવર્ધન માત્ર આજની આવશ્યકતા નથી, આવનારી પેઢીઓ પ્રત્યેની આપણી નૈતિક જવાબદારી પણ છે. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'એક પેડ માં કે નામ' અભિયાનથી પ્રેરિત થઈ વૃક્ષારોપણ મહાઅભિયાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવામાં સહભાગી બનેલા તમામ નાગરિકો, સંસ્થાઓ અને સહયોગીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. આ ઑક્સિજન પાર્કમાં જાપાનની પ્રસિદ્ધ મિયાવાકી પદ્ધતિ અપનાવીને અત્યંત ટૂંકા ગાળામાં ૪૦થી વધુ સ્થાનિક પ્રજાતિના અંદાજે ૨૫ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઑક્સિજન પાર્કમાં વાતાવરણમાં વધુ ઑક્સિજન છોડતી ૪૦થી વધુ સ્થાનિક વનસ્પતિની પ્રજાતિઓ જેવી કે લીમડો, પીપળો, બોરસલ્લી, શેતૂર, જામફળ, સરગવો વગેરેનું રોપણ કરવામાં આવ્યું છે.

મિયાવાકી વનના વિકાસ સાથે પર્યાવરણ પ્રત્યે લોકભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે પર્યાવરણપ્રેમી નાગરિકોને ઘરઆંગણે વાવેતર કરી શકે તે હેતુથી વિવિધ જાતિના વધારાના ૫,૦૦૦ રોપાઓનું વિનામૂલ્યે વિતરણ પણ કરવામાં આવ્યું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત શહેરીજનો, અધિકારીઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ સામૂહિક રીતે પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષોના ઉછેર માટે પ્રતિબદ્ધ રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ મહાઅભિયાન સુરત મહાનગરપાલિકાનું પ્રેરણાદાયી પગલું બન્યું.

*રાજ્ય સરકારે નાગરિકોને ગુણવત્તાયુક્ત જીવન આપવા 'મિનિમમ ગવર્નમેન્ટ, મૅક્સિમમ ગવર્નન્સ'ના મંત્ર સાથે લોકોની સુખાકારીને પ્રાથમિકતા આપી છે. આ સુશાસન માટે ગુજરાત સરકાર વિવિધ નિર્ણયોના માધ્યમથી રાજ્યનાં યુવાનો, આબાલવૃદ્ધો તેમજ વંચિતોને લાભ પહોંચાડે છે. આ અંકમાં સરકારે ખેડૂતો, માછીમારો, ઉદ્યોગસાહસિકો અને વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં લીધેલા નિર્ણયો વિશે જાણકારી આપવામાં આવી છે.*

## B.Sc નૅચરલ ફાર્મિંગ ડિગ્રી B.Sc ઍગ્રિકલ્ચર સમકક્ષ

**નિર્ણય :** પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને આ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને સમાન તકો ઉપલબ્ધ કરાવવા માટે કૅબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો. આ અંગે પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ગુજરાત નૅચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા 'બી.એસસી (ઑનર્સ) નૅચરલ ફાર્મિંગ' અભ્યાસક્રમને રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા 'બી.એસસી. (ઑનર્સ) ઍગ્રિકલ્ચર' અભ્યાસક્રમની સમકક્ષ માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા નિયત કરાયેલાં ધોરણો, રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ તેમજ છઠ્ઠી ડીન કમિટીની ભલામણોના આધારે બંને અભ્યાસક્રમોનાં માળખાં, ક્રેડિટ સિસ્ટિમ, અભ્યાસક્રમ, પ્રાયોગિક તાલીમ અને શૈક્ષણિક લાયકાતનું વિગતવાર અને ઝીણવટભર્યું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

**લાભ :** પ્રાકૃતિક ખેતીના શિક્ષણને પણ સમાન મહત્ત્વ અને માન્યતા આપવાનો રાજ્ય સરકારનો આ નિર્ણય ખેડૂતો અને કૃષિ વિષયના અભ્યાસી યુવાનો, બંને માટે ખૂબ જ લાભદાયી સાબિત થશે. આ નિર્ણયથી પ્રાકૃતિક ખેતીમાં ઉજ્જ્વળ ભવિષ્ય ઇચ્છતા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નવીન આશા, ઉત્સાહ અને આત્મવિશ્વાસનો સંચાર થશે.

## ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ

**નિર્ણય :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયેલી કૅબિનેટ બેઠકમાં રાજ્યના ખેડૂતોના હિતમાં તા.૭ જુલાઈથી ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવા નિર્ણય લેવાયો હતો.

આ અંગે પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઉનાળુ મગનો ટેકાનો ભાવ રૂ. ૮,૭૬૮ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે. ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે રાજ્યભરમાંથી કુલ ૧૪,૩૮૩ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવનાર ખેડૂતો પાસેથી ખરીદી કરવા માટે રાજ્યમાં કુલ ૫૧ ખરીદકેન્દ્રો સુનિશ્ચિત કરવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ઉનાળુ મગની ૧,૨૦૦ કિગ્રા પ્રતિ હેક્ટર ઉત્પાદકતા પ્રમાણે ખેડૂતના વાવેતર-વિસ્તારના પ્રમાણમાં ખરીદી કરાશે, જેમાં પ્રતિ ખેડૂત મહત્તમ ૧,૫૦૦ કિગ્રા (૭૫ મણ) સુધીની મર્યાદા રહેશે.

**લાભ :** ટેકાના ભાવ કરતાં બજારભાવ નીચા જાય તો રાજ્ય સરકારનો આ નિર્ણય ઢાલસ્વરૂપે ખેડૂતોનું આર્થિક રક્ષણ કરે છે.

## બદલપુર બૅરેજ યોજનાને મળી સૈદ્ધાંતિક મંજૂરી



**નિર્ણય :** ગુજરાત સરકાર દ્વારા રાજ્યના દરિયાકાંઠાના અને નદીકિનારાના વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વધુ એક ઐતિહાસિક અને પ્રજાલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. આણંદ જિલ્લામાં મહી નદી ઉપર ધુવારણ પાસે 'બદલપુર-કારેલી બૅરેજ-કમ-બ્રિજ'ના નિર્માણ માટે રાજ્ય સરકારે તાજેતરમાં જ અંદાજિત રૂ. ૧૭૦૦ કરોડની માતબર રકમની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

**લાભ :** બૅરેજનું નિર્માણ થવાથી અંદાજે ૧૮૩ મિલિયન ઘન મીટર જેટલા મીઠા પાણીનો સંગ્રહ કરી શકાશે. તેના પરિણામે આશરે ૧૬,૦૦૦ હેક્ટર જેટલા વિશાળ વિસ્તારને સીધેસીધો જ લાભ મળી રહેશે. ભૂગર્ભ જળની ગુણવત્તા સુધરશે અને ખારાશ ઘટશે. જમીનની ફળદ્રુપતા પુનઃ જીવંત થશે. આ યોજના સાકાર થવાથી આણંદ જિલ્લાનાં ૪૨ ગામો,

# ગુજરાતમાં આઠ નવી GIDCની જાહેરાત

રાજ્યના સર્વાંગી ઔદ્યોગિક વિકાસને વધુ વેગવાન બનાવવા સ્માર્ટ એસ્ટેટ્સ દ્વારા આધુનિક સુવિધાઓ, સક્ષમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણ મળતું થાય તે માટે તમામ દિશામાં ભગીરથ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ વિકાસકાર્યના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રોકાણ, વિકાસ અને રોજગારનાં ક્ષેત્રોમાં ગુજરાતને વધુ વિશ્વસનીય બનાવવાના હેતુસર વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સની વડોદરામાં યોજાયેલી ચોથી કડીમાં વિવિધ જિલ્લાઓમાં ૮ નવી GIDCની સ્થાપનાની જાહેરાત કરી હતી.

ખેડા, અમદાવાદ, પંચમહાલ, છોટાઉદેપુર અને ભાવનગર જિલ્લામાં ૩,૬૧૧ એકર વિસ્તારમાં સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સ કાર્યરત થશે. ખેડા જિલ્લાના મહીજ જીઆઇડીસીને ૧૩૦.૩ એકર વિસ્તારમાં, કઠલાલ તાલુકાના સરખેજ જીઆઇડીસીને ૩૩૨.૭ એકરમાં, મહુધા તાલુકાના મહિસા જીઆઇડીસીને ૧૮.૫ એકરમાં, ગળતેશ્વર તાલુકાના અંઘાડી જીઆઇડીસીને ૩૧૦.૯ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવશે. અમદાવાદ જિલ્લાના માંડલ જીઆઇડીસીને ૫૧૫.૨ એકર વિસ્તારમાં, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નદીસર જીઆઇડીસીને ૧૦૫.૫ એકર વિસ્તારમાં, છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના ઉડવા જીઆઇડીસીને ૨૪૭.૧ એકર વિસ્તારમાં અને ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના મોણપુર જીઆઇડીસીને ૧૯૫૦.૭ એકર વિસ્તારમાં નવા સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ્સ તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ આયોજનથી મધ્ય ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણને વેગ મળશે, રોજગારીની નવી તકો ઊભી થશે.

# માછીમારોને ડીઝલ-વૅટમાં મોટી રાહત



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સાગરખેડૂઓના આર્થિક ઉત્થાન માટે ડીઝલ-વૅટ રાહત યોજના અંતર્ગત મોટો સુધારો કરવામાં આવ્યો છે. ઊર્જા અને પૅટ્રોકૅમિકલ્સ વિભાગના આ નિર્ણય અંગે વિગતો આપતાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, અગાઉના નિયમ મુજબ આ યોજનાનો લાભ માત્ર ૨૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી યાંત્રિક બોટોને જ મળતો હતો. માછીમાર સમુદાયના વ્યાપક હિતમાં આ મર્યાદા હવે સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે, જેનાથી ડીપ-સી બોટો સહિત રાજ્યની તમામ યાંત્રિક ફિશિંગ બોટો આ સબસિડી માટે પાત્ર બનશે.

આ નવતર સુધારાના પરિણામે રાજ્યની નોંધાયેલી ૧૮,૦૦૦થી વધુ યાંત્રિક ફિશિંગ બોટોને સીધો આર્થિક લાભ મળશે. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતી તમામ બોટોને સરકાર દ્વારા ‘ડીઝલ કાર્ડ’ આપવામાં આવશે. કાર્ડધારક બોટોને પ્રતિ લિટર મહત્તમ રૂ. ૧૫/- સુધીની વૅટ-રાહત મળવાપાત્ર રહેશે. (જો વૅટની રકમ રૂ. ૧૫ કરતાં ઓછી હશે, તો તે મુજબ સબસિડી જમા થશે). આ નિર્ણયથી નાના, મધ્યમ અને મોટા તમામ વર્ગના માછીમારોને સમાન લાભ મળવાને કારણે તેમના ડીઝલના દૈનિક ખર્ચમાં મોટો ઘટાડો થશે, જેનાથી તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને આવકમાં નોંધપાત્ર વધારો થશે.

પ્રવક્તા મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, વૅટ-રાહતનો આ લાભ મેળવવા માટે જે-તે ફિશિંગ બોટની ‘રિયલ ક્રાફ્ટ પોર્ટલ’ પર નોંધણી થયેલી હોવી અનિવાર્ય છે, તેમજ બોટ પાસે માન્ય ફિશિંગ લાઇસન્સ હોવું ફરજિયાત છે. મંત્રીશ્રીએ રાજ્યના જે માછીમાર બંધુઓની પોર્ટલ પર નોંધણી અથવા ફિશિંગ લાઇસન્સ મેળવવાની કામગીરી બાકી હોય તેમને આ પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવા અનુરોધ કર્યો છે, જેથી કોઈ પણ પાત્ર લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહે.

વડોદરા જિલ્લાનાં ૩૦ ગામો અને ભરૂચ જિલ્લાનાં ૮ ગામો મળી અંદાજે ૮૦ જેટલાં ગામોના ૧૫ લાખથી વધુ લોકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડી શકાશે. આ પ્રોજેક્ટના પરિણામે ખંભાત અને તારાપુરથી જંબુસર અને દહેજ ઔદ્યોગિક વસાહત વચ્ચે વાહનવ્યવહારના અંતરમાં અંદાજે ૭૫ કિલોમીટરનો ધરખમ ઘટાડો થઈ જશે. આ યોજનાથી આણંદનાં ૧૫૨, વડોદરાનાં ૧૬૪ અને ભરૂચનાં ૮૧ મળીને કુલ ૪૦૯ જેટલાં ગામો અને ૩૨ તળાવોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ મળશે.

### ખેડૂતોને વીજ ટાવર-લાઇન માટે માતબર વળતર ચુકવાશે

# રાજ્યને ગ્રીન એનર્જી કૅપિટલ બનાવાશે

ગુજરાત સરકારે રાજ્યના કૃષિકારોનાં આર્થિક હિતોને સર્વોપરી સ્થાન આપીને વધુ એક વખત સંવેદનશીલતા અને ઉદારતાનો પરિચય આપ્યો છે. રાજ્યમાં કૃષિ અને ઊર્જાક્ષેત્રના સમન્વય સાથે ખેડૂતો સમૃદ્ધ બને તેવા આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ એક ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂતોનાં ખેતરોમાંથી પસાર થતી વીજલાઇન તેમજ વીજટાવર ઊભાં કરવા બદલ આપવામાં આવતા વળતરમાં રાજ્ય સરકાર દ્વારા અભૂતપૂર્વ વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ ઐતિહાસિક નિર્ણયથી રાજ્યના લાખો ધરતીપુત્રોને તેમની જમીનનું યોગ્ય, પારદર્શક અને વર્તમાન બજાર આધારિત વળતર પ્રાપ્ત થશે.

**જંત્રીપ્રથાનો અંત, પ્રવર્તમાન બજારભાવનો સ્વીકાર**

રાજ્યમાં અત્યાર સુધી અમલી વ્યવસ્થા મુજબ, ખેતરોમાંથી વીજલાઈન કે પોલ પસાર કરવા બદલ ખેડૂતોને જંત્રીના બમણા દર એટલે કે ૨૦૦ ટકા લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. જોકે, વર્તમાન સમયની વાસ્તવિકતા અને વિવિધ ખેડૂત સંગઠનો તરફથી મળેલી રજૂઆતોને વહીવટી તંત્ર દ્વારા ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા આ નીતિમાં મોટો સુધારો કરીને હવેથી વળતરની ગણતરી જંત્રીના બદલે જમીનના પ્રવર્તમાન બજારભાવ (Market Rate)ને આધારે કરવાનો નિર્ણય કરાયો છે. આ નવા સુધારા મુજબ ખેડૂતોને પ્રવર્તમાન બજાર-કિંમતના બમણા ભાવ (૨૦૦%) વળતર સ્વરૂપે ચૂકવવામાં આવશે, જે ખેડૂતોની આર્થિક સધ્ધરતામાં આશીર્વાદરૂપ સાબિત થશે.

**લાભ : ટાવર-બેઝ વિસ્તારની નૂતન ગણતરીઃ ખેડૂતોને બેવડો લાભ**

ઊર્જા-સંચરણ માટે ખેતરોમાં સ્થાપવામાં આવતા ઊંચા વીજટાવરના પાયા (બેઝ) વિસ્તાર અંગે પણ સરકારે ઉદાર નીતિ અપનાવી છે. અગાઉ ટાવરના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. પરંતુ નવી નીતિ અનુસાર, ખેડૂતોના વ્યાપક હિતમાં ટાવરના બેઝ વિસ્તારની ચારેય બાજુએ વધારાના એક મીટરનો ઉમેરો કરીને વળતરની ગણતરી કરવામાં આવશે.

આ ગણતરીને એક ઉદાહરણ દ્વારા સમજીએ તો, ૭૬૫ KVની હાઈટેન્શન લાઈનમાં અગાઉ માત્ર ૬૨૫ ચોરસ મીટર વિસ્તાર લેખે જ વળતર મળવાપાત્ર થતું હતું. હવે ચારેય બાજુએ વધારાના એક મીટરની આ નવી નીતિના કારણે આ જ વિસ્તારની ગણતરી વધીને ૭૨૯ ચોરસ મીટર થશે અને તે મુજબ જ વળતરની ચુકવણી કરવામાં આવશે. આમ, ગણતરીના ક્ષેત્રફળમાં વધારો થતાં વળતરની રકમમાં મોટો વધારો થશે.

**સુરેન્દ્રનગરના કોંઢ ગામનું જીવંત ઉદાહરણ**

સરકારના આ ખેડૂતલક્ષી નિર્ણયથી જમીનની વળતર કિંમતમાં કેવો મોટો અને વ્યાપક હકારાત્મક બદલાવ આવશે, તેનું જીવંત ઉદાહરણ સુરેન્દ્રનગર જિલ્લાના કોંઢ ગામમાં જોવા મળ્યું છે. કોંઢ ગામના ખેડૂતોને અગાઉની વળતર-નીતિ મુજબ વીજટાવર બેઝ એરિયા માટે જ્યાં માત્ર રૂ.૨.૩૮ લાખની રકમ મળતી હતી, ત્યાં આ નવી નીતિના અમલીકરણના લીધે હવે અંદાજિત રૂ.૧૮ લાખ જેટલી માતબર રકમ મળવાપાત્ર થશે.

તે જ પ્રમાણે, રાઈટ-ઑફ વે (RoW) કૉરિડોર અંતર્ગત આ જ ગામમાં અગાઉના નિયમો મુજબ રૂ.૬.૩૯ લાખનું વળતર મંજૂર થતું હતું, જે હવે નવા સરકારી નિર્ણય અનુસાર વધીને અંદાજે રૂ.૨૪.૮૩ લાખ થઈ જશે. ટૂંકમાં કહીએ તો, જે પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોને અગાઉ કુલ રૂ.૯ લાખની નજીવી રકમ મળતી હતી, તેના સ્થાને હવે સુધારેલા દરો સાથે અંદાજે રૂ.૪૨ લાખ






રૂપિયા જેટલી માતબર રકમ ચૂકવવામાં આવશે. આ ઉદાહરણથી જ સમજાય છે કે, સરકારનો આ નિર્ણય ખેડૂતો માટે કેટલો મોટો આર્થિક સધ્ધરતાનો સૂર્યોદય લઈને આવ્યો છે.

### વળતર ચુકવણીની પ્રક્રિયાનું સરળીકરણ

વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી અને ખેડૂત-અનુકૂળ બનાવવા માટે ચુકવણીના નિયમોમાં પણ ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. ભૂતકાળમાં વળતરની રકમ ત્રણ અલગ-અલગ તબક્કામાં ચૂકવવામાં આવતી હતી, જેમાં ફાઉન્ડેશન (પાયા)ના તબક્કે ૪૦ ટકા, ઈરેક્શન (ટાવર ઊભો કરવા) વખતે ૪૦ ટકા અને અંતિમ તબક્કામાં વાયર લગાડ્યા બાદ ૨૦ ટકા રકમ ચુકવાતી હતી. આ વિલંબિત પ્રક્રિયાનો અંત લાવીને રાજ્ય સરકારે હવે જમીનમાલિક ખેડૂતોને કોઈ પણ પ્રકારના તબક્કાવાર વિભાજન વિના કામગીરીની શરૂઆતમાં જ એકીસાથે પૂરેપૂરી ૧૦૦ ટકા રકમ ચૂકવવાનું નિર્ધારિત કર્યું છે. આનાથી ખેડૂતોને વળતર માટે લાંબી રાહ જોવી નહીં પડે અને નાણાંનો ત્વરિત ઉપયોગ થઈ શકશે.

### 'માર્કેટ રેટ કમિટી' (MRC) : તટસ્થ અને પારદર્શક મૂલ્યાંકન

જમીનની કિંમતના નિર્ધારણમાં સંપૂર્ણ પારદર્શિતા જળવાઈ રહે અને ખેડૂતોના અધિકારોનું રક્ષણ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ખાસ 'માર્કેટ રેટ કમિટી' (MRC) ની રચના કરવાનો વૈધાનિક નિર્ણય લેવાયો છે. આ ઉચ્ચસ્તરીય સમિતિમાં જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને, ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઇડરના પ્રતિનિધિ તેમજ જમીન-માલિકોના પ્રતિનિધિઓ સભ્ય તરીકે રહેશે.

આ સમિતિની સૌથી વિશેષ અને પ્રશંસનીય બાબત એ છે કે, તેમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિઓ તેમજ ખેડૂતો દ્વારા અધિકૃત કરાયેલા 'ઑથોરાઇઝ્ડ માર્કેટ વૅલ્યૂઅર'ને પણ સત્તાવાર સ્થાન આપવામાં આવશે. આ વ્યવસ્થાના કારણે જમીનની વાસ્તવિક બજાર-કિંમત તટસ્થ, ન્યાયી અને વૈજ્ઞાનિક ઢબે નક્કી થશે અને કોઈ પણ ખેડૂતને અન્યાય થવાની શક્યતા નહિવત્ થઈ જશે.

### વળતર-માળખાની જાહેરાત

વીજલાઇન પસાર થવાના કારણે ઊભા થતા રાઇટ-ઑફ વે (RoW) કૉરિડોર માટે પણ એમ.આર.સી. દ્વારા નિર્ધારિત થયેલી બજાર-કિંમતના આધારે ભૌગોલિક વિસ્તાર મુજબ ન્યાયી વળતર માળખું જાહેર કરાયું છે, જે નીચે પ્રમાણે જોઈ શકાય છે.

- ગ્રામવિસ્તારોમાં નિર્ધારિત બજાર-કિંમતના ૩૦ ટકા લેખે વળતર ચુકવાશે.
- નગરપાલિકા વિસ્તારોમાં નિર્ધારિત બજાર-કિંમતના ૪૫ ટકા લેખે વળતર અપાશે.
- મહાનગરપાલિકા વિસ્તારોમાં શહેરી વિસ્તારની જમીનની કિંમતને ધ્યાને રાખી બજાર કિંમતના ૬૦ ટકા મુજબ વળતર આપવામાં આવશે.

### ચાલુ કામગીરી ધરાવતા ખેડૂતોને પણ ઉદારતાપૂર્વક લાભ

સરકારે આ નીતિ-વિષયક નિર્ણયમાં ઓપન-હાર્ટેડ અભિગમ અપનાવતાં સ્પષ્ટ કર્યું છે કે, જે ખેડૂતોએ ભૂતકાળમાં જૂના નિયમો કે જંત્રીના ભાવ પ્રમાણે વળતરની રકમ સ્વીકારી લીધી હોય પરંતુ તેમના ખેતરમાં વીજલાઇન કે ટાવરનું કામ હજી પણ પ્રગતિમાં એટલે કે ચાલુ હોય તેવા તમામ કિસ્સાઓમાં પણ ખેડૂતોને આ નવી ઉદાર નીતિનો લાભ અપાશે અને સુધારેલા દર મુજબની ખૂટતી રકમ ચૂકવવામાં આવશે.

### નિર્ણય લેવાયાના માત્ર ૨૪ કલાકમાં જ પરિપત્ર જાહેર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખેડૂતોના વ્યાપક હિતમાં બજાર ભાવ આધારિત બમણું વળતર આપવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. સરકારની ખેડૂતો પ્રત્યેની સંવેદનશીલતા અને જવાબદારીના પરિણામે, માત્ર ૨૪ કલાક જેટલા સમયમાં જ આ નિર્ણયનો વિગતવાર પરિપત્ર સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યો છે.


પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સરકારની ત્વરિત અને સુદૃઢ કાર્યશૈલીની સરાહના કરતાં ઉમેર્યું હતું કે, આટલા મોટા અને વ્યાપક નિર્ણયમાં મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, વિવિધ વિભાગોના મંત્રીશ્રીઓ, સચિવશ્રીઓ સહિતના તમામ હિતધારકો સાથે ખૂબ જ ઝડપથી સંકલન સાધવામાં આવ્યું છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાત-મુલાકાતને કારણે વહીવટી તંત્ર અત્યંત વ્યસ્ત હોવા છતાં, ખેડૂતોના કામમાં સહેજ પણ વિલંબ ન થાય તે માટે આ મહત્ત્વપૂર્ણ નિર્ણયનો પરિપત્ર જારી કરી દેવાયો છે, જે રાજ્ય સરકારની કાર્યક્ષમતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ફરી એકવાર સાબિત કર્યું છે કે, તે જગતના તાતની પડખે ઊભી રહેનારી અને આપેલાં વચનોને ઝડપથી પૂરાં કરનારી મક્કમ તથા સંવેદનશીલ સરકાર છે. આ નિર્ણયથી રાજ્યના અનેક ખેડૂતોને પોષણક્ષમ વળતર અને આર્થિક રાહત મળશે.

સંપાદન સહયોગ : સમાચાર શાખા, ગાંધીનગર

# રાજકોટના જસદણની પ્રખ્યાત 'પટારી' હસ્તકલાને મળી પ્રતિષ્ઠિત GI ટૅગ



**મુજાહિદ તુંવર**

ગુજરાતની પાવન ધરા તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, અદ્વિતીય હસ્તકલા અને પરંપરાગત કસબ માટે સમગ્ર વિશ્વમાં સુવિખ્યાત છે. વડાપ્રધાનશ્રીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા તેમજ છેવાડાના કારીગરોને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. આ જ શૃંખલામાં ગુજરાતના ભવ્ય વારસામાં વધુ એક સુવર્ણ પીંછું ઉમેરાયું છે. રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાની પેઢીઓ-જૂની અને બેનમૂન 'જસદણ પટારી' હસ્તકલાને વર્ષ ૨૦૨૫-૨૬ માટે 'જી.આઇ.' રજિસ્ટ્રેશન માટે સત્તાવાર મંજૂરી પ્રાપ્ત થઈ છે. આ સિદ્ધિ જસદણના કારીગરો અને સમગ્ર રાજ્ય માટે ગૌરવરૂપ છે.

સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં 'પટારા' અથવા 'પટારી'નું અનેરું મહત્ત્વ રહેલું છે. સાગ કે સીસમના મજબૂત લાકડામાંથી બનતી આ પેટીઓ પર પિત્તળ (બ્રાસ) અને તાંબાના પતરાનું અત્યંત બારીક અને કલાત્મક નકશીકામ કરવામાં આવે છે. અગાઉના સમયમાં દીકરીને કરિયાવરમાં આ પટારી આપવાની પ્રથા હતી, જેમાં કીમતી આભૂષણો, દસ્તાવેજો અને વસ્ત્રો સાચવવામાં આવતાં હતાં. લાકડા પર ધાતુ જડીને બનાવવામાં આવતી આ હસ્તકલા ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને કુશળ કારીગરીનો જીવંત પુરાવો છે. આજે આ પટારીઓ ઍન્ટિક ગણાય છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે સુશોભનની વસ્તુઓ તરીકે ભારે માંગ ધરાવે છે.

આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવામાં રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅંક (NABARD - 'નાબાર્ડ')નો ફાળો અત્યંત મહત્ત્વનો રહ્યો છે. 'નાબાર્ડ' દ્વારા તેની 'ગ્રામવિકાસ નિધિ' (GVN) યોજના અંતર્ગત GI-નોંધણી મેળવવા માટે અનુદાનની સહાય પૂરી પાડવામાં આવી હતી. આ આર્થિક સહાય મુખ્યત્વે GI-ઉત્પાદન અંગે જાગૃતિ પેદા કરવા તેના સચોટ દસ્તાવેજીકરણ અને સંપૂર્ણ અરજી-પ્રક્રિયાને વેગવંતી બનાવવા માટે આપવામાં આવી હતી. આ સમગ્ર નોંધણી-પ્રક્રિયા 'સેન્ટર ફોર ઍન્વાયરન્મેન્ટ ઍજ્યુકેશન' (CEE)ના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક અને સુપેરે પાર પડી.

કોઈ પણ ઉત્પાદનને GI ટૅગ મળવી એટલે તેની ગુણવત્તા અને મૂળભૂત ઉત્પાદન-સ્થાન પર વિશ્વસનીયતાની મહોર લાગવી. આ ટૅગ હસ્તકલાના ઉત્પાદકોને તેમની કલાની નકલ સામે કાયદાકીય રક્ષણ પૂરું પાડે છે.

સાથોસાથ તેના બજારનો વ્યાપ વધે અને સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય વેપાર માટે વધુ તકો ઊભી થાય છે. કૃષિ-ઉત્પાદનોના કિસ્સામાં તે ખેડૂતો માટે બજાર-જોડાણોને વધુ મજબૂત બનાવે છે.

આ ઓળખ પરંપરાગત જ્ઞાનને આગળ વધારવામાં મદદરૂપ થવાની સાથે ગ્રામીણ આજીવિકાને જાળવવામાં અને હસ્તકલા-ક્ષેત્રે યુવા કારીગર સમુદાયોની વધુ ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

# ગુજરાતી શીખીએ

કવિ પ્રકાશ 'જલાલ'

ગત અંકમાં આપણે અનુસ્વારની વાત કરી, એમાં થોડું વધારે ઉમેરીએ. જ્યારે આપણે કોઈ સમૂહની વાત કરતા હોઈએ ત્યારે તેમાં તો સ્ત્રી, પુરુષ અને બાળકો વગેરે સૌનો સમાવેશ થતો હોય છે, તેથી અનુસ્વારનો ઉપયોગ કરીને લખીશું કે, "ગામનાં સૌ લોકો આવ્યાં હતાં." અથવા "મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમમાં સૌ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં." વાસ્તવમાં 'ગ્રામજન' શબ્દમાં 'જન' છે, તેથી તે પુંલ્લિંગ છે; પરંતુ 'ગ્રામજનો' બહુવચન છે, જેમાં સ્ત્રી-પુરુષ-બાળક સૌનો સમાવેશ થાય છે, તેથી આપણે સમજી-વિચારીને અનુસ્વાર મૂકીશું.

હવે, જ્યારે વાક્યમાં એકથી વધારે કર્તાઓ 'કે' કે 'અથવા'થી જોડાયેલા હોય, ત્યારે શું કરવું! તો, એની પ્રૅક્ટિસ કરીને શીખી લઈએ.

મેં રમકડું, લાકડી કે દંડો આપ્યો નથી. (આમાં ત્રણ છે છતાં અનુસ્વાર નથી; કેમ કે, રમકડું (નાન્ય.), લાકડી (સ્ત્રી.) અને દંડો (પું.) એમ ત્રણ ત્રણ જાતિ હોવા છતાં ફક્ત 'કે' શબ્દના કારણે 'આપ્યો' થશે, 'આપ્યાં' નહીં. પણ તમે એ ત્રણે પછી 'કંઈ' લખો તો 'આપ્યું' થઈ જશે!

અનુસ્વારની વાત કરીએ છીએ ત્યારે કેટલાક યાદ રાખવા જેવા શબ્દોની નોંધ લઈ રાખીએ અને તેમને વારંવાર વાક્યમાં વાપરી-વાપરીને પાકા કરી લઈએ. નહિ અને નહીં બંને સાચા શબ્દો છે, પણ 'નહિ' લખો તો અનુસ્વાર ન મૂકો, પણ 'નહીં' લખો તો ચોક્કસપણે અનુસ્વાર મૂકો. આ શબ્દોમાં અનુસ્વાર નથી - હોશિયાર, નાણાકીય, વર્તણૂક; કેમ કે, અનુસ્વાર અને અનુનાસિકનો એકસાથે ઉપયોગ થતો નથી. એ જ નિયમ અંમ્બા, ઈંન્દ્ર, કાંન્તા, બૉંમ્બ-માં પણ છે. એટલે કે, એ શબ્દો ખોટા છે. સાચા શબ્દો છે - અંબા અથવા અમ્બા, ઈંદ્ર અથવા ઈન્દ્ર, કાન્તા અથવા કાંતા, બૉમ્બ અથવા બૉંબ.

હવે પછીના અંકમાં આપણે અનુસ્વાર ઉપરાંત ટૂંકાં ટૂંકાં વાક્યોની ચર્ચા કરીશું, જેમાં ભૂલ વિના કેવી રીતે લખવું તે કોઈ અઘરા નિયમો વિના સમજીશું.

# ચોમાસામાં સ્વસ્થ જીવન માટેનું વિજ્ઞાન - આયુર્વેદ

ડૉ. શીતલ ભાગીયા

વર્ષાઋતુમાં પૃથ્વીમાંથી નીકળતી બાષ્પ, વાદળોના વરસાદ, પાણીમાં વધતી અમ્લતા તેમજ પાચનશક્તિની નબળાઈને કારણે વાત, પિત્ત અને કફ - ત્રણેય દોષો પ્રકોપ પામે છે.

આ ઋતુમાં પાચનશક્તિ ઓછી હોવાથી ભૂખમાં ઘટાડો થાય છે, જેથી વ્યક્તિએ પોતાની ભૂખ પ્રમાણે જ ખોરાક લેવો. વાયુદોષની વૃદ્ધિથી શરીરના સાંધામાં દુખાવા થવા, સાંધા જકડાઈ જવા જેવા રોગોનો વધારો થાય છે. સ્વાદમાં ગળ્યો, ખારો અને ખાટા રસવાળો તાજો ખોરાક લેવો. વાયુદોષના નિવારણ માટે તેલને શ્રેષ્ઠ ગણાતું હોવાથી વર્ષા દરમિયાન ભૂખ અનુસાર તેલવાળો ખોરાક લઈ શકાય, આથી જ ચોમાસાની ઋતુમાં તેલયુક્ત ભજિયાં અને દાળવડાનું ચલણ પ્રચલિત છે. ભજિયાં ઉપયોગમાં લેવાતા લોટથી વાયુને દૂર કરવામાં મદદ મળે છે.

આ ઋતુમાં ગરમ, તાજો બનાવેલો ખોરાક લેવો. ઠંડાં પીણાં લેવાં નહીં. રોગોથી બચવા પીવાના પાણીને ઉકાળીને લેવું. સૂંઠ અને ધાણા નાખીને ઉકાળીને પાણી પીવું, જે પાચનશક્તિ સુધારે છે, ભૂખ ઉઘાડે છે અને વાયુને પણ દૂર કરે છે. જઠરાગ્નિના રક્ષણ માટે જૂના જવ, ઘઉ અને શાલી ચોખાનો ઉપયોગ કરવો જોઈએ. આદું-લીંબુ પાચનમાં મદદ કરે છે, તો આ ઋતુમાં જમ્યા પહેલાં થોડા સૈંધવ મીઠાની સાથે આદું અને લીંબુનો રસ લેવો. ખોરાક રાંધવામાં મરીમસાલા, હિંગ વગેરેનો છૂટથી ઉપયોગ કરવો.

વરસાદથી કાદવકીચડ થાય છે તેમ શરીરમાં ક્લેદ (ભીનાશ) વધે છે. આ વધેલો ક્લેદ ચોમાસામાં રોગો ઉત્પન કરે છે, જેને દૂર કરવા આયુર્વેદમાં જૂના મધનો ઉપયોગ જણાવ્યો છે. આ ઋતુમાં મોડી રાત સુધી જાગવું તેમજ દિવસે સૂવું ટાળવું. વસ્ત્ર ગરમ અને બરાબર સુકાયેલાં જ પહેરવાં. શારીરિક શક્તિ ઓછી હોવાને લીધે વધુ પડતી કસરત કરવી નહીં. વધેલા વાયુદોષને આ ઋતુમાં જ જો શરીરમાંથી ઓછો કરી દેવામાં આવે તોપણ ભવિષ્યમાં ઘણા રોગોથી બચી શકાય છે. આ માટે પંચકર્મની બસ્તિ ચિકિત્સા, સ્નેહન અને સ્વેદન ચિકિત્સા યોગ્ય વૈદ્યની સલાહ મુજબ લેવી.

ઝૂમ-ઇન

# વેટ-બલ્બ ટેમ્પરેચર

## બદલાતા હવામાનની જાણવાલાયક સમજૂતી



બેલા મહેતા

જ્યારે આપણે સામાન્ય દૈનિક તાપમાન ચકાસીએ છીએ ત્યારે તે 'ડ્રાય-બલ્બ ટેમ્પરેચર' હોય છે. પરંતુ બદલાતા વૈશ્વિક હવામાનમાં માનવ-સ્વાસ્થ્ય અને પર્યાવરણની સચોટ સ્થિતિ જાણવા માટે 'વેટ-બલ્બ ટેમ્પરેચર' સમજવું અનિવાર્ય બન્યું છે.

વેટ-બલ્બ ટેમ્પરેચર એટલે હવામાં રહેલા ભેજ અને બાષ્પીભવન (Evaporation)ના આધારે માપવામાં આવતું લઘુતમ તાપમાન. આ તાપમાન માપવા માટે થરમૉમીટરના બલ્બ (નીચેના ભાગ) પર ભીનું કાપડ વીંટાળવામાં આવે છે અને તેમાંથી હવા પસાર થવા દેવામાં આવે છે. પાણીના બાષ્પીભવનને કારણે થરમૉમીટર ઠંડું પડે છે અને જે તાપમાન દર્શાવે છે તે વેટ-બલ્બ તાપમાન છે. હવામાં જેટલો ભેજ ઓછો હશે, તેટલું બાષ્પીભવન ઝડપી થશે અને વેટ-બલ્બ તાપમાન નીચું જશે. જો હવામાં ૧૦૦ ટકા ભેજ હોય, તો ડ્રાય અને વેટ-બલ્બ બંને તાપમાન સરખાં થઈ જાય છે.








### માનવ-શરીર માટે જોખમકારક

આપણું શરીર પરસેવાના બાષ્પીભવન દ્વારા કુદરતી રીતે જ ઠંડક મેળવે તેવી પ્રકૃતિની સહજ વ્યવસ્થા છે. જોકે, વૈજ્ઞાનિક સંશોધનો મુજબ, જો વેટ-બલ્બ ટેમ્પરેચર ૩૫°C (૯૫°F)થી વધી જાય, તો હવામાં અતિશય ભેજ હોવાને કારણે મનુષ્યના શરીરનો પરસેવો સુકાતો નથી. આથી જ જ્યારે કોઈ વ્યક્તિ છાંયડામાં બેઠી હોય છતાં પણ શરીર પોતાને ઠંડું કરવા સક્ષમ રહેતું નથી, જે હીટ-સ્ટ્રોકને આવકારીને જીવલેણ સાબિત થઈ શકે છે.





### મહત્ત્વના વ્યાવહારિક ઉપયોગો

**01 વાતાવરણ અને આપત્તિ-વ્યવસ્થાપન**



હવામાન વિભાગ આ તાપમાનનો ઉપયોગ કરીને હીટ-વેવ (લૂ)ની ગંભીર અસરો અને વાસ્તવિક ગરમીના જોખમ (Heat Index)ની સચોટ આગાહી કરે છે, જેથી વહીવટીતંત્ર સમયસર સાવચેતીનાં પગલાં લઈ શકે.

**02 કૃષિ અને પશુપાલન ક્ષેત્રે**




પાકની સિંચાઈના આયોજન માટે અને દુધાળાં પશુઓને હીટ-સ્ટ્રેસ (ગરમીના તણાવ)થી બચાવવા માટે આ માપદંડ ખૂબ જ ઉપયોગી છે.

**03 ઉદ્યોગો અને ગ્રીન બિલ્ડિંગ (HVAC):**



ફેક્ટરીઓમાં કામદારોની સુરક્ષા નક્કી કરવા તેમજ બિલ્ડિંગોમાં ઍર-કંડિશનિંગ અને કુલિંગ ટાવરની ડિઝાઈન કાર્યક્ષમ બનાવવા વેટ-બલ્બ તાપમાનનો પ્રત્યક્ષ ઉપયોગ થાય છે.



**આમ, વેટ-બલ્બ ટેમ્પરેચર માત્ર વિજ્ઞાનનો વિષય નથી, પરંતુ આબોહવા-પરિવર્તનના આ યુગમાં માનવજીવનના રક્ષણ અને સરકારી આયોજન માટેનું એક મહત્ત્વપૂર્ણ સાધન છે.**

# પોતાની પીડા ભૂલી માનવતાને મહેકાવતાં તબીબ

**જયંત સોજીત્રા**

પોતાની પીડા કે દુ:ખ ભૂલીને અન્ય લોકોની સેવા કરવી એ માનવતાનું સર્વોચ્ચ શિખર છે. આ પરોપકારી ભાવનાને 'નિષ્કામ સેવા', 'જનસેવા એ જ પ્રભુસેવા' અને 'માનવતાનો ધર્મ' કહેવામાં આવે છે. આજના સમયમાં જ્યાં લોકો નાની તકલીફમાં પણ હિંમત હારી જાય છે, ત્યાં વડોદરા જિલ્લાના મેથી ગામના પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં ફરજ બજાવતાં મેડિકલ ઑફિસર ડૉ. સ્મિતાબહેન કનુભાઈ રાઠવા પોતાની કેન્સર જેવી શારીરિક વ્યાધિ-પીડાઓ વચ્ચે પણ દર્દીઓની સેવા કરીને સમાજ માટે પ્રેરણારૂપ બન્યાં છે. આવા કૃતનિશ્ચયી, પરદુ:ખભંજન તબીબો જ દર્દીનારાયણની સેવાને ઉત્તમ વ્યવસાય બનાવે છે.

ડૉ. સ્મિતાબહેન રોજ સવારે ૯થી ૧૨ અને સાંજે ૪થી ૬ વાગ્યા સુધી હૉસ્પિટલમાં દર્દીઓની તપાસ અને સારવાર કરે છે. ઉનાળામાં દરરોજ લગભગ ૫૦થી ૬૦ દર્દીઓ અને અન્ય સિઝનમાં ૭૦થી ૮૦ જેટલા દર્દીઓને સારવાર આપે છે. વર્ષ દરમિયાન અંદાજે ૧૮ હજારથી વધુ દર્દીઓને સારવાર આપી રહ્યાં છે. તેઓ માત્ર ઓપીડી સેવા જ નહીં, પરંતુ આજુબાજુનાં ૧૬ જેટલાં ગામોના આરોગ્ય સંબંધિત કેસોની પણ જવાબદારી સંભાળે છે.

ખાસ વાત એ છે કે ડૉ. સ્મિતાબહેન પોતે ઘણાં વર્ષોથી કેન્સર જેવી ગંભીર બીમારી સામે લડી રહ્યાં છે. વર્ષ ૨૦૧૯માં પ્રથમ બ્રેસ્ટ-કેન્સરની સારવાર તેમણે કરાવી હતી. ત્યાર બાદ ૨૦૨૧માં ડાબા હાથના







હાડકામાં, ૨૦૨૨માં મગજમાં અને ૨૦૨૪માં ડાબા પગમાં, ૨૦૨૫માં હૃદયની આજુબાજુ અસર જોવા મળી હતી. હાલ ફરી પેટમાં પાણી ભરાયું છે. આમ, શરીરના વિવિધ ભાગોમાં કેન્સરની અસર જોવા મળતાં ચાર વખત કીમોથૅરાપી અને બે વખત રેડિયોથૅરાપી જેવી કઠિન સારવારમાંથી પસાર થવું પડ્યું હતું. હાલમાં પણ ઓરલ દવાઓ અને સારવાર લઈ રહ્યાં છે. તેમ છતાં તેઓ દર્દીઓ માટે હંમેશાં હાજર રહે છે.

છાતી, મગજ અને હાડકાં સુધી કેન્સરની અસર હોવા છતાં તેમણે પોતાની ફરજમાંથી ક્યારેય પીછેહઠ કરી નથી. હૉસ્પિટલના કૅમ્પસમાં જ રહેતાં હોવાથી કોઈ પણ દર્દી મધરાતે આવે તોપણ સારવાર માટે પોતે તૈયાર રહે છે. દર્દીઓ પ્રત્યેની માનવીય સંવેદના અને સમર્પણને કારણે તેઓ ખૂબ લોકપ્રિય બન્યાં છે.

કરજણના મેથી પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં સગર્ભા મહિલાઓ માટે ચૅક-અપ, બ્લડટેસ્ટ, પોષણ અને બાળકો માટે જરૂરી સામગ્રી જેવી અનેક સેવાઓ નિ:શુલ્ક આપવામાં આવે છે. અહીં દર મહિને ૨૦થી ૨૫ જેટલી નોર્મલ ડિલિવરી કરવામાં આવે છે, અને વર્ષ દરમિયાન અંદાજે ૨૭૦થી વધુ સફળ અને નોર્મલ ડિલિવરી કરવામાં આવે છે. ડૉ. સ્મિતાબહેનની માનવીય સંવેદના, અડગ મનોબળ અને નિ:સ્વાર્થ સેવાભાવનાને કારણે આ આરોગ્યકેન્દ્રને અનેક સન્માનો મળ્યાં છે.

વર્ષ ૨૦૧૯થી સતત નૅશનલ ક્વૉલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ અને કાયાકલ્પ જેવાં પ્રમાણપત્રો મળતાં રહ્યાં છે. જિલ્લા પંચાયત તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા પણ તેમની કામગીરીને બિરદાવવામાં આવી છે. ગત ઑગસ્ટ-૨૦૨૫માં વડોદરા જિલ્લાના પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં વધુ સફળ ડિલિવરી કરવા બદલ તેમનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું.



**"લોકોનાં દુ:ખ દૂર કરવામાં મને સાચો આનંદ મળે છે. માણસે બીમારીથી હારવું નહીં, પરંતુ હંમેશાં સકારાત્મક વિચાર સાથે જીવન જીવવું જોઈએ. સેવા કરતાં રહીએ તો પોતાનું દુ:ખ પણ હળવું થઈ જાય છે."**

*- ડૉ. સ્મિતાબહેન, મેડિકલ ઑફિસર, મેથી પ્રા.આ. કેન્દ્ર*



# 'ગુજરાત' પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

'ગુજરાત' પાક્ષિકનો જે અંક તમારા હાથમાં છે એ અંકમાંથી જ અહીં સવાલો આપને પૂછવામાં આવ્યા છે. ક્વિઝ પ્રસિદ્ધ થયેલા અંકના પાનામાં જ વ્યવસ્થિત રીતે આપના જવાબ આપેલા વિકલ્પો પૈકી ☑ ની નિશાની કરીને, આ પાનું ✂ કાપીને તમારાં નામ અને સરનામાની વિગત સાથે નીચેના સરનામે, અંક પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસમાં મોકલી આપશો. મળેલા તમામ સાચા ઉત્તરો પૈકી ડ્રો કરવામાં આવશે, અને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાનું નામ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ તેમને પ્રોત્સાહક ઇનામ પણ આપવામાં આવશે.

**'ગુજરાત ક્વિઝ', અંક નં. ૧૪, 'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

૧. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના સૂચન અનુસાર અમદાવાદમાં કેટલા ઑક્સિજન પાર્ક બનાવવામાં આવશે?
(A) ૧૦૦ (B) ૧૦૧ (C) ૧૫૦ (D) ૧૫૧

૨. વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી ૨૦૨૬-૨૯ અંતર્ગત ધોલેરા વિસ્તારમાં કૅપિટલ સબસિડી કેટલા ટકા છે?
(A) ૧% (B) ૧.૫% (C) ૨% (D) ૨.૫%

૩. મુખ્યમંત્રીશ્રીએ સુરતમાં ખાડી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે કેટલી રકમની ફાળવણી જાહેર કરી છે?
(A) રૂ. ૫૦ કરોડ (B) રૂ. ૧૦૦ કરોડ
(C) રૂ. ૨૦૦ કરોડ (D) રૂ. ૫૦૦ કરોડ

૪. વડાપ્રધાનશ્રીના હસ્તે પ્રથમ ચિપ શિપમેન્ટ .......... ની ગ્લોબલ જાયન્ટ રેનેસાસને સુપરત કરવામાં આવી.
(A) જાપાન (B) ચીન (C) ઇન્ડોનેશિયા (D) ઑસ્ટ્રેલિયા

૫. વડોદરામાં યોજાયેલ મધ્ય ગુજરાતની VGRCમાં ......... MoU થયા છે.
(A) ૨૭૫૯ (B) ૩૭૫૯ (C) ૨૫૬૭ (D) ૩૫૬૭

૬. ગુજરાતના કયા જિલ્લાને સ્પોર્ટ્સ ગુડ્સ મૅન્યુફેક્ચરિંગ હબ બનાવવાનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે?
(A) આણંદ (B) ખેડા
(C) છોટાઉદેપુર (D) વડોદરા

૭. GI ટેગ પ્રાપ્ત પટારી હસ્તકલા નીચેનામાંથી કયા જિલ્લા સાથે સંકળાયેલી છે?
(A) વડોદરા (B) કચ્છ (C) રાજકોટ (D) પોરબંદર

૮. વડોદરામાં યોજાયેલ VGRCમાં કુલ કેટલી નવી GIDC સ્થાપવાની જાહેરાત કરવામાં આવી ?
(A) ૫ (B) ૬ (C) ૭ (D) ૮

૯. .... નદી પર બદલપુર કારેલી બેરેજ-કમ-બ્રિજના નિર્માણ માટે રાજ્ય સરકારે રૂ. ૧૭૦૦ કરોડના ખર્ચને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.
(A) નર્મદા (B) મહી (C) તાપી (D) દમણગંગા

૧૦. ટીબી-મુક્ત ભારત માટે કામગીરી કરવામાં 'સ્ટેટ્સ વિથ મૉસ્ટ ઇમ્પ્રુવમેન્ટ' શ્રેણીમાં ગુજરાતનો ક્રમ કર્યો છે?
(A) પ્રથમ (B) દ્વિતીય (C) ત્રીજો (D) ચોથો

૧૧. મુખ્યમંત્રીશ્રીએ 'નમો સ્વચ્છતા અભિયાન' અને 'અમૃતપાન અભિયાન'નો રાજ્યવ્યાપી શુભારંભ ........થી કરાવ્યો હતો.
(A) ભાવનગર (B) નવસારી (C) બનાસકાંઠા
(D) ગાંધીનગર

૧૨. કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતનાં કેટલાં મુખ્ય શહેરોમાં 'ભારત ટેક્સી'નો શુભારંભ કરાવ્યો હતો?
(A) ૧૦ (B) ૧૨ (C) ૧૪ (D) ૧૬

૧૩. વડોદરા VGRC દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ ......... ના રાજદૂત સાથે ફાર્માસ્યુટિકલ એગ્રીકલ્ચર અને રીન્યુબલ એનર્જી તથા ગ્રીન હાઇડ્રોજનના ક્ષેત્રમાં સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ અંગે પરામર્શ કર્યો હતો.
(A) યુક્રેન (B) રશિયા (C) જાપાન (D) મોરેશિયસ

૧૪. ખેતરોમાંથી વીજપોલ પસાર કરવામાં વળતરની નીતિમાં ફેરફાર કરીને વળતરની ગણતરીમાં જંત્રીના બદલે પ્રવર્તમાન બજારકિંમતના .......... ટકા ચુકવાશે.
(A) ૫૦ (B) ૧૦૦ (C) ૧૫૦ (D) ૨૦૦

૧૫. ડિજિટલ ઇન્ડિયાના સંકલ્પને વેગ આપવા રાજ્ય સરકારે ........ ની માહિતીની સુરક્ષા માટે 'વિભાગીય ડેટા સમિતિ'ની રચના કરી છે.
(A) સહકારી બૅંકો (B) ખેડૂતો
(C) દૂધ મંડળીઓ (D) દર્દીઓ

નામ : .................................... સરનામું : ..............................................................................

..........................................................................................................................................

ઈમેલ એડ્રેસ :........................................................ મોબાઈલ નં. :...........................................



# ભૌતિક નોટોથી ડિજિટલ ટોકન સુધી

## ગુજરાતમાં 'ઇ-રૂપિયા'ની ઍન્ટ્રી



**ભાવિકા લીંબાસીયા**

ભારત જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સપનાને સાકાર કરી રહ્યું છે ત્યારે દેશનું ગ્રોથ ઍન્જિન ગુજરાત અગ્રિમ ભૂમિકા ભજવી રહ્યું છે. ભારતીય અર્થતંત્રમાં એક નવું સીમાચિહ્ન ઉમેરાયું છે, જેનું નામ છે 'સેન્ટ્રલ બૅંક ડિજિટલ કરન્સી' (CBDC) અથવા સામાન્ય ભાષામાં 'ઈ-રૂપિયો' (e-Rupee). ગુજરાતના વેપારીઓ, ઉદ્યોગ-સાહસિકો અને સામાન્ય નાગરિકો આ નવી ડિજિટલ વ્યવસ્થાને અપનાવીને કૅશલેસ અર્થતંત્ર તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે.

ઈ-રૂપિયો ભારતીય રિઝર્વ બૅંક દ્વારા બહાર પાડવામાં આવેલું સત્તાવાર અને કાનૂની ડિજિટલ ચલણ છે. જે રીતે આપણી પાસે કાગળની ચલણી નોટો કે સિક્કા હોય છે એવો જ આ રૂપિયો છે. પણ તે ભૌતિક સ્વરૂપને બદલે ડિજિટલ (ઇલેક્ટ્રોનિક) સ્વરૂપમાં હોય છે. ભૌતિક ચલણની જેમ જ ઈ-રૂપિયાનું મૂલ્ય પણ સરખું જ રહે છે. જો તમારી પાસે ૧૦૦નો ઈ-રૂપિયો હોય, તો તેનું મૂલ્ય બજારમાં ૧૦૦ ભૌતિક રૂપિયા જેટલું જ ગણાશે.

**RBI દ્વારા ઈ-રૂપિયાને બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે:** (૧) રિટેલ CBDC (e₹-R): સામાન્ય નાગરિકો, નાના વેપારીઓ અને રોજબરોજના વ્યવહારો માટે છે. (૨) હોલસેલ CBDC (e₹-W): મોટાં નાણાકીય સંસ્થાનો, બૅંકો અને આંતરબૅંક વ્યવહારોની પૂર્તતા માટે ઉપયોગી છે. ઘણા લોકોને પ્રશ્ન થાય છે કે જો ભીમ યુપીઆઇ (UPI), ગુગલ-પે કે પેટીએમ છે જ, તો ઈ-રૂપિયાની શી જરૂર? જોકે આ બંને વચ્ચે મોટા તફાવતો છે :

- ઈ-રૂપિયો એક માધ્યમ નહીં પણ પોતે જ એક ડિજિટલ ચલણ છે, જેને RBI દ્વારા સીધું બહાર પાડવામાં આવ્યું છે.







- ઈ-રૂપિયા માટે તમારે બૅંકખાતાની જરૂર નથી પડતી; કારણ કે, તે સીધું જ ડિજિટલ વૉલેટમાં સંગ્રહ પામે છે.
- ઈ-રૂપિયો સીધો જ સેન્ટ્રલ બૅંક સાથે જોડાયેલો હોવાથી તેમાં બૅંક-સર્વર ફેઇલ થવાની સમસ્યા નહિવત્ રહે છે.
- ઈ-રૂપિયાની સંપૂર્ણ ગૅરંટી ભારતીય રિઝર્વ બૅંક પોતે જ લે છે, તેથી તેમાં જોખમ નથી.
- ઈ-રૂપિયામાં રોકડા રૂપિયાની જેમ જ નાના વ્યવહારો બૅંક સ્ટેટમેન્ટમાં દેખાતા નથી, જેથી તેમાં ગુપ્તતા જળવાઈ રહે છે.
- ઈ-રૂપિયામાં ભવિષ્યમાં ઑફલાઇન સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી ઇન્ટરનેટ વગર પણ ચુકવણી થઈ શકશે.

### ઈ-રૂપિયાના ફાયદા



નોટો છાપવાના ખર્ચમાં બચત | નકલી નોટોના દૂષણનો અંત | સરળ અને ઝડપી વ્યવહારો | ડિજિટલ વૉલેટની સુવિધા

ગિફ્ટ સિટીમાં આ ડિજિટલ ચલણનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય સ્તરના નાણાકીય વ્યવહારો માટે એક વરદાન સાબિત થઈ રહ્યો છે.



# માહિતીનો અધિકાર બે દાયકાની સફર

- અંકુર શ્રીમાળી




માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ને અમલમાં આવ્યાને ૨૦ વર્ષ પૂર્ણ થયાં. આ સિદ્ધિને દસ્તાવેજીકૃત કરવા માટે ગુજરાત માહિતી આયોગે 'માહિતીનો અધિકાર- બે દાયકાની સફર' નામનો સંદર્ભગ્રંથ તૈયાર કર્યો છે. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ વિમોચિત કરેલા આ પુસ્તકમાં RTIના ઇતિહાસ, કાયદા અને અમલીકરણને સમાવવાનો પ્રયાસ થયો છે. આ પુસ્તકની સૌથી મોટી તાકાત તેનું સુગ્રથિત માળખું અને વિષયની માહિતી છે. તેની શરૂઆત RTI કાયદાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિથી લઈ કાયદાની કલમો, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા બનાવાયેલા નિયમો તેમજ વહીવટી આદેશો સુધી વિસ્તરે છે.

આ પુસ્તક ખાસ કરીને ગુજરાત માહિતી આયોગ પર કેન્દ્રિત છે. આયોગની રચના, માળખું, કાર્યપદ્ધતિ, અરજી-નિકાલ બાબતોને સંલગ્ન જાણકારી પુસ્તકમાં આપવામાં આવી છે, જે સરકારી અધિકારીઓ માટે ખાસ ઉપયોગી છે. આ ભાગનો અભ્યાસ તેમને રોજબરોજની RTIની કામગીરીમાં સહાયરૂપ થશે. પુસ્તકમાં મૂલ્યવાન પાસું ચુકાદાઓનો સંગ્રહ છે. સુપ્રીમ કોર્ટ, વિવિધ હાઈકોર્ટ અને કેન્દ્રીય તથા રાજ્ય માહિતી આયોગોના કુલ ૨૦૧ મહત્ત્વના નિર્ણયોનો સાર પુસ્તકમાં છે. કોઈ ચોક્કસ કલમનો ઉપયોગ અને તેનું અર્થઘટન કેવી રીતે થયું છે તે સમજવા માટે આ વિભાગ ખૂબ મહત્ત્વનો છે.

આ પુસ્તકની માહિતી સ્વયમ્ 'ગુજરાત માહિતી આયોગ' દ્વારા સંકલિત હોવાથી માહિતી ૧૦૦ ટકા સત્તાવાર અને વિશ્વસનીય છે. જ્યારે, આ પુસ્તકમાં સરકારી સંસ્થાઓના જ ચુકાદાઓનો સમાવેશ કરાયેલો છે. કાયદો થિયરીમાં નહીં, પણ પ્રૅક્ટિસમાં કેવી રીતે કામ કરે છે તેના પર ભાર મુકાયો છે. તે સરકારી કર્મચારીઓ, સંશોધકો અને સામાન્ય નાગરિકો ત્રણેય માટે માર્ગદર્શિકા તરીકે કામ કરે છે.

પ્રસ્તુત 'માહિતીનો અધિકાર-બે દાયકાની સફર' RTIનો માર્ગદર્શક છે. જો તમે સરકારી અધિકારી/ કર્મચારી એટલે કે PIO- APIO છો, વકીલ છો, કાયદાના વિદ્યાર્થી અથવા સક્રિય RTI કાર્યકર્તા છો અને ખાસ કરીને ગુજરાતના સંદર્ભમાં કામ કરો છો, તો આ પુસ્તક તમારા સંગ્રહમાં હોવું ફરજિયાત છે. આ પુસ્તક માત્ર કાયદાનું પુસ્તક નથી, પણ છેલ્લાં ૨૦ વર્ષમાં નાગરિક અને સરકાર વચ્ચે બદલાયેલા સંબંધનો દસ્તાવેજ છે.

ઉપરાંત આ પુસ્તક સરકારી કચેરીઓ, કાયદા ભણાવતી કૉલેજો, જાહેર અને ખાનગી પુસ્તકાલયોમાં અને દરેક RTI ટ્રેનિંગ સેન્ટરમાં હોવું જરૂરી છે.

**પુસ્તકનાં પ્રાપ્તિસ્થાનો**

**સરકારી પુસ્તક ભંડાર - ભદ્ર, લાલ દરવાજા, અમદાવાદ** ● મો. ૯૮૯૮૬૨૪૦૭૮, ૭૯૮૪૧૬૨૫૬૩

**સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, સરકારી પુસ્તક ભંડાર, આનંદપુરા, કોઠી રોડ, વડોદરા** ● મો. ૮૨૦૦૮૨૮૩૬૫

**સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, સરકારી પુસ્તક ભંડાર, નવી કલેક્ટર કચેરીની બાજુમાં, રાજકોટ** ● મો. ૭૫૬૭૦૨૧૩૪૦

**સરકારી પુસ્તક ભંડાર, હલુરિયા ચોક, ભાવનગર.**

**ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.** ● ફોન નં. ૦૭૯ - ૨૩૨૫૭૩૧૪

**લેખક/પ્રકાશક :** ગુજરાત માહિતી આયોગ

**પ્રકાશન :** એપ્રિલ ૨૦૨૫





# સાગર ખેડુ
# સર્વાંગી વિકાસ યોજના

**દરિયાકિનારાના વિસ્તારોનો સર્વાંગી વિકાસ...**
**સમૃધ્ધ ખેતી, સમૃધ્ધ ખેડૂત, સમૃધ્ધ ગુજરાત**




## યોજનાનો ઉદ્દેશ / હેતુ

ગુજરાત સરકારે રાજ્યના દરિયાકિનારાના વિસ્તારોમાં આવેલા તાલુકાઓના વિકાસ માટે રાજ્યના ૧૩ (કચ્છ, અમદાવાદ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને રાજકોટ) જિલ્લાઓના કુલ ૩૮ તાલુકાઓમાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજનાને ૨૦૦૭-૦૮થી અમલમાં મૂકી છે.

## યોજના અંતર્ગત મળતી સહાય

દરિયાકિનારાના વિસ્તારોમાં સિંચાઇના લાભમાં વધારો, ક્ષાર આગળ વધતો અટકાવવો તેમજ ફળદ્રુપ જમીન બંજર થતી અટકાવીને દરિયા નજીક પીવાના પાણીનો સંગ્રહ થશે અને ભૂગર્ભ જળ રિચાર્જ કરવામાં આવે છે. તેથી દરિયાકિનારાના વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર અટકશે. તેમાં બંધારા, ભરતી નિયંત્રણ, રિચાર્જ તળાવો, સ્પ્રેડિંગ ચેનલ, દરિયાથી ધોવાણ અટકાવતી યોજના, સિંચાઇ યોજનાઓ, અને ચેકડેમ તથા તળાવો ઊંડાં કરવાની કામગીરીનો સમાવેશ થાય છે.



બંધારા



ભરતી-નિયંત્રણ



રિચાર્જ તળાવો



સ્પ્રેડિંગ ચેનલ



સિંચાઈ યોજનાઓ



ચેકડેમ તથા તળાવો ઊંડાં કરવાં

## અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ



મજબૂત કિનારો
સમૃદ્ધ ગુજરાત

જળ સંરક્ષણ | સિંચાઈમાં વધારો | ઊપજમાં વધારો | સ્થળાંતરનો અટકાવ

# વાઈબ્રન્ટ વડોદરા




Published on Date : 16-07-2026. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026 • Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by Commissoner of Information on behalf of Commissonerate of Information, Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

To,

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય :-
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦